
કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ
વર્ષ ૩૯મું • અંક ૧લો • જાન્યુઆરી ૧૯૬૨ ૪૫૭
તંત્રી • બચુભાઈ રાવત

આશા અને સફલતાના દેદીપ્યમાન તારકની જેમ જે રાષ્ટ્રના તેઓ અર્ધી સદી સુધી ઘડવૈયા અને માર્ગદર્શક બની રહ્યા તેના પિતા રૂપે તેઓ જીવ્યા અને મર્યા.

આપણે એમને એક વયોવૃદ્ધ પુરુષ તરીકે યાદ નહિ કરીએ, પરંતુ એક એવી વિભૂતિ રૂપે યાદ કરીશું, જે વસંતની સંજીવની લઈને અવતરી અને નવભારતના જન્મની પ્રતિનિધિ બની.

જીવન એ તેમની મહત્તાનું કાવ્ય હતું, મૃત્યુ એ તેમની મહત્તાનું મહાકાવ્ય બન્યું.





ગોદાવરીતીરે નાશિક — ફોટો : આબીદભાઈ સૈયદ (જુઓ આ અંકના 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાંનો નાશિક વિષેનો શ્રી સુરેશ દીક્ષિતનો માહિતીપૂર્ણ લેખ)

કુમાર

જાન્યુઆરી ૧૯૬૨ · અંક ૪૫૭

ચિત્રો

ગાંધીજી — પૂઠું
ગોદાવરી તીરે નાશિક (ફોટો) આબીદભાઈ સૈયદ — પૂઠું બીજું
સરાણિયો (શિલ્પ) · જનુભાઈ રાવળ — પાન ૧ સામે
રાગબિહાગ (મેવાડી શૈલી) — પૂર્ણરંગી મુખચિત્ર
'મૉડર્ન' શિલ્પકૃતિઓ — પાછલી આર્ટ પટ્ટીમાં
દેવદાસી (શિલ્પ) · અમૃતલાલ સોમપુરા — પાછલી આર્ટ પટ્ટીમાં

કાવ્યો

અગ્નિ-પરીક્ષા — સુન્દરમ્ ૨
ગોરજમલિન પલે — રાજેન્દ્ર શાહ ૨
ક્યાં — પ્રિયકાન્ત મણિયાર ૨
હળવી હવાને હિલોળે — મણિલાલ દેસાઈ ૨
વાત શી છે? — અનવર આગેવાન ૨
બરાબર આમ જ — ઉશનસ્ ૨
કદંબ કેરી ડાળ — 'સરોદ' ૨
વિરાગી — અંબાલાલ ડાયર ૨

ચરિત્ર

જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક) — ૨. મ. રા ૩

વાર્તા

મારો પહેલો અસીલ — મા. ગો. જોશી ૮
ત્રિશંકુ — રિખવદેવ વોરા ૨૮

લેખો

સ્વીડનમાં 'અનિયારા' (રંગ-ગઠરિયાં-૧૩) — ચન્દ્રવદન મહેતા ૧૬
અરડૂસી (ઘરગથ્થુ ઔષધો-૧) — લાભશંકર ઠાકર ૨૦
દૂધ (આહાર અને આરોગ્ય-૨૫) — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૨૬
શતરંજ-૬ — સુરેશ મોદી ૨૯
દિવંગત શ્રી નાનાભાઈ ભટ્ટ — ૨. મ. રા. ૩૧

વિભાગો

વાચકો લખે છે — ૧
સાહિત્યસંપર્ક (સ્વ. પ્રહ્લાદ પારેખ, શબ્દકથા : ચેવડો) — ૧૨
કંકાવટી (નૃત્યાંગના, ટૂંકા વાળની ફેશન) — ૧૫
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૧
કલાવાર્તા (કલાજગતનાં દાદીમા મોઝિઝ, અશ્વોનો આલેખક) — ૨૪
ટિકિટસંગ્રહ (ટાંગાનિકાની ઉહુરુ ટિકિટો) — ૨૫
અથાણું — ૨૫
માધુકરી (ડૅાગ હામરસ્યલ્ડ, મરી, કાકડા, ફૉસ્ફરસ) — ૨૫
ગમરી ગાય—ચાક — ૨૫
જીવી જાણનારા (ક્રે. એસ. કલસીઆ) — ૩૪
આ માસ ઇતિહાસમાં (બ્ય. વિ. : રૅાબિન્સ્ટાઇન) — ૩૬
છેલ્લું પાનું — ૩૭
પત્રમિત્ર — ૩૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે...

[આ વિભાગમાં પ્રકટ થતા જે પત્ર કે ચિત્ર, ફોટોગ્રાફમાં કોઈ મૌલિક વિચાર, સૂચના આદિની સત્ત્વશીલતા તંત્રીને જણાશે તે તારાંકિત થશે અને તેને એક રૂપિયો પુરસ્કાર અપાશે.]

★૪૫૬માં અંકને છેલ્લે પાને આપેલી 'ગણિત-ગમ્મત'માં બે અંકોની જ સંખ્યા શા માટે લેવી? ગમે તેટલા અંકોવાળી સંખ્યા લો તો પણ એ જ પરિણામ આવે છે, તે ૧૧ વડે કોઈ સંખ્યાને ભાગી શકાય કે નહિ એ જાણવા માટેના સહેલાઈથી સાબિત કરી શકાય એવા જાણીતા નિયમને આધારે. નિયમ એ છે કે ગમે તેટલા અંકોવાળી કોઈ પણ સંખ્યાનાં એકી સ્થાનોના ને બેકી સ્થાનોના અંકોના સરવાળા જો સરખા હોય, અથવા સરવાળાઓના તફાવતને ૧૧ વડે ભાગી શકાય, તો એ સંખ્યાને પણ ૧૧ વડે ભાગી શકાય.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

ડિસેમ્બર અંકમાં ૪૬૮મા પાના ઉપર આપેલી 'ગણિતગમ્મત' ઉપરથી એક બીજી ગણિતગમ્મત ખ્યાલમાં આવે છે, કે કોઈ પણ બે આંકડાની સંખ્યામાં તેજ સંખ્યાની ઉલટાવેલી રકમ ઉમેરવાથી જે સરવાળો આવે તેને ૧૧ વડે નિઃશેષ ભાગી શકાશે.

(મુંબાઈ) —શાંતિલાલ તુરખિયા

ડિસેમ્બર અંકમાં હરિશંકર બી. મહેતા લખે છે: 'સપ્ટેમ્બર અંકના પૂઠા પરની છબી હાનિકારક નથી?' અણઘડ હતો ત્યારે હું પણ એવું જ વિચારતો. આજે 'કુમાર'ની કિંમત મારે મન ઘણી મોટી છે. આવાં ચિત્રો કલાદૃષ્ટિએ જોતાં શીખ્યો ત્યારથી વાસનાદૃષ્ટિ જ અદૃશ્ય થઈ ગઈ છે. આજનો ઉત્તેજક યુગ મને કશું કરી શકતો નથી. 'કુમાર'નો આભાર માનું તેટલો ઓછો.

(ભાવનગર) —નિરંજન શાહ

ફારસી અને ગુજરાતી ભાષાના સ્વરોના ઉચ્ચારબંધારણ ભેદે ફારસી છંદોનું અવતરણ ગુજરાતીમાં માત્રામેળમાં થયું છે; અને એનું અંકન (સ્કૅનિંગ) 'દા' તથા 'લ'થી થાય છે, નહિ 'ગા' ને 'લ'થી. એટલે શ્રી અવણકુમાર જયસ્વાલે 'ગાલગાગા' એ પ્રમાણે સંધિ ન બાંધતાં 'દાલદાદા' મૂકવા જોઈતા હતા. વળી 'હરિગીત' સાથે બાંધો લેતાં પહેલાં બૃહદ્‌-વ્યાકરણમાં આવેલા 'હરિગીત' અને દલપત પિંગળની 'હરિગીત'ની સરખામણી કરવા હું એમને સૂચવું છું.

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

ડિસેમ્બર અંકમાં શ્રી ગોકાણીની 'ત્રિમૂર્તિ' વાર્તાનું સંકલન સારું છે પણ સનાતનના કાકા ૧ ('કુમાર' અંક ૪૫૭) દોઢ લાખની માણેકની 'ત્રિમૂર્તિ' ખાલી ઘરમાં, તિજોરી, કબાટ અથવા તાળાચાવી કે બંધ પેટીમાં મૂક્યા સિવાય ને ભત્રીજાને ઘરની ચાવી સોંપીને લાંબા વખત માટે બહારગામ ચાલ્યા જાય એ બુદ્ધિમાં ઊતરતું નથી.

(મુંબાઈ) —દેવજી માવજી ટોપરાણી

આજે અલગ ટપાલથી અમારા 'ગીત-ગઝલ'ના અંકો મોકલું છું. સંજોગવશાત તે બંધ કરવું પડ્યું. તેના ઘણા અંકો મારી પાસે પડ્યા છે. પોતાના જ સર્જનને પસ્તીમાં કાઢી નાખવાનો જીવ ચાલતો નથી.

ફક્ત ટપાલખર્ચ પૂરતી એક રૂપિયાની ટપાલ ટિકિટો મોકલનારને વિનામૂલ્યે હું બધા જ અંકોની એકએક નકલ મોકલીશ. (જ્યાં સુધી —અને જેટલા અંકો હશે ત્યાં સુધી જ). મારી આ વિનંતી વાચકો પાસે મૂકશો?

(ધીવરો-પાટણ) —અનંત ર. વ્યાસ

ડિસેમ્બર અંકમાં મારા નામ સાથે છપાએલું 'પાવો વગાડતો આહીર' એ દીપાવલી અભિનંદનપત્ર મૂળ શ્રી જ્યોતિભાઈ ભટ્ટનું છે, જેનું અમે સિલ્કસ્ક્રીન-પ્રોસેસથી કાર્ડ કાઢેલું છે. ઊભી થએલી ગેરસમજ બદલ ક્ષમા.

(વડોદરા) —જગદીશ સાધુ

મને ઘણી વાર કારણ વગર આંખ પર આંજણી થઈ આવે છે. કબજિયાત કે એવો કોઈ જ રોગ નથી. શારીરિક બીજી ફરિયાદમાં ફક્ત વાળ ઊતરે છે. તો આંજણી કેમ મટાડવી? ડૉક્ટરને બતાવતાં તેણે 'ટેરામાઇસીન' આંખનો મલમ લગાડવાનું કહ્યું છે. તેમના મત પ્રમાણે ચેપ લાગવાથી જ તે વારંવાર થઈ આવે છે. તે આંજણીનું ખરું કારણ છે? મલમ ન લગાડવો હોય તો બીજી કઈ સાદી દવા ઉપયોગી બને? ઉત્તર આપી આભારી કરશો.

(મુંબાઈ) —કુ. જ્યોત્સ્ના કાપડિયા

અંક ૪૫૪માં શ્રી રસીલાબહેન ગાંધીએ માથાના ખોડાનો ઉપચાર માગ્યો છે. દર અઠવાડિયે નાહતાં પહેલાં પાંથીએ પાંથીએ એક આખું લીંબુ સારીરીતે ઘસ્યા પછી અર્ધો કલાક નાહી લેવું. (પ્રયોગ ઓછામાં ઓછા ત્રણ માસ ચાલુ રાખવો.) વાળ સુકાઈ જાય પછી ઘસીને તેલ નાખવું. વાળ ઊતરતા બંધ થશે અને ચમકદાર તથા ઘટ્ટ બનશે. ગયા વરસે આ પ્રયોગ મારા માટે ઘણો જ સફળ નીવડેલો.

(સ્ટૉકહોમ-સ્વીડન) —કુમુદ મેઘાણી

એક વાચક ભાઈના પુત્રને થયેલા C. P. અથવા 'Wilson's Disease' વિષે 'ઑક્ટોબર અને તેની પછીના અંકોમાં વાંચ્યું ત્યારે ઘણા વખત પહેલાં 'Karen' નામનું પુસ્તક વાંચ્યું હતું તે યાદ આવે છે. તેમાં પણ એક પત્રકાર દંપતી તેમની બાળકી કારેનને થએલા આવા રોગની સામે (જેનો ઇલાજ ઘણો દુષ્કર છે) શ્રદ્ધાથી લડી આ રોગ પર વિજય મેળવે છે. પુસ્તક ઘણું જ પ્રેરણાદાયક છે. આપ એ ભાઈનું આ બાબતમાં ધ્યાન દોરશો તો તેમને જરૂર રાહત થશે. મારા ખ્યાલ પ્રમાણે, 'રીડર્સ ડાઇજેસ્ટ'માં તેની સંક્ષિપ્ત આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે અને તેની 'કન્ડેન્સ્ડ બુક્સ'માં પણ તે બહાર પડી છે.

—ર. હિ. કોઠારી

ભાઈ અનિલ દેસાઈના આંતરડાના ચાંદા માટે નીચે પ્રમાણે ઇલાજ કરવાથી ફાયદો થશે:

(૧) આરામ જેટલો શક્ય તેટલો લેવો. વધારેપડતું કામ ન કરવું. તથા ખોટી માનસિક ચિંતા ત્યજી દેવી.

(૨) તીખો તમતમતો ખોરાક તદ્દન બંધ કરવો. થોડુંથોડું ખાવાનું દિવસમાં વધારે વાર લેવું. દૂધ દિવસમાં ત્રણથી ચાર વાર લેવું.

(૩) સિગારેટ પીવાનું વ્યસન હોય તો તે તદ્દન તજી દેવું ખાસ જરૂરી છે.

(૪) દવામાં જેનું કેમિકલ નામ ઍલ્યુમીનિયમ હાઇડ્રૉક્સાઈડ છે ને જે બજારમાં 'ઍલ્યુડ્રૉક્સ' ટીકડી રૂપે અને પ્રવાહી રૂપે મળે છે, તે પ્રવાહી ૧ થી ૨ ચમચી દિવસમાં ૫ થી ૬ વાર બે ભોજન વચ્ચેના સમયમાં લેવું, કે ૧ થી ૨ ટીકડી જમ્યા બાદ અર્ધો કલાકે થોડા પાણી સાથે લેવી ને એક રાત્રે લઈ સૂઈ જવું.

દર્દનું નિદાન જો ખરેખર 'પેપ્ટિક અલ્સર' હશે તો ઉપર પ્રમાણે અનુસરવાથી ખૂબ ફાયદો થશે.

(બૅંગલોર) —જ્યોતીન્દ્ર ચૂડગર

મારા એક મિત્ર છે તે રાત્રે સૂઈ જાય છે ત્યારે ઊંઘમાં તેમના દાંત ઘસાય છે અને ઘણો અવાજ થાય છે. બે ડૉક્ટરનું કહેવું એવું હતું કે તેમને પેટમાં કરમિયા છે. તેની દવાથી કરમિયા દૂર થયા, પણ હજી અવાજ ચાલુ છે. સૂતી વખતે દાંતમાં રૂમાલ રાખવાનું અજમાવ્યું, પરંતુ સૂઈ ગયા બાદ રૂમાલ નીકળી જાય છે. કોઈ બનતી મદદ કરશો?

(મુંબાઈ) —ગિરીશ લ. મહેતા

અગ્નિ-પરીક્ષા

· ઉપજાતિ ·

સુણ્યું ઘણું: અગ્નિતણી પરીક્ષા.

કઇ કૃપા તારી હવી, પ્રભો, કે–
જે દીધ તેં સીત સમી સ્વ-પત્નીને
તે યે અમોને પણ આપ્યું–સ્નેહે.

તો તો ભલે, એ જ બનો–બનો–બનો.

હે અગ્નિ, લે તાવી–જલાવી–બાળી:
સુવર્ણ જે—તે ન ડરે જ લેશ,
સુવર્ણ જે ના—નહિ અર્થ તેહનો.
જલાવવું સૌ અ-સુવર્ણ રૂપ:

હે અગ્નિ દેવા!
રખે થતા મંદ, અશક્ત—આ યે
થઈ શકે આપતણી પરીક્ષા.

સુન્દરમ્

ગોરજમલિન પલે

· ગાન ·

નભનાં સોનલ તેજની માયા ગોરજમલિન પલે;
તંરલ એની ઝાંય ઝિલાતી લહરવિહીન જલે.
તીરના તરુપુંજને માળે
બીડતું વિહગ પંખ,
મોકળા એના ઉરની હવા
ટહુકે લગીર ડંખ.
સૂર તે શમે અસીમ નીરવ તિમિરને અંચલે...
લહરવિહીન જલે.

એકના કને એક રે અગણ
ટમકે તારલકણી,
તમરે ગૂંથી લીધ આ નિઝુમ
રેણું રહે રણઝણી;
કમલફૂલની ગંધ બિધુર પોઢતી રે નિજ દલે...
લહરવિહીન જલે.

રાજેન્દ્ર શાહ

ક્યાં

પરંપરિત

ક્યાં નદી, ક્યાં સરોવર, અને અબ્ધિ ક્યાં!
ક્યાં છજું દાદરા ત્રણ ચડયું—
ફૂલ-દેખાવની તાજી ચૂનેભરી થાંભલી
પાસમાં લટકતી વિહગની જલકૂંડી.
વ્યોમ ક્યાં? સૂર્ય ક્યાં?
તીવ્ર મધ્યાહ્નનથી સસડતું
વાહનોથી નર્યું ખખડતું નગર ક્યાં!
ક્યાં તહીં કૂંડીના જલથકી થાંભલીની પરે
જલ અને પવન ને તેજ ને છાંયની મિશ્ર શી
માછલી ખેલતી ગેલતી સળવળે!

પ્રિયકાન્ત મણિયાર

હળવી હવાને હિલોળે

· ગાન ·

એક હળવી હવાને હિલોળે.
ઉરનો અજંપો મારો ધીરેથી જઇ બેઠો ખીલેલી રાતરાણી ઓળે.
પોતાનાં આજ જ્યારે રૂઠી ગયાં ત્યાં કહો, કોને જઇને તે વાત કહીએ?
ઉરના કાંટા જ રહે વાગી ત્યાં સૈયર 'રી, સેજને તે દોષ કેમ દઇએ?
પાંપણમાં ઘેન, ચેન હૈયે જરા ન તો યે, સૂતાં ઉમંગ કેમ કોળે?
એક હળવી હવાને હિલોળે.
આંખો ઉઘાડું ત્યાં પાછી બિડાઇ જાય જાણે ન હોય શું લાજમણી!
એવી મૂંઝાઇ મરું, નહિ હું તો ઓળખું મારા અંતરની કો લાગણી;
અંધારે અંગ જાણે મારું ભીંજાઇ જતું, ચૈતરની ચાંદનીની છોળે.
એક હળવી હવાને હિલોળે.

મણિલાલ દેસાઈ

વાત શી છે?

· ગઝલ ·

બે ઘડીનો છે તમાસો, વાત શી છે!
નહિ મળે શું રાતવાસો! વાત શી છે!
જિંદગી ને મોતના આ ખેલ કેરો
કોઇ તો આપો ખુલાસો: વાત શી છે?
આયનામાં એ નીરખતાં મુખ ગુલાબી!
રહી રહી નાખે નિસાસો: વાત શી છે?
બાવરાં નયનો, હવે જ્યાંત્યાં ન ભટકો,
કાંક તો ભીતર તપાસો: વાત શી છે?
જે ગયાં લૂટી બધું, તે પાસ બેસી
આપતાં કેવો દિલાસો! વાત સી છે!
આપણે જેને ઉજાસો આપવાના,
લો, અમે લીધો અમાસો, વાત શી છે!
દિલ કહે આવો, ન મ્હારાં કોઇ બેસો,
થઇ જશે સૌના સમાસો, વાત શી છે!

અનવર આગેવાન

બરાબર આમ જ

· શિખરિણી ·

તમે મારી સામે અશી જ વયમાં, આવી જ રીતે
હમેશાં બેસી રહો મુજ નિકટ આવા જ સુસ્મિતે;
અને સામે બેસી મટકું પણ માર્યા વગર હું
તમોને જોઇ રહોં જીવનભર સાશ્ચર્ય પુલકે.
મહારી પ્રીતિના પ્રથમ સપનાશાં મધુરિકે!
તમોને આંકી લૌં હૃદયમહીં પ્યાસી નજરથી.
જરીયે ના હાલો, છબિ તમ જશે કંપી–થડકી
અને મારે પાછું રખડવું થશે રે ભવભવ;
બીજી આવી મુદ્રા સુલભ ફરીથી પામવી નવ,
તમારા હોઠોની મરક પર તો હું રહું ટકી.
ખુદાને છે મારા કસમ, તમને યે; મધુરતા
થવા દો ના ઓછી મુજ ફકીરને ખાતર જરી;
તમારી આપી દો ફિકર મુજને સર્વ, રૂપસી!
અમે મારી સામે ભવભવ રહો આમ જ હસી.

ઉશનસ

કદંબ કેરી ડાળી

કદંબ કેરી ડાળી રે મેં ભીતર ભોમે ભાળી.
મૂળાધારમાં મૂળ છે એનું, સહસ્રારમાં ફૂલ;
ઇડા, પિંગલા, સુષુમણા કંઇ વાહે રસ અણમૂલ:
(કે) એની શોભા રમ્ય રૂપાળી રે—મેં૦
જીવન જમુનાજીના કાંઠે ભાવનું વૃંદાવન;
એમાં અનુપમ વૃક્ષ ખીલ્યું આ, રખવાળો છે મન:
(કે) એની સુરતા સૌમ્ય નિરાળી રે—મ૦
કદંબ કેરી ડાળે બેઠા વાય છે મુરલીગાન,
મુરલીધર મનમોહન પેલો કુંવર કનૈયો કાન:
(કે) મારાં રુંવ રુંવ દેતાં તાળી રે—મેં૦

'સરોદ'

વિરાગી

· ગઝલ ·

જે વહેંચે છે શિખામણની
મૂડી ઔદાર્યથી
એ મૂડી નિજને કદી
ઉપયોગની હોતી નથી.

આંખમાં વસનાર
કીકી છે વિરાગી કેટલી!
એ જુએ છે વિશ્વને,
પણ આંખને જોતી નથી.

અંબાલાલ ડાયર

ઈ. સ. ૧૮૭૪ના ઉનાળાની એક સવારે નવેક વાગ્યે ભાવનગરની ખાડી ઓળંગી એક થાપડો (ખાડીમાં ચાલતી સઢ વગરની પહોળી હોડી જે વાંસડાથી પાર થઈ શકે) સામેના ભાલને કાંઠે થંભ્યો ત્યારે કાળાતળાવ અને ધોલેરાના મુસાફરો સાથે એક પ્રૌઢ બ્રાહ્મણ અને તેનો દશેક વર્ષનો એક પુત્ર કિનારે ઊતર્યા.

પૂરી ઊંચી કાઠીના, શામળા વાનના, પગના લાંબા નળાવાળા એ બ્રાહ્મણના એક હાથમાં લાકડી હતી ને બીજે હાથે ખભા પરનો ખડિયો પકડી રાખ્યો હતો. ઊતરતાંની સાથે તેણે ખડિયો સરી ન જાય એમ ખેસ વતી કેડ પર બાંધી લીધો અને છોકરાને પણ ભેટ બાંધી લેવા કહ્યું. ડોસાએ લાંબી બાંયનું કસોવાળું અડખિયું અંગરખું પહેર્યું હતું ને માથે ચોધારી પાઘોટું હતું. તેની પડછંદ કાયા જેવું જ મોં પણ થોડું ભરેલું હતું. તેમાં પંચકેશ વધારેલા, એટલે આંખો વધુ ડરામણી લાગતી હતી. તેનો અવાજ કરડાતો હતો. છોકરાએ લાંબી બાંયની અરધી બંડી અને ઢીંચણ સુધી પહોંચતી પોતડી પહેર્યાં હતાં. માથે ટૂંકું ફેંટિયું વીંટ્યું હતું. તેનો વર્ણ જરા ઊજળો હતો. ચહેરો પિતાને મળતો હતો, પણ તેમાં પિતાની કર્કશતા જરા ય નહોતી. ઉંમરના પ્રમાણમાં તેનું કાઠું સારું કહી શકાય એવું હતું. એ કાળે તે ઉંમરે લગભગ બધા જ છોકરા એવા હશે.

તેમના દેખાવ પરથી તેઓ ખાનદાન પણ દરિદ્ર હાલતમાં આવી પડેલાં માનવી જેવા લાગતા હતા. ડોસાએ છોકરાને પડકારી કહ્યું: 'મા'શંકર, આપણે બાર વાગ્યે કાળે તળાવ પહોંચી જાશું. ત્યાં સગાને ત્યાં જમી કારવી સાંજે ચાર વાગ્યે આગળ જાશું, ને કાલ સવારે ધોલેરા પહોંચશું ત્યાં તો ખેડુનાં ગાડાં આવ્યાં હશે. પછી ચાલવું નહિ પડે.'

મુસાફરો ભરેલા એક ગાડાની પાછળ તેઓ ચાલવા લાગ્યા. ભાલનો પ્રદેશ, ખારી જમીન ઉપર વરસાદમાં ખેંચાઈ આવીને જામેલા કાંપનો બનેલો છે, એટલે એમાં ક્યાં યે મોટાં ઝાડ જોવા ન મળે. ક્યાંક બાવળિયાની છાયા કે પીલુડીઓનાં ઝુંડમાં બપોરે ઓથ મળે. ચોમેરની ભોમમાં નજર નાખીએ તો આઘેઆઘે જમીનના એકાદ ટીંબા પર છાપરાંનું ઝૂમખું બાઝેલું હોય એટલું જણાય. ત્યાં વળી તળાવડું ખોદી એની પાળ ઉપર ગામલોકોએ શિવ કે માતાનું દેરું કરી પીંપળ કે લીમડાનાં ત્રણ-ચાર ઝાડ ઉછેર્યા હોય. બાજુમાં એક-બે કૂવા કર્યા હોય તેમાં આ તળાવમાં ઝિલાએલા વરસાદના મીઠા પાણીની આવ થાય અને એ ભરાય. ગામ આખાને તે પાણી પીવાનું. આવા પાણીમાં ઘણી ગંદકીનો પાશ લાગવાથી વાળા અને ચામડીના તેમજ પેટના વ્યાધિવાળા માણસો આ ભાલપ્રદેશમાં બહુ જોવા મળે છે. પણ આ કસદાર કાંપવાળી જમીનમાં ચોમાસામાં વગર ખાતરે ઘઉં થાય છે અને કપાસ, મગ તથા મઠના યે મબલખ પાક ઊતરે છે તેથી ભાલની આ જમીન સોનાની ગણાય છે.



છગન રાવળ આજે પોતાના પુત્ર મા'શંકરને પોતાના ગરાસવાળી ગાંફ ગામની જમીન બતાવવા અને ખેડૂતો સાથેનો વહીવટ સમજાવવા લઈ નીકળ્યા હતા. કેટલી યે પેઢીઓથી તેમના કુટુંબમાં લાલ લીટીની જમીન (ગરાસદારોને કરમાફીવાળી ગણાતી જમીન) મળેલી, તે પર તેઓ કુટુંબનો ખર્ચ નિભાવી રહ્યા હતા. જોકે ઓણ સાલ વરસાદની ખોટ રહી ગએલી તેથી ખેડૂતોને પણ મુશ્કેલી હતી, છતાં ભાગમાં જે આવે તે મેળવી લેવાનું હતું. ઉપરાંત તેમને ભાવનગરમાં શેરડીપીઠના ડહેલામાં આવેલાં ખોરડાં બાબત પણ કામ હતું. એ ઘર એમણે મોઢ વાણિયા ભાહુતને ગીરો આપેલાં તે હવે પોતાને કબજેદાર ગણાવતાં ઝઘડો થયો હતો અને વાણિયા લાગવગ વાપરી ઘર પચાવી પાડવાની પેરવી કરી રહ્યા હતા. આ સામે છગન રાવળે ભાવનગરની કોર્ટમાં દાવો પણ કર્યો હતો, છતાં લાગવગવાળા વણિકો તેમના પક્ષમાં ફેંસલો મેળવી જાય એવો ભય હતો એટલે ગાંફ ખાતે રહેતા વડીલ ભવાનીશંકર કાકાને મળી તેમની સલાહ અને સહાય લેવાની પણ ઉમેદ રાખી હતી.

રાવળ ભવાનીશંકર કાકા અને છગન રાવળને ત્રણ પેઢીનું છેટું; પણ મૂળ સ્થાન માંડલ (વિરમગામ પાસે) છોડી બાવળા થઈ ગાંફ આવતાં લગભગ બાર પેઢીઓ થઈ, તેમાં નજીકમાં નજીક પિત્રાઈકાકા ભવાનીશંકર રાવળ હતા; અને તેમને પોતાને કોઇ પરિવાર નહોતો, એટલે આ કુટુંબના તે ખરા કાકા અને મુરબ્બીપદે હતા. તેઓ સારા અનુભવી વૈદ્ય તરીકે પ્રખ્યાત હતા તેથી અમદાવાદથી ભાવનગર સુધીનાં ગામોમાં તથા રજવાડાંમાં તેમની સારી લાગવગ હતી. નાના ગરાસદારોની રાજખટપટમાં પણ તે પડતા હોઈ મુત્સદ્દી વર્ગ તેમને સારી પેઠે પિછાનતો, એટલે ભાવનગરના ખટલામાં તેમની જ મદદ ઉપર મદાર હતો. તેમનાં તેમજ છગન રાવળનાં અસલ ઘર તો ગાંફમાં જ હતાં, પણ તેમની પાંચમી પેઢીના વડદાદા નાનાભાઈ રાવળનું લગ્ન ઘોળકાવાળા હરજીવન જોશીનાં દીકરી સાથે થયું હતું તેમાં ભાવનગરમાં તેમના તરફથી ઘર મળ્યાં હતાં.

હરજીવન જોશીએ ભાવનગર શહેર ઈ. ૧૭૨૩માં વસ્યું ત્યારે તેના જોષ જોઈ તોરણ બંધાવેલું, તેથી ભાવનગરનરેશે તેમને શહેર વચ્ચે દરબારગઢ પાસે શેરડીપીઠના ડહેલામાં ઘર આપેલાં. તે વખતે તેમણે પોતાના ભાણેજો (નાનાભાઈ રાવળના બે પુત્રો ભગવાન રાવળ અને લીલાધર રાવળ) માટે પણ ઘર વસાવેલાં, અને એ રીતે જોશીનું ઘર રાવળો માટે આજ સુધી મામાનું ઘર ગણાતું હતું.

એ લીલાધરના પુત્ર દુર્લભરાય ને તેમના પુત્ર ભવાનીશંકર રાવળ.

નવું શરૂ થતું આત્મકથાનક જીવનપટનાં સ્મૃતિચિત્રો

આ વૃત્તાંત આત્મગૌરવને લેશ પણ પ્રસારવાના હેતુથી લખાયો નથી. મારા જીવનમાં આવી પડેલા યુગપલટા, રાજ્યપલટા, સમાજક્રાન્તિ ને શિક્ષણપ્રયોગોએ તથા કલાપ્રકારોનાં અવનવાં સ્વરૂપોએ મને કૈંક પ્રસંગો, વ્યક્તિઓ અને માનવ-વ્યવહારોનું દર્શન કરાવ્યું છે. તેની નોંધ બને તેટલી સાદશ કરીને ભાવિ પેઢીને ભૂતકાળનો શકય તેટલો પરિચય આપવાના હેતુથી અને તેમાંથી ઊપજેલાં પરિણામો આજના વારસદારોને કંઈ પણ જીવનદર્શન કે માર્ગ-સૂચન આપી શકે તો સાર્થક લેખાય એવી ભાવનાથી એક વિશાળ પટ ઉપરનાં મારાં આ સ્મૃતિચિત્રો ઉતારવાનો મેં આમાં યત્ન કર્યો છે.

મારા જન્મ પહેલાંની અને શિશુકાળની વાતો, બેશક, વડીલો પાસેથી સાંભળેલી નોંધોને આધારે તૈયાર કરી છે. મારા પિતાશ્રીએ પોતે થોડી હકીકત ટપકાવેલી તેનો ઉપયોગ પણ આમાં થયો છે. એની સત્યતાને મેં થોડી કલ્પનાથી મઢીને રોચક કરવા પ્રયત્ન કર્યો છે. તેમાં કોઈ વાર સમયાનુક્રમ કે સ્થળનિર્દેશમાં કંઈ વિસ્મરણ કે સ્ખલન થયું હશે, પણ હકીકત બદલી નથી. ઘણી બાબતો એવી પણ છે કે તેમાં કોઈ સમકાલીન વ્યક્તિ મને સુધારો દર્શાવી કે વધુ માહિતી આપી શકે. આ વૃત્તાંત વાંચ્યા પછી એવી રીતે સહૃદયતાપૂર્વક કોઈ મારા લેખમાં પુરવણી રૂપ કૈં મોકલશે અથવા તેમાં સુધારો સૂચવશે તો હું ખરેખર અનુગૃહીત બનીશ. **ર. મ. રા.**



લેખક અને આલેખક

રવિશંકર મહાશંકર રાવળ

ભગવાન રાવળના પુત્ર હરિભાઈ અને તેના પુત્ર કાનજીભાઈ રાવળ. એમાંથી હરિભાઈ નાનપણમાં ગુજરી ગએલા એટલે કાના રાવળ દાદા હરિભાઈ પાસે મોટા થએલા. તે ગગા ઓઝાની કચેરીમાં કામ કરતા તે બદલ તેમને કણેતું (રાજના કોઠારમાંથી મળતું અનાજ) અને બાર મહિને રોકડા રૂ. ૬૦ મળતા. ગાંફ દરબારોની કન્યાઓ ભાવનગર દરબારમાં હતી તેમના કામકાજ નિમિત્તે આ કણેતું ચાલતું હતું.

ભાવનગરનાં ઘરો પૈકી એક ઘર ભવાનીશંકર રાવળને પણ મળેલું હતું, પણ તેમને પુત્ર વારસ નહિ હોવાથી પાછળથી વેચી નાખેલું. કાનજી રાવળે વાણિયા પોચા પારેખ સાથે સટ્ટો કરી સંપત્તિ ગુમાવી અને ઘરો ગીરો મૂકેલાં ને છેવટે સ્થિતિ અસહ્ય થતાં રાતોરાત ખાડી વટાવી ગાંફ જઇ રહેલા. ત્યાં વડીલોપાર્જિત ગરાસ હતો તેમજ તેમનું સાસરું અને મોસાળ હતું, એટલે આશરો મળ્યો. એમના પુત્ર છગન રાવળનો જન્મ તો ભાવનગરમાં થએલો, પણ આ રીતે ૨૫ વર્ષ ગાંફમાં વીતાવેલાં ને ત્યાં તે ભવાનીશંકર રાવળ પાસે થોડું વૈદું શીખેલા.

મા'શંકરને સાથે લઈ ધોલેરાથી વહેલી પરોઢે ખેડુના ગાડામાં ઊપડેલા છગન રાવળ નવ-દસ વાગ્યે ગાંફ પહોંચ્યા ત્યારે ભવાનીશંકર કાકા ઓસરીમાં ડાયરો જમાવી બેઠેલા. પોતે ગાદી-તકિયા પર બેઠા બેઠા પાસે પડેલી પેટીમાંથી દવાઓનાં પડીકાં બાંધતા હતા અને સાથે બીજા દરદીને મોંએથી ઉકાળા અને ઓસડિયાંના પાઠ લખાવતા જતા હતા.● એક બાજુ મોટાં પાગોઠાં વીંટેલા કરડા ચહેરાવાળા બે-ચાર દરબારો બેઠા હતા. પાછળ ઓરડાના બારણામાં ઘૂંઘટાવાળી ગરાસણીઓ એકબીજીને અડીને બેઠી હતી. બીજી બાજુ વાણિયા-બ્રાહ્મણ જેવા દરદીઓ બેઠા હતા, તો ઓટલા નીચે ખેડુઓ ને કોળી-વાઘરી બેઠા હતા. સામેના કરે ઢેઢ વર્ણનાં એકબે સ્ત્રી પુરુષ બેઠાં હતાં.

ભવાનીશંકર કાકાનું નિદાન વિધાતાના લેખ જેવું ગણાતું અને ઔષધિ સાથે પાળવાની એમની ચરી મોટા તપસ્વીની પણ કસોટી કરે તેવી રહેતી. ઉપવાસો હોય કે ઉકાળા, એમના વૈદાનાં સાધનો અમોઘ હતાં. એમના હાથને ભારે જશ હતો. એમની પાસેની વિદ્યા મેળવવા ઘણાઘણા જુવાનો અને વૈદ્યો એમની ઉપાસના કરતા અને કૈંક અનુભવી ટુચકાઓ લખી જતા. એમના લખાવેલા વૈદકના ગુટકાઓ ઘણા જણ પાસે હતા. સાણંદવાળા વિશ્વનાથ જાની અને કંથારિયાના પ્રહલાદજી વગેરે તો એમની જમાતમાં ગામોગામ સાથે જતા. એ સમયમાં રેલવે લખતર સુધી જ આવી હતી, એટલે ગાંફથી અમદાવાદ જવું હોય તો એ ઘોડાં પર નીકળી પડતા. હમણાં જ એ અમદાવાદના કલેકટરની વહુનો પેટનો રોગ મટાડીને આવ્યા હતા, તેની લોકો વાહવાહ કરી રહ્યા હતા.

આ પળે એક ફિક્કો પડી ગએલો જુવાન એમને નાડ દેખાડી રહ્યો હતો. જોતાં જ ભવાનીકાકા તાડુક્યા : 'એલા, તેં શું કર્યું? કોઇને રંડાવવાને લગ્ન કરી આવ્યો ને? જોતો નથી તારી નાડમાં પિત્તજ્વર ભભૂકી રહ્યો છે? મને બાપડી છોકરીની દયા આવે છે, નહિ તો તને મરવા દેત. હવે જો જીવવું હોય ને સંસાર જોવો હોય તો એક વરસ ભૂલી જજે કે પરણ્યો'તો. મેલ પાણી; તો દવા આપું.' પેલો બિચારો આંસુ



ભવાનીશંકરકાકા ઓસરીમાં દાયરો જમાવી બેઠેલા

સાથે કાકાને પગે પડી ગયો. 'જા બેસ થોડી વાર, દવા આપશું'–કહી કાકાએ તેને આઘે બેસવા નિશાની કરી. ત્યાં બહાર ગાડું આવી ઊભું રહ્યું અને કોઈ બોલ્યું: 'કાકા, ભાવનગરથી છગનભાઈ અને છોકરો આવ્યા.' એટલામાં તો ઊંચી કાયાના છગન રાવળ ઓટલો ચડી આવી કાકાને પગે લાગ્યા અને 'મા'શંકર, દાદાને પગે લાગ' સાંભળી મા'શંકરે પણ દાદા આગળ ગોઠણે પડી પગને હાથ લગાડી વંદન કર્યું.

'આ મારો મા'શંકર? આવ દીકરા, તને જોઇને આંખો ઠરી. નાનો પાંચ વરસનો જોએલો. સારું ગજું કર્યું. હમણાં શું ભણે છે?'

'દાદા, કંઈ બહુ નથી ભણ્યો. મારે મોસાળ દેવગાણે હતો ત્યારે ધૂળી નિશાળમાં વાચતાં-લખતાં ને લેખાંહિસાબ શીખ્યો છું. બાપાએ ઘરમાં બોધવચન મોઢે કરાવ્યું છે ને કોક વાર પુરાણીને ત્યાં સંસ્કૃત શીખવા મોકલ્યો છે. પણ ફાવ્યું નથી. પરમાણંદ દેસાઈ સાથે સરકારી નિશાળે ગયો ત્યાં પહેલી ચોપડીમાં બેસાડ્યો. હું તો એ બધું શીખી ગયો હતો, એટલે ત્યાંથી જમાલભાઇની નિશાળમાં બાપાના ઓળખીતા પ્રભાશંકર માસ્તરે મને પાંચમી ચોપડીમાં બેસાડ્યો છે. પણ મારે તો હવે અંગ્રેજી નિશાળમાં જવું છે.'

'વાહ ભાઈ વાહ; અમે ય આટલું ભણ્યા નહોતા, હોં! પણ દીકરા જો, આ વૈદું તો આપણા ઘરનો ધંધો. તારા બાપને થોડું શીખવ્યું છે, પણ તેનો સ્વભાવ આકળો છે એટલે લોકો હારે ફાવતું નથી. તું જો થોડાં વરસ મારી પાસે રહે ને, તો મારાથી સવાયો બનાવી દઉં. પણ ઈ બધી તો હવે પછે વાત કરશું. હમણાં બાપ-દીકરો વાડીમાં સ્નાન-ધ્યાન કરી પરવારી લ્યો.'

રાત્રે પણ ભવાનીશંકર દાદા પાસે લોકોનું ટોળું હતું જ. વૈદબાપા નાડ જોઈ ગાંધીની કે વગડાની દવા ભળાવી વિદાય કરતા. દસેક વાગ્યે કાકાની સાથે વાત કરવાનો વખત મળ્યો ત્યારે છગન રાવળે પોતાની કથની કહી: 'કાકા, મારે માથે વીતવામાં બાકી નથી. વૈદું કરું છું પણ કાંઈ બરકત નથી. લોકો ગોળીઓ-ઓસડ લઈ જાય છે, ને પૈસા આપતા નથી. હમણાં વળી વરતેજના દરવાજે ગાંધિયાણાની દુકાન કરી છે એટલે મા'શંકરને કહું છું કે હવે નિશાળ મૂકીને દુકાનમાં ધ્યાન દે. પણ એ માનતો નથી. એને તો અંગ્રેજી નિશાળમાં જવું છે. હરિલાલે ય હવે ભણતો થયો છે, પણ મારી હવે જરા ય પહોંચ નથી. તેમાં ઘર બાબતનો ઝઘડો કોર્ટે ચડ્યો છે. ભલું થજો સુંદરજી પારેખનું. એણે સતની પાંખે પોતાનાં સગાની સામે સાખ આપી છે, પણ વકીલો ને અમલદારોનાં મોં ભરવાની શક્તિ નથી એટલે બળાપો થાય છે કે બાપ-દાદાનાં ઘર જશે. હમણાં તો નટભાની શેરીમાં ઘર ભાડે રાખી રહ્યાં છીએ. મા'શંકરનાં બાને રોજ એ લોકો સાથે વઢવાડ થાય છે. મારો ક્રોધ ભૂંડો છે એટલે મને બોલવા દેતાં નથી. પણ હવે તો કાકા તમે આવીને આનો છેડો લાવી આપો.'

કાકાએ શાંતિથી બધું વિગતે સાંભળી લીધા પછી કહ્યું: 'એમાં નરમ થવાનું કાંઈ કારણ નથી. આપણે બ્રાહ્મણો છીએ ને સતને આધારે જ તરવાનું છે. તારે ખેતરોનું કામ હોય તે બે દિવસમાં પૂરું કરી લે. પછી હું તારી સાથે ભાવનગર આવું છું. ઘણા વખતથી ગગાભાઈ (ગગા ઓઝા)* ને મળ્યો નથી તે પણ મળાશે. નાગરોમાં એ એક જાગતી જ્યોત છે. આપણું ખરાબ નહિ થવા દે.'

ભવાનીશંકર કાકા ભાવનગર આવ્યા કે બીજે જ દિવસે સવારમાં દીવાનપરાની હવેલી આગળ જઈ વજેશંકર ઓઝાને સાદ કર્યો. 'વજલ! એ વજલ! ગગા ડોસા ઉપર છે કે નહિ...' વજુભાઇએ ગૅલેરીમાં આવી જોયું તો ગુજરાતી પાઘડીવાળા, ત્રિપુંડધારી, પૂરાં સ્વચ્છ વસ્ત્રોવાળા એક બ્રાહ્મણ ગૃહસ્થ સાદ પાડી રહ્યા છે. પાછળથી ગગાભાઇએ ડોકું કાઢ્યું: 'ઓહો! ભવાનીશંકર રાવળ! આવો આવો, ઉપર આવો.

જા વજલ ઉપર તેડી લાવ.' (પરિચય માટે જુઓ બાજુનું ચોકઠું)

'અરે ઉપર શું આવે? તમારો સામળદાસ (એ વખતે ન્યાયાધીશ હતા) બ્રાહ્મણને અન્યાય કરશે તો તમારે આંગણે લોહી છંટાશે, એટલું ધ્યાનમાં રાખજો. શેરડીપીઠના ડહેલાનાં ઘર તો મારાં છોકરાંનાં છે. વાણિયાએ લાંચથી એનો દાવો ઉલટાવ્યો છે તેની બરાબર તપાસ કરી લો. ફેંસલો આવ્યે ઉપર મળવા આવીશ.'

એ પછી બે જ દિવસમાં દાવાનો ફેંસલો બહાર પડચો કે ઘર બ્રાહ્મણનાં છે ને વણિકોએ તાબડતોબ ખાલી કરી દેવાં. છગન રાવળે ખેતરો પર દેવું કરીને ગીરોના પૈસા ચૂકવી આપ્યા અને પોતાના પંચકેશ દૂર કર્યા. એ પચકેશને લીધે તે 'છગન દાઢી'ના નામે ઓળખાતા.


૨ તેજસ્વી વિદ્યાર્થી

ભવાનીશંકર દાદા સ્વભાવે ઉદાર, સાચાબોલા ને તીખા હતા. એમની ઘણી ઉમેદ હતી કે મા'શંકર પોતાની પાછળ વૈદકનો ધંધો ઉજાળે. એમને રાજી રાખવા કિશોર મહાશંકરે વૈદકના ગ્રંથોના પાઠ પણ કર્યા હતા, પણ મન તેમાં બેસતું નહોતું. એણે ગુજરાતી પાંચમીનાં વ્યાકરણ-અપૂર્ણાંક શીખી ધોરણ પૂરું કર્યું, ત્યાં અંગ્રેજી શાળાના હેડ માસ્તર તરફથી તેની શાળામાં એક નોટિસ આવી, કે તમારી નિશાળના જે છોકરા અંગ્રેજી ભણવા માગતા હોય તેમને પરીક્ષા માટે મોકલશો. મહાશંકર રાવળને દેશી હિસાબ પાકા હતા, સારી રીતે વાંચતાંલખતાં આવડતું હતું અને સ્વાભાવિક ચાલાકી હતી, તેથી ચોથું ધોરણ પાકું પૂરું ન હોવા છતાં માસ્તરે તેમને પણ મોકલી આપ્યા; અને પરીક્ષામાં તે પાસ થઈ ગયા એટલે અંગ્રેજી નિશાળમાં પ્રવેશ મળ્યો.


ગણિત, વ્યાકરણ, ભૂગોળ, ઇતિહાસ આ બધું પહેલાં કંઈ કરેલું નહિ, પણ નવા અંગ્રેજીના અભ્યાસ ઉપર સારું ધ્યાન આપ્યું એટલે ગાડું ચાલવા માંડયું. મહાશંકર રાવળને પિતાશ્રી પાસે કડકાઈ અને કંજૂસાઇથી રહેવાનું હતું, પણ મોસાળ પક્ષે તેમને ઘણો જ લ્હાવ હતો. માતુશ્રી ઝવેલબાનું પિયર શિહોરની ઉત્તરે આવેલા સુંદર ગામ દેવગાણા*માં હતું. તેમના પિતા રણછોડ ત્રવાડીને ખેતર અને આંબાવાડિયાં હતાં. તે કેરીઓ વેચતા નહિ પણ કેરી-ટાણામાં તેમની દીકરીઓનાં બધાં ભાણેજોને બોલાવી કેરીઓ ખવડાવતા. રજાઓમાં મહાશંકર રાવળ ત્યાં પહોંચી જતા ને આંબાની છાયામાં અભ્યાસના પાઠ પાકા કરી નાખતા.

માઇમર પૂરી થઈ ને પરીક્ષા લેવાઈ તેમાં પાસ થતાં મહાશંકરને તુરત સેકન્ડ બુક (બીજા ધોરણ)માં ચડાવી દીધા. પણ ત્યાં બીજા વિદ્યાર્થીઓ તો વર્ષની શરૂઆતથી હતા તેથી તેમની સાથે થવામાં મુશ્કેલી બહુ જણાઈ. એવામા પરીક્ષા આવી અને ઉત્તર વિભાગના ઈન્સ્પેકટર ડૉકટર બુલ્હર સાહેબ પરીક્ષા લેવા આવ્યા. એ ટાંકણે જ તેમને ઓરી નીકળ્યા. પણ પોતાની તૈયારીથી આત્મવિશ્વાસ એટલો કે પથારીવશ હોવા છતાં તેમણે પરીક્ષા આપવાનો આગ્રહ બતાવ્યો, એટલે છગન રાવળ હેડમાસ્તર પ્રાણનારાયણ મયારામની પાસે ગયા અને તેમની મારફતે સાહેબને વાત કરી. બુલ્હર સાહેબને થયું કે આ છોકરો બીમાર હોવા છતાં જો પરીક્ષા માટે આવવા ઇંતેજાર છે તો જરૂર તેનો અભ્યાસ સારો હોવો જોઇએ. તેમણે તો લાગલું જ કહી દીધું કે તેણે પરીક્ષામાં બેસવાની જરૂર જ નથી, પ્રોમોશન આપીશું. આમ તે ઉપરના વર્ગમાં ગયા અને પાછળથી તેમના આજીવન મિત્ર


*દેવગાણા એક ડુંગરની ઓથે વસેલું વહેતી નદીવાળું નિસર્ગનું રમણીય ધામ છે (જુઓ બાજુમાં સ્કેચ). કારટિયા રજપૂતોની ત્યાં ખેતી છે. એ હિંમતવાળા પાણીદાર ગ્રામજનોની સ્ત્રીઓ સુંદર ભરતકામ જાણે છે. નરનારીની સાચી તંદુરસ્તી અને દેહછટા ત્યાં જોવા મળે છે.



ઉપર: ગગા ઓઝા (સી. એસ. આઈ.ના ચન્દ્રક સાથે) અને તેમની ધ્યાનમુદ્રા—જેમાં ગૌમુખ=ગૌરી, મંદિર=શંકર, સૂર્ય=ઉદય, કલમ=નાગરનો મુત્સદ્દીપણાનો પેશો. સંસ્કૃત મુદ્રાલેખ વેદાન્ત માર્ગનો સૂચક છે. નીચે તેમના હસ્તાક્ષરોમાં સહી



શ્રી ગગા (ગૌરીશંકર ઉદયશંકર) ઓઝા ભાવનગરના અવિસ્મરણીય મંત્રીશ્વર હતા. ભાવનગર રાજ્યનો ઉત્કર્ષ કરનાર તે અવતારી પુરુષ ગણાતા. ઈ. ૧૮૦૫માં એમનો જન્મ થયો ને ભાવનગર નરેશ વજેસિંહજીના સમયમાં ૧૮૫૦માં એના દીવાન થયા પછી ચાર રાજાઓની પેઢી સાચવી. ઈ. ૧૮૭૯ના જાન્યુઆરીમાં મહારાજા તખ્તસિંહજીના સમયમાં રાજ્યકારભારથી મુક્ત થયા. રાજ્યનાં ૧૧૬ ગામો પર બ્રિટિશ હકૂમત હતી તે તેમણે દૂર કરાવી. તેમની સેવાની કદરમાં ૧૮૬૬માં મહારાજા જસવંતસિંહજી (તખ્તસિંહજીના પિતા)એ તેમને તુરખા ગામ ગ્રાસમાં આપ્યું. ઈ. ૧૮૭૦માં જસવંતસિંહ દેવલોક પામ્યા ત્યારે તખ્તસિંહજીનું વય ૧૨-૧૩ વર્ષનું હોવાથી સંયુક્ત કારભાર ગગા ઓઝાનો અને મિ. ઈ. એચ. પર્સિવલનો હતો. ૧૮૭૭માં દિલ્હી દરબારમાં ગગા ઓઝાને 'સી. એસ. આઈ.'નું પદ મળ્યું અને ૧૮૭૯માં નિવૃત્ત થયા ત્યાં સુધીમાં તો તેમણે રાજ્યને પ્રથમ પંક્તિમાં લાવી મૂકયું—રાજ્યની ઊપજ ચાર લાખમાંથી ચાળીસ લાખની કરી આપી. ઈ. ૧૮૮૬માં સંન્યાસ લઈ ભગવાં ધારણ કર્યાં અને સચ્ચિદાનન્દ સરસ્વતી નામ ધારણ કર્યું. ૧૮૯૧માં વિદેહ થયા. नृपतिजनपदानां दुर्लभः कार्यकर्ता (વિસ્તૃત ચરિત્ર માટે જુઓ 'કુમાર' ઈ. ૧૯૫૭ પૃ. ૪૭૨)



બનેલા તેમના સહાધ્યાયી ઓધવજી બધેકા પાછળ રહી ગયા.

બીજા ધોરણમાં હાવર્ડની સેકન્ડ બુકનો બીજો ભાગ અને પાઠમાળા ભાગ ૧લો ચાલતો. પાછલું કેટલુંક કાચું-પાકું હતું તેથી બહુ મુશ્કેલ જણાતું. એ વખતે અંગ્રેજી ભણેલા કોઈક જ હોય, એટલે શીખવા પણ કોની પાસે જવું? છતાં મહેનત કરી, ઊંચે નંબરે નામ રાખી માફી ચાલુ રહ્યા. જોકે એ વખતે માસિક ફી તો માત્ર બે આના જ હતી.

એ કાળમાં કુલીન કુટુંબોમાં બાળકોનાં વેવિશાળ ઘોડિયામાં હોય ત્યારથી થઈ જતાં અને કન્યાને ૧૩ વર્ષે પહેલાં સાસરે મોકલી દેવાની માબાપોને ચિંતા રહેતી. મહાશંકર રાવળનું લગ્ન પાલીતાણા પાસે આવેલા મોખડકા ગામના ત્રવાડી નાનજી પ્રાગજીનાં પુત્રી માણેક સાથે થયું. તે વખતે મહાશંકર રાવળનું વય ૧૩ વર્ષનું ને માણેકનું (જેમનું નામ સાસરામાં ઊજમ રાખેલું) વય નવ વર્ષનું હતું.



અભ્યાસ કરવાની સાથેસાથે, વરતેજના દરવાજે છગન રાવળે ગાંધિયાણાની દુકાન કરેલી ત્યાં પણ નાના મહાશંકરને બેસવું પડતું. (જુઓ: ઉપર સ્કેચ) લેસન કરતા જાય અને ઘરાકને સાચવતા જાય. પણ દુકાનમાં કંઈ કસ નહોતો એટલે થોડા સમય પછી તે સમેટી લેવી પડી. આ આર્થિક સ્થિતિમાં મહાશંકરને અભ્યાસની ચોપડીઓ કોઈ પાસેથી માગીને વાંચી લેવી પડતી અને કાગળ-પેન્સિલનો ખર્ચ તે નાગરોના છોકરાઓને ભણાવીને મેળવી લેતા.

બીજી અંગ્રેજીની પરીક્ષા લેવા મિ. જાઈલ્સ આવેલા. તેમાં પણ તે પાસ થયા અને હાઈસ્કૂલમાં ગયા. તે વખતે હાઇસ્કૂલનું મકાન ભાવનગરમાં વડવાના વૉશિંગ ઘાટ પાસે, હાલ કન્યાશાળા છે ત્યાં હતું અને વરતેજનો દરવાજો પસાર કરી ત્યાં જવાતું. હાઈસ્કૂલ શરૂ થઈ ત્યારે એ જગ્યા તૈયાર નહિ થઈ હોવાથી તે મોતીબાગમાં શરૂ કરી હતી. હાઈસ્કૂલના પહેલા હેડમાસ્તર જમશેદજી ઊનવાળા હતા, અને આસિસ્ટન્ટ મીરઝાં મહમદઅલી હતા. મૂળ તે યુરોપિયન હતા. અમદાવાદના રેવરંડ ગિલેસ્પીના તે પુત્ર હતા; પણ પાછળથી મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો હતો. વસ્તુતઃ તો એ મીરઝાં ભાવનગર ઈન્ફન્ટ્રી (પાયદળ સેના)ના ઉપરી હતા અને હાઈસ્કૂલના શિક્ષણમાં મદદ કરતા.

ત્રીજા ધોરણનો અભ્યાસ સારી રીતે કરી પહેલો નંબર લઇને મહાશંકર ફોર્થ સ્ટાન્ડર્ડમાં દાખલ થયા. ત્યાં ટેક્સ્ટ બુક ચેમ્બર્સ મૉરલ બુક અને ઇલિયડ હતાં, અને માસ્તર પ્રતાપરાય ગોવિંદરાય હતા. તેમની પ્રીતિ મેળવી એમણે હમેશાં પહેલો-બીજો નંબર રાખ્યો અને વાર્ષિક પરીક્ષા ડૉ. બુલ્હરે લીધી તેમાં પહેલા નંબરે પાસ થયા.

પાંચમા ધોરણમાં તે વખતે પાઠ્યપુસ્તકમાં લૅમ્બકૃત શેકસપીઅરની કથાઓ (લૅમ્બ્ઝ ટેઈલ્સ ફ્રૉમ શેક્સ્પીઅર) અને કાવ્યમાં 'ડેઝર્ટેડ વિલેજ' હતાં. રેવરંડ વેલ્સની પાઠમાળાનો ત્રીજો ભાગ, ભાંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકા અને ઇતિહાસ-ભૂગોળ યુરોપનાં હતાં—હિંદુસ્તાનનાં નહોતાં. અહીંપણ અભ્યાસ ઊજળો ચાલ્યો, ને માસ્તર મોતીલાલ મોહનલાલ ઝવેરી તેમના પર બહુ પ્રસન્ન રહેતા.

એ સમયના સર્વ શિક્ષકો પોતાના પરંપરાગત પોશાકમાં જ શાળાએ આવતા. પાટલૂન તો માત્ર પારસીઓ જ પહેરતા. વિદ્યાર્થીઓ ટોપીઓ, ફેંટા અને કોઈ વાર પાઘડીઓ પહેરતા. નાગરોના છોકરાઓ ઝીકની ભરેલી ટોપીઓ પહેરી આવતા. મહાશંકર હાઈસ્કૂલમાં હતા ત્યારે મનુભાઈ નંદશંકર (ભવિષ્યના વડોદરાના દીવાન), તેમના ભાઈ માર્કંડરાવ અને વીરચંદ રાઘવજી તેમનાથી આગળ છઠ્ઠા ધોરણમાં હતા, અને ભાવનગરના દીવાન લલ્લુભાઈ સામળદાસ સાતમા ધોરણમાં હતા. તેમની સાથે પાંચમા ધોરણમાં પાનાચંદ જેચંદ (જે ભવિષ્યમાં ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ થયા હતા તે) અને મોરબી, ગોંડળ વગેરેના દીવાનપદે પહોંચેલા રણછોડલાલ પટવારી હતા. પટવારી સાથે તો મહાશંકરને અંગત મૈત્રી બંધાઈ હતી.

૩ તાર-માસ્તર

પાંચમા ધોરણમાં બે-એક માસ થયા એવામાં, ત્યારે નવી બંધાતી ગોંડલ-ભાવનગર રેલવે માટે સિગ્નલરો (તાર-માસ્તરો) તૈયાર કરવાની જરૂર પડી. રેલવેના મૅનેજરે હાઈસ્કૂલના હેડમાસ્તરને લખ્યું કે તમારી પાસેના જે વિદ્યાર્થીઓ તાર-માસ્તર થવા ઇચ્છતા હોય તેમને અરજી કરવાનું સૂચવો. એ રીતે અરજી કરનારાઓમાં મહાશંકર પણ હતા.

મૅનેજરે અરજદારોને રૂબરૂ જોવા બોલાવ્યા. એ વખતે નાના મહાશંકરે મોટામાં ગણાવા માથે ભાવનગરી પાઘડી પહેરી લીધી હતી! મૅનેજરે તો તરત કહ્યું કે તમે વયમાં સૌથી નાના છો માટે ચાલી નહિ શકો. છતાં તેમણે અરજી તો રાખી લીધી અને સરકારી તાર ઑફિસમાં મિ. શીઅર્સને મોકલી આપી. શીઅર્સે બધાને બોલાવીને ડિક્ટેશન લખાવ્યું તેમાં મહાશંકર પહેલે નંબરે આવ્યા એટલે વયનો બાધ જતો કરીને તેમને તાર-આફિસના ટ્રેઇનિંગ કલાસ(તાલીમવર્ગ)માં લીધા.

આથી નિશાળમાંથી રજા માગવી પડી. મોતીલાલ ઝવેરીને બહુ ખોટું લાગ્યું, તેમણે બહુબહુ સમજાવ્યા, પુસ્તકો તેમજ ફી વગેરેની મદદ કરવાનું કહ્યું; જમશેદજી ઊનવાળાએ પણ સમજાવ્યા, પણ કુટુંબની ગરીબી, માથે દેવું અને આવકની જરૂરને લઈ તેમનાથી નોકરીની રઢ છોડી શકાઈ નહિ. ટેલિગ્રાફી ક્લાસમાં ત્રણ માસ મિ. શીઅર્સ પાસે અને પછીથી મિ. રિગ્બી પાસે તાલીમ લીધા બાદ પરીક્ષા થતાં તેમાં મહાશંકર પાસ થયા અને ઈ. ૧૮૮૦ના ડિસેમ્બરની ૧૯મી તારીખે પ્રભાતમાં નોકરી કરવા ઘર છોડી નીકળ્યા. એ વખતે એમની ઉંમર પંદર વરસની હતી.

(ચાલુ)

ડૉ. કૈલાસનાથ કાટજૂ

મારો પહેલો અસીલ

અલ્લાહાબાદ હાઇકોર્ટમાં જ માત્ર નહિ પણ સમસ્ત ઉત્તરપ્રદેશમાં કુશળ વકીલ તરીકે નામના કાઢનાર હાલના મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાનની ઉજ્જ્વલ કારકિર્દીનો પહેલો પાયો કેવા ઉદ્યમ અને ખંત તથા ચીવટ અને ચાતુરીથી પુરાયો તેનું કથાનક

અનુવાદક - માણેકલાલ ગો. જોશી

ઈ. સ. ૧૯૦૯ની સાલની વાત છે. ત્યારે હું સાવ બિનઅનુભવી યુવક હતો. મારી ભરજુવાની હતી અને મિત્રો તથા સોબતીઓમાં પણ હું ખૂબ શરમાળ ગણાતો. કાનપુરની અદાલતમાં મેં વકાલત શરૂ કરી હતી, અને મહામુશ્કેલીએ બાર મહિના પૂરા કર્યા હતા. એક સાંકડી અને ગંદી ગલીમાં ભાડાના મકાનમાં મારી ઑફિસ હતી. ઑફિસના ઓરડાને ટેબલ, ખુરશી વગેરેથી શણગારવાનું ગજું તો મારું ક્યાંથી હોય? તેથી મેં જૂનો ભારતીય ઢંગ અપનાવ્યો હતો. ઑફિસનો સામાન કે જે ગણો તેમાં એક શેતરંજી, એક સૂતરાઉ પાથરણું અને એક મોટો ગોળ તકિયો એટલી જ વસ્તુઓ હતી.

એક દિવસ સવારે શેતરંજી પર પલાંઠી વાળી હું બેઠો હતો ત્યાં કોઈ પણ પ્રકારના શિષ્ટાચાર વિના ચૂપચાપ એક ડોસો અંદર આવ્યો. જંગલી માણસ જેવી ફાટેલી તેની આંખો હતી અને તે ગાંડા જેવો લાગતો હતો. ફાટેલાંતૂટેલાં ચીંથરાં જેવા પોશાકમાં તે અર્ધનગ્ન જેવો હતો અને ખૂબ ઊંચે સુધી તેણે ધોતિયું પહેરેલું હતું. શૂન્યમનસ્કની જેમ તે આવીને બેસી ગયો, મને અને મારા સામાનને નિહાળ્યાં, અને પછી એકદમ બોલ્યો: 'તમે બધાંના કેસ લ્યો છો, તો મારો કેસ નહિ લ્યો?' હું તેની સામે આશ્ચર્યમાં જોતો જ રહી ગયો. એટલામાં તો તેણે બગલમાં દબાવેલી પોટલીમાંથી ટીનનાં બે લંબગોળ ભૂંગળાં કાઢ્યાં. ગામડાંના લોકો મોટે ભાગે આવાં ભૂંગળામાં જ પોતાના કીમતી કાગળો રાખે છે કે જેથી આગ, પાણી ને ઊધઈથી એ સુરક્ષિત રહે. બન્ને ભૂંગળાંનાં ઢાંકણાં ખોલી તેમાંથી ગોળ વાળેલા કાગળોનાં બે ટીપણાં તેણે કાઢ્યાં ને તે મારી આગળ મૂકી કહ્યું: 'આ છે મારો કેસ, તમે એ લ્યો!'

તે વખતે જાણે મારા પર કોઇએ વશીકરણ કરી દીધું હતું. વસ્તુતઃ એ વૃદ્ધ માણસ સાથે તેની ગાંડા જેવી અવસ્થામાં વાત કરવી પણ અસંભવિત હતી. 'તમારો કેસ શી બાબતનો છે' એવું પૂછવાને બદલે એ ટીપણાં મેં ઊચકી લીધાં ને ખોલવાં શરૂ કર્યાં. જોશીની જન્મોત્રીઓ જેવાં એ ખૂબ લાંબાં હતાં, ને વળી ત્યારે હું સંયુક્ત પ્રાંત (હાલના ઉત્તર પ્રદેશ)ની કાયદાની અદાલતોમાં પ્રચલિત એવી ફારસીપ્રચુર ઉર્દૂ ભાષાનો અભ્યાસી પણ નહોતો. મહામહેનતે એ ટીપણાંમાંથી મેં એટલો અર્થ તારવ્યો કે ઈ. ૧૮૪૭ તથા ૧૮૪૯માં કાનપુરના ડિસ્ટ્રિક્ટ જજની અદાલતમાં ચાલેલા કેસની આ નકલો છે. પરમાત્માએ મને પ્રાચીનતા માટે કાંઇક રસ આપ્યો છે; એટલે સાઠ વરસ જૂના એ મામલા પર મારું ચિત્ત સ્થિર થયું. થોડી વાર તો હું એ ડોસાને ભૂલી ગયો અને એ જૂના કાગળોને વાંચી જવાની મેં કોશિશ કરી.

એ અદાલતી લખાણને વાંચતાં જણાયું કે બન્ને કાગળો કાનપુરના ડિસ્ટ્રિક્ટ જજની અદાલતના એક દાવાનાં હુકમનામાં હતાં, જેમાં નદિહાખુર્દ (જિલ્લે કાનપુર)ના કોઈ મહારાજસિંહે ૧૮૪૫માં એવો દાવો કર્યો હતો કે ૧૮૨૪માં તેણે જે જમીન રૂ. ૭૧૦માં કોઇને ત્યાં ગીરો મૂકી હતી તેને હવે ગીરોમુક્ત જાહેર કરવામાં આવે; કેમકે ગીરો રાખનાર અને તેના વારસો પાસે એ જમીન છેલ્લાં વીસ વર્ષ કરતાં પણ વધારે સમયથી હતી અને તેમાંથી જે ઉત્પન્ન આવેલું તેનાથી ગીરોની રકમ તથા તેનું વ્યાજ ભરપાઈ થઈ ગયાં હતાં. ગીરો રાખનારાઓ તરફથી એવો જવાબ આપવામાં આવ્યો હતો કે આ જમીનમાંથી જે ઉત્પન્ન આવ્યું હતું તે એટલું બધું ઓછું હતું કે તેમાંથી ગીરોની રકમનું વ્યાજ પણ પૂરું મળતું નહોતું, તેથી હજી મૂળ મુદ્દલ ને વ્યાજની મોટી રકમ તે જમીન પર લેણી પડતી હતી, માટે આ સંજોગોમાં દાવો કાઢી નાખવો. નીચલી અદાલતે વાદીના લાભમાં હુકમનામું કરી આપ્યું હતું, પરંતુ જિલ્લા જજે પોતાના હુકમ (ટીપણું નં. ૧)માં વધુ તપાસ તથા હિસાબ જોવાનો આદેશ આપ્યો હતો. અને જોકે નીચલી અદાલતને ફરી તપાસ કર્યા બાદ એવું જણાયું કે મૂળ રકમ અને વ્યાજ બધું ભરપાઇ થઇ ગયું હતું, તોપણ જિલ્લા જજે બીજી વારના છેલ્લા હુકમ (ટીપણું નં. ૨)માં નીચલી અદાલતથી જુદા પડી એવો નિર્ણય આપ્યો હતો કે હજી તો વ્યાજ પણ (લગભગ રૂ. ૧૦૫ બાકી નીકળતા હતા) પૂરું ભરપાઇ થયું નહતું, અને એ રીતે દાવો કાઢી નાખ્યો હતો.

એ બન્ને ભૂંગળાં વાંચી રહ્યા બાદ મેં એ ડોસાને પૂછ્યું કે આ જમીન સાથે તેનો શો સંબંધ હતો. તેણે જણાવ્યું: 'જમીન ગીરો મૂકનાર મહારાજસિંહનો હું દીકરો છું. ૧૮૪૫માં મેં જ દાવો કર્યો હતો અને આજે પણ હજી અમને એ જમીન પાછી મળી નથી. જેને ત્યાં સૌપ્રથમ જમીન ગીરો મૂકવામાં આવેલી તેને ત્યાંથી તો તે નીકળી જઇ ચાર પાંચ જગાએ ફરતી ફરતી હાલ એ કાનપુરના એક લક્ષાધિપતિ ઉદ્યોગપતિના કબજામાં છે.' આ છેલ્લા સજ્જનનું કહેવું એવું હતું કે તેમણે જેની પાસેથી જમીન લીધી હતી તેની પાસેથી તેમણે તે અઘાટ (કોઈ પણ બોજા વિના) લીધી હતી ને તેથી હવે તેના પર કોઇનો હકદાવો પહોંચતો નહોતો. ગીરો જેવી કોઈ બાબત હોવાનો તેણે સાફ ઈનકાર કર્યો હતો, અને બધાં સરકારી રેકર્ડોમાં તેને અને તેના પહેલાંના માલિકોને ત્યાં તે અઘાટ જ હોવાની નોંધ હતી. આજે એ જમીનની કિંમત ૧૮૨૪ની કિંમત કરતાં વીસ ગણીથી પણ વધુ થઈ ગઈ હતી.

એ કાગળોના આધારે માલૂમ પડ્યું કે એ ડોસાનું નામ બચ્ચીસિંહ હતું. મેં એની પાસેથી આ અંગેના બીજા કાગળો–જેવા કે ગીરોખતની નકલ, રેકર્ડ ઑવ રાઇટની (હકનોંધણીની) નકલો વગેરે માગ્યાં. તેણે જણાવ્યું કે આ બે ટીપણાં સિવાય તેની પાસે બીજા કોઈ કાગળ ન હતા, એટલું જ નહિ પણ ગીરોખતની નકલ પણ તેની પાસે ન હતી કે જેના પરથી એમ જાણી શકાય કે તેના પૂર્વજોનો આ જમીન સાથે સીધો સંબંધ હતો યા તેમણે પણ કોઈની પાસેથી તે જમીન ગીરો રાખી હતી. તદુપરાંત દીવાની અદાલતમાં ચાલેલા કામકાજના જૂના કાગળો મેળવવાનું પણ અશક્ય હતું, કારણ કે ૧૮૫૭ના બળવા વખતે બધા સરકારી કાગળો બાળી મૂકવામાં આવ્યા હતા.

આથી મેં તેને ધીમેથી કહ્યું કે 'તમારો મામલો તો ભાઈ ઘણો વિકટ દેખાય છે. જરૂરી કાગળો વિના શું થઇ શકે? તમારી પાસે ગીરોખત સુદ્ધાંની પણ નકલ નથી.' પણ એ ડોસો તો મારી એક પણ વાત સાંભળતો જ ન હતો. એ તો ક્યારેક ગળગળા સ્વરે, ક્યારેક રોતાં રોતાં, તો ક્યારેક ઊંચા સાદે એક જ વાતની હઠ લઈને બેઠો હતો કે 'તમે બધાના કેસ લડો છો, લોકો બધી જાતના કેસ લડે છે, પણ મારો દાવો કોઇ જ લડતું નથી. તમે કોઇ મારો દાવો કેમ નથી લડતા? હું

ખૂબ મૂંઝવણમાં પડી ગયો. ત્યાં એકાએક મને વિચાર આવ્યો અને મેં તેને કહ્યુ કે આ બે ટીપણાં તમે અહીં મૂકતા જાઓ. હું ફરી એ જોઈ જઈશ તમે પાછા અહીં આવશો ત્યારે આપણે વધુ વાત કરીશું. આ હાલતમાં ફીની વાત કરવાનો તો પ્રશ્ન જ ક્યાંથી હોય?

એના ચાલ્યા ગયા પછી કોણ જાણે શાથી પણ મને આ મુકદ્દમા પ્રત્યે ખૂબ આકર્ષણ થયું. અને તે જાણે કે મારા મગજ પર ભૂતની જેમ સવાર થઇ ગયો. કચેરીમાં જતી વેળા હું એ કાગળો સાથે લઈ ગયો. ત્યાં બાર-લાયબ્રેરીમાં મેં કાગળો ધ્યાનપૂર્વક અનેક વાર વાંચ્યા. મારા એક નિકટના સાથીને મેં આ દાવાની વાત કરી એટલે એ તો ખડખડાટ હસી પડયો: 'અરે! પેલા ડોસા બચ્ચીસિંહની વાત કરો છો ને? શું એ ગાંડો તમારી પાસે પણ આવ્યો હતો? અરે એ તો ચસ્કેલ છે અને છેલ્લાં દસ વરસથી કાનપુરની અદાલતમાં આ દાવા માટે રખડતો ફરે છે. કોઈ પણ નવો વકીલ તેમાંથી બચતો નથી. એકેએક વકીલને ત્યાં તે ફરી વળ્યો છે. તમે એની જંજાળમાં ન પડશો. એને ફરી દાદરે જ ન ચડવા દેતા એટલે પત્યું.'

પરંતુ કરવા કરતાં કહેવું સહેલું હોય છે. લાખ પ્રયત્ન કરવા છતાં પણ આ મુકદ્દમાથી હું છટકી શકયો નહિ. એ પછી મને બરાબર યાદ નથી કે મેં કેટલાં પુસ્તકો વાંચી નાખ્યાં. મારા મોટા વકીલ (પંડિત પૃથ્વીનાથ)ની લાયબ્રેરીમાં આ કાયદાને લગતું ઘણું સાહિત્ય હતું. કચેરીની લાયબ્રેરીમાં પણ જૂના ચુકાદાઓના ઢગલા હતા. એ બધાં પુસ્તકો, જે જે મને મળી શકયાં તે મેં દિવસો અને અઠવાડિયાંઓ સુધી ફીંદ્યાં જ કર્યાં. એ પુસ્તકોમાં આપેલી સૂચિઓની મદદથી, મારા મુકદ્દમા સાથે સંબંધ ધરાવતા ૧૯મી સદીના બધા ફેંસલા હું જોઈ ગયો. એનું પરિણામ એ આવ્યું કે ઈ. સ. ૧૮૦૦ થી ૧૮૬૦ના ગાળાના પ્રચલિત બધા કાયદાઓ અને તેમની વિધિથી હું પૂરેપૂરો વાકેફગાર થઇ ગયો. આ દરમ્યાન બચ્ચીસિંહ પણ કાયમ મારે ત્યાં આવ્યા કરતો રહ્યો. એણે જોયું કે એના મુકદ્દમાની બાબતમાં હું ખૂબ મન દઈને દૃઢતાપૂર્વક મહેનત લઇ રહ્યો છું. હવે એનું મગજ પણ કાંઇક શાંત પડયું હતું અને આચરણમાં પણ તે પહેલાં જેવો વિક્ષિપ્ત નહિ રહેલો. જીવનમાં તેને આવી સહાનુભૂતિ બતાવનાર આ પૂર્વે કોઇ મળ્યું ન હતું.

પરંતુ માત્ર લુખ્ખી સહાનુભૂતિથી કાંઈ જ બની શકે નહિ. પ્રશ્ન એ હતો કે હવે કરવું શું? એવું ભાસતું હતું કે પાયા વિના જ ઈમારત ઊભી કરવા જેવું આ કામ હતું. હું કાયદાને લગતાં પુસ્તકો અને કાયદાની ટીકાઓનાં પુસ્તકો એટલા માટે વાંચી ગયો હતો કે જૂની વિધિ કેવી હતી તેનું મને જ્ઞાન થાય. ત્યાર બાદ ૧૮૫૭ પછી આ તાલુકામાં રેવન્યુ સેટલમેન્ટ બાબતમાં શું શું બન્યું હતું તે અંગેનું સાહિત્ય તપાસવામાં મેં કેટલા ય દિવસો અને કલાકો તાલુકા કચેરીમાં ગાળ્યા. સંયુક્ત પ્રાંતમાં કાનપુર જિલ્લામાં કાયમી જમાબંધીની પ્રથા પ્રચલિત ન હતી. દર ત્રીસ વર્ષે જમીન મહેસૂલની રકમ નવેસરથી તપાસી નક્કી કરવામાં આવતી. પણ કાનપુર જિલ્લામાં ૧૯૦૧ થી ૧૯૦૫ના ગાળામાં થએલાં રેવન્યુ સેટલમેન્ટમાં બચ્ચીસિંહ કે તેના પિતાના નામનો ક્યાંય ઉલ્લેખ મળતો ન હતો. જે માણસને કબજે હાલ એ જમીન હતી, તેનું નામ એ મિલકતના અઘાટ માલિક તરીકે સરકારી દફતરે નોંધાએલું હતું. આની પૂર્વે ૧૮૭૦–૭૫ના સેટલમેન્ટની નોંધમાંથી ઘણું બધું જાણવા મળતું હતું. મેં અનેક અનુક્રમણિકાઓ, રજિસ્ટરો, સારાંશો તથા અસ્તવ્યસ્ત કાગળો તપાસ્યા અને મને જણાયું કે ૧૮૫૭ પહેલાં જૂના માલિક મહારાજસિંહનું નામ જમીન મહેસૂલના દફતરેથી આ જમીન ગીરો મૂકનાર તરીકે કાઢી નાખી તેની જગાએ ગીરો રાખનારનું નામ સુવાંગ માલિક તરીકે દાખલ કરી દેવામાં આવ્યું હતું. વીસ વર્ષ બાદ ૧૮૭૫માં નવા સેટલમેન્ટ વખતે મહારાજસિંહે આ ફેરફાર સુધારી ગીરો મૂકનાર તરીકે પોતાનું નામ દાખલ કરવા માટે અરજી કરી હતી. જમીનના કબજેદારે ત્યારે જવાબ આપ્યો હતો કે હવે એ જમીન ગીરોના બોજામાંથી છૂટી થઈ ગઈ હતી, કેમકે ૧૮૪૭માં જિલ્લા જજની અદાલતમાં સુનાવણી થયા બાદ મહારાજસિંહ સામે ખર્ચનું જે હુકમનામું થયું હતું, તેની બજવણી થઈ ચૂકી હતી અને એ બજવણીમાં ગીરો મૂકનાર તરીકે તેનો જે હક હતો તે તથા અન્ય હકોનું લીલામ કરવામાં આવ્યું હતું. તેમાં ગીરો રાખનારે એ બધા હક ખરીદી લીધા હતા અને હવે તેનો કોઈ હક રહ્યો ન હતો.

પરતુ આ બધી કાર્યવાહી સેટલમેન્ટ અમલદારની અદાલતમાં જ્યારે થઈ ત્યારે છેલ્લા ચુકાદા માટે રાખેલી તારીખે માલિક તરફથી કોઈ હાજર રહ્યું ન હતું, અને મામલતદારે હુકમ કર્યો હતો કે મહારાજસિંહનું નામ ગીરો મૂકનાર તરીકે સરકારી દફતરે દાખલ કરવું. છતાં ૧૮૭૫ના એ હુકમ પછી કેટલાંક વર્ષો બાદ, કોઈક અગમ્ય કારણસર, તે ફેરવી નાખવામાં આવ્યું હતું અને મહારાજસિંહ તથા તેનું કુટુંબ બધાં રંગભૂમિ પરથી સંપૂર્ણ રીતે અલોપ થઈ ગયાં હતાં!

એ તો સ્પષ્ટ હતું કે જો જિલ્લા જજના મૂળ ચુકાદાને માન્ય રાખવામાં આવે કે ૧૮૪૯માં મૂડી તથા વ્યાજનો થોડોક ભાગ હજી ભરપાઇ થવો બાકી હતો, તો તે પછી હવે છેલ્લાં ૫૭ વર્ષોમાં ગીરોની આખી રકમ સંપૂર્ણ રીતે ભરપાઈ થઈ જવા ઉપરાંત મૂળ માલિકને આપવા માટે એક મોટી રકમ ગીરો રાખનાર પાસે એકઠી થઇ હતી.

બન્ને ટીપણાં ફરી એક વાર ધ્યાનથી વાંચતાં આ દાવા અંગે એક નવો ભેદ જાણવા મળ્યો. એમાં એક હતી સહીસિક્કાવાળી નકલ અને બીજી હતી કાચી નકલ, કે જે ગમે તે રીતે ચેર કરી લેવામાં આવી હશે. ફેંસલા અને હુકમનામાની સહીસિક્કાવાળી નકલો જ કીમતી લેખાય છે, બિન સહીસિક્કાવાળી નકલનું કાયદાની દૃષ્ટિએ કશું મહત્ત્વ નથી હોતું, અને કોઈ પણ અદાલત તેનો પુરાવા તરીકે સ્વીકાર કરતી નથી. પરંતુ અહીં તો વસ્તુસ્થિતિ એવી હતી કે કાચી નકલ જ આ દાવાના પહેલા ફેંસલાની હતી જ્યારે સહીસિક્કાવાળી નકલ તો બીજા ફેંસલાની હતી. પહેલા ફેંસલાની પરંતુ કાચી નકલમાં આ દાવાની આખી હકીકત આપવામાં આવી હતી એટલે કે નીચલી અદાલત તથા જિલ્લા અદાલત બંનેના ફેંસલા એમાં હતા, અને એ બંને ફેંસલામાં ગીરો અંગેની જરૂરી માહિતી હતી; જેવી કે ગીરો મૂકનાર તથા ગીરો રાખનારનાં નામઠામ, તારીખ તથા ગીરોની રકમ વગેરે; પરંતુ સહીસિક્કાવાળી નકલમાં કોઈ પણ અદાલતે આ બધી માહિતીનો પુનઃ ઉલ્લેખ કરવાનું યોગ્ય ગણ્યું નહોતું; એટલે કે આ બધા કાગળોમાંથી જો એ કાચી નકલને કાઢી લેવામાં આવે, તો આ ગીરો સંબંધી ગીરો મૂકનાર અને ગીરો રાખનાર બન્નેનાં નામઠામ, તારીખ વગેરે અંગેની કાંઈ પણ માહિતી ન મળે, કેમકે એ કાચી નકલ સિવાય બીજો કોઈ પુરાવો ઉપલબ્ધ ન હતો.

બન્ને ફેંસલાઓમાં મૂળ રકમ પર વ્યાજનો શો દર લેવો તે સ્પષ્ટ કરવામાં આવ્યું ન હતું. આ મુશ્કેલીનો તો મેં જેમતેમ કરીને નિવેડો આણ્યો, કેમકે ૧૮૦૬માં એક એવો નિયમ કરવામાં આવેલો કે લેણદાર અને દેણદાર વચ્ચેનો હિસાબ કરવા માટે કોઈ પણ અદાલત સેંકડે બાર ટકાથી વધુ વ્યાજના દરનો સ્વીકાર નહિ કરે. એનો અર્થ એ થયો કે ૧૮૨૪ના મૂળ ગીરોખતમાં વ્યાજનો દર ગમે તે હોય પણ અદાલત તો સેંકડે બાર ટકાથી વધારે વ્યાજ ન જ અપાવે.

આ ઉપરાંત, એક બીજી પણ મુશ્કેલી પાર કરવાની હતી, અને તે

મુદતબંધીની. કાયદા મુજબ ગીરો મૂકનારને પોતાની ગીરો મૂકેલી મિલકત ગીરોમાંથી છોડાવવા માટે ૬૦ વરસની અવધ હોય છે. એ અવધ આ કિસ્સામાં ૧૮૮૪માં પૂરી થઈ ગઈ હતી. પણ એમાં એક છૂટ હોય છે ખરી, કે જો ગીરો રાખનાર યા તેના વારસ કે પ્રતિનિધિ લેખિત રીતે દેવાદારને ગીરો મૂકનાર તરીકે તથા મૂળ માલિક તરીકે સ્વીકારતો હોય તો કાયદો એ લખાણની તારીખથી અવધની મુદત ગણવાની છૂટ આપે છે. આવા લેખિત સ્વીકાર માટે મેં, ૧૮૭૫ના જમીન-મહેસૂલના રજિસ્ટરમાં જે ફેરફાર કરવામાં આવ્યો હતો અને મામલતદારે તેમાં જે એવો હુકમ કર્યો હતો કે મહારાજસિંહનું નામ ગીરો મૂકનાર તરીકે અને એક બાઈ કે જેના કબજામાં તે વખતે જમીન હતી તેનું નામ ગીરો રાખનાર તરીકે દફતરે દાખલ કરવું, તેનો આધાર લીધો અને ગીરોની અવધ ત્યાંથી શરૂ થતી હતી તેવું નક્કી કર્યું. એ હુકમ પર મહારાજસિંહ અને ગીરો રાખનાર પર્દાનશીન બાઇ બંનેની સહીઓ લેવામાં આવી હતી. બાઈ તરફથી ગામના પટવારીએ 'મુક્તકોર વતી શિવદયાળ પટવારી'એ રીતે સહી કરી હતી.

આમ આ દાવા અંગેની બધી જ તૈયારી કરી લઇ કાયદા-કાનૂનના અતાગ સાગરમાં કૂદી પડવા હું તત્પર બની ગયો. બીજી બાજુ બિચારો બચ્ચીસિંહ પાઇપાઇ માટે ફાંફાં મારતો હતો એટલે મારે ઓછામાં ઓછા ખર્ચે કામ કરવાનું હતું. પરંતુ સાથે સાથે દાવાની રકમ પણ મારે એટલી મોટી રાખવી હતી કે પહેલી જ અપીલમાં દાવો સીધો હાઇકોર્ટમાં પહોંચે.

બંને ટીપણાં અને ૧૮૭૫ના સેટલમેન્ટની સહીસિક્કાવાળી નકલને આધારે મેં ગીરોને લગતું ખત ફરી તૈયાર કર્યું ને તે આધારે દરખાસ્ત ઘડી કાઢી. મારો દાવો એવો હતો કે વ્યાજનો નિશ્ચિત દર માત્ર સેંકડે બાર ટકાનો હતો. સાથે મારું કહેવું એમ પણ હતું કે જિલ્લા જજના ૧૮૪૯ના ચુકાદાને જ આધાર રૂપ ગણવામાં આવે, જેમાં મૂળ રકમ અને વ્યાજની થોડી રકમ હજી ભરપાઈ કરવાની બાકી હોવાનું ઠરાવવામાં આવ્યું હતું. એ પછી વધુમાં વધુ દસ વર્ષની અંદર વ્યાજ સહિત બધી રકમ ભરપાઈ થઈ જતી હતી. અને તેના અનુસંધાનમાં છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન જેમના કબજામાં આ જમીન હતી, તેમની પાસે એક મોટી રકમ જમા થઈ હતી. આમ કહીને છેલ્લે મેં દાદ માગી કે આ જમીન બચ્ચીસિંહ (મૂળ ગીરો મૂકનારના પુત્ર)ને પાછી અપાવો અને સાથે જ જમીનના ભાડાનો તથા ઉત્પન્નનો બધો હિસાબ કરતાં જે હજારો રૂપિયા તેને મળવા જોઈએ તે પણ અપાવો. મુદતબંધીમાંથી બચવા માટે મેં ૧૮૭૫માં રેવન્યુ સેટલમેન્ટમાં થએલા ફેરફારનો આશરો લીધો, કેમકે એ ફેરફારમાં ગીરો રાખનાર બાઈ ગીરો મૂકનારનો સ્વીકાર કરતી હતી. મૂળ ગીરો રકમ ૭૧૦ રૂપિયાની ગણી તેના પર ૫૩ રૂપિયાનો કોર્ટ-ફી સ્ટૅમ્પ લગાવ્યો અને ત્યાર પછી મેળવવાની રકમના મુદ્દા પર મેં દાવાની કિંમત રૂ. ૫૨૦૦ મૂકી. જેનાજેના કબજામાં આ જમીન ૧૮૨૪થી માંડીને આજ સુધી રહી હતી, તે બધાને તથા તેમના વારસોને મેં પ્રતિવાદીમાં લીધા. એમાં છેલ્લું નામ હતું પેલા લક્ષાધિપતિનું કે જેના કબજામાં હાલ એ જમીન હતી.

કચેરીમાં આ દાવો દાખલ થવાની વાત ફેલાઈ ત્યારે તો વકીલમંડળમાં ખૂબ મશ્કરીઓ થવા માંડી. દરેક જણ એને નર્યું ગાંડપણ જ કહેતું. બચ્ચીસિંહ તો ગાડો હતો, પણ હવે તો તેના નવયુવાન વકીલને માટે પણ એવો જ અભિપ્રાય બાંધવામાં આવ્યો. કોઇએ પણ એ દાવાને ગંભીરપણે લક્ષમાં લીધો નહિ, કેમકે સામાન્ય દૃષ્ટિથી જોતાં તો એ દાવો ટકી શકે એવો જ નહોતો અને તેને લઇને કેટલાક પ્રતિવાદીઓએ તો મુદતને દહાડે કોર્ટમાં હાજર રહેવાની પણ પરવા નહોતી કરી—પેલા લખપતિ મહાશયે જોકે આ દાવો લડવા કાનપુરના મોટામોટા વકીલોને રોકયા હતા. પણ બચ્ચીસિંહનું ભાગ્ય હવે પલટાયું હતું અને એ મોટામોટા વકીલો પણ દાવાની બાબતમાં સાવ નફકરા હતા. ન તો તેમણે કે નતો તેમના અસીલે આ દાવા અંગે ઝાઝું ધ્યાન આપ્યું હતું. ગીરો દસ્તાવેજ તો હતો નહિ એટલે કાયદાની દૃષ્ટિએ દાવો ટકી શકતો નહોતો એમ ગણી એમણે દાવાનું પરિણામ શું આવશે તેનો અગાઉથી જ નિર્ણય કરી લીધો હતો. એ વાતનો તો કોઈને ય ખયાલ નહોતો કે રેવન્યુ સેટલમેન્ટમાં ફેરફારીનો જે હુકમ થયો હતો તે પર ગીરો રાખનારે પોતે હસ્તાક્ષર કર્યા હતા.

હું નથી માનતો કે પ્રતિવાદીઓમાંથી કોઈએ પણ તાલુકા કચેરીએ જઇ આ જમીન અંગેનો એક પણ કાગળ જોવાની જરા પણ તકલીફ લીધી હોય! આ ઉપરાંત તેમણે સૌએ એક બીજી પણ મોટી ભૂલ કરી હતી. બન્ને ટીપણાં બરાબર જોયા વગર જ તેમણે માની લીધું હતું કે એ બન્ને સહીસિક્કાવાળી જ નકલો છે; અને પ્રતિવાદીઓએ તેમના લેખિત જવાબોમાં સ્પષ્ટપણે કબૂલી પણ લીધું હતું કે દાવામાં મેં જે બે પક્ષોનો ઉલ્લેખ કર્યો હતો તેમની વચ્ચે લખેલી તારીખે ગીરો દસ્તાવેજ તો થયો જ હતો. પણ ગીરો અને તેની તારીખ એ બે વસ્તુ કબૂલ કરવા સિવાય એક પણ બાબતનો પ્રતિવાદીઓએ સ્વીકાર કર્યો નહોતો અને દાદ માગી હતી કે જો ગીરો હોય તોપણ તેની અવધ પૂરી થઇ હતી માટે આ દાવો હવે ચાલી શકે જ નહિ.

દાવાની પહેલી સુનાવણી શરૂ થઈ. જજ સાહેબ એક ખુશમિજાજ વયોવૃદ્ધ સર્જન હતા. એ ખૂબ દયાળુ અને વિવેકી હતા. તેમણે દાવાઅરજી વાંચવા માંડી કે લાગલું જ સ્મિત કર્યું. પછી દાવાઅરજી સાથે મેં દાખલ કરેલાં પેલાં બે ટીપણાં તેમણે લીધાં અને ખૂબ ધ્યાનપૂર્વક તે જોઇને એકાએક મને કહ્યું: 'વકીલ સાહેબ, આમાંનું એક ટીપણું તો સહીસિક્કાવાળી નકલ નથી. પછી તમે એને પુરાવામાં શી રીતે રજૂ કરી શકો છો?' હું એ વસ્તુ જાણતો તો હતો, છતાં મેં આશ્ચર્ય પ્રકટ કરતા જણાવ્યું: 'એમ સાહેબ હું જરા તે જોઈ શકું?' તેમણે મને તે આપ્યું અને તેમને વહેમ ન પડે તે માટે ખૂબ ઉત્સુકતાપૂર્વક મેં એ તપાસ્યું ને પછી સાવ બેફિકરાઈ દાખવતાં મેં કહ્યું: 'તો એમાં શું થયું? એ તો સ્પષ્ટ છે કે આ કાગળ બનાવટી તો નથી જ, અને જોકે એ અનધિકૃત અને બિનસરકારી નકલ છે, તો પણ તે અક્ષરશઃ સાચી નકલ જણાય છે. આ દાવાની વિશિષ્ટ હકીકતને ધ્યાનમાં રાખી આપ એને કૃપા કરી પુરાવારૂપે દાખલ રાખવા મહેરબાની કરો. મને ખાતરી છે કે સામા પક્ષને પણ તે માટે કશો વાંધો નહિ હોય.'

હું આટલું બોલી રહ્યો ત્યાં તો પ્રતિવાદીપક્ષ એકદમ ઉત્તેજિત બની ગયો અને જોરજોરથી વાંધા લેવા લાગ્યો. તેમનો વાંધો સાંભળી જ જજે જણાવ્યું: 'એ સ્પષ્ટ છે કે હું એનો પુરાવારૂપે સ્વીકાર કરી શકતો નથી. હું એને નામંજૂર કરું છું.'

જેવી એ નકલ નામંજૂર થઈ કે તેવા જ પ્રતિવાદીઓના વકીલોને તે અંગેની ગંભીરતાનો ખયાલ આવ્યો! તરત જ તેમણે પોતાના અગાઉ રજૂ કરેલા લેખિત જવાબમાં સુધારો કરવાની અને તેમણે ગીરો તથા તેની તારીખનો જે સ્વીકાર કર્યો હતો તે હકીકત પાછી ખેંચી લેવાની અદાલતને અરજ કરી; કેમકે તેમના કહેવા મુજબ નામંજૂર કરેલી એ નકલના આધારે જ તેમણે એ હકીકતનો સ્વીકાર કર્યો હતો.

હવે હતો મારો વારો. મેં તેમની એ અરજીનો ખૂબ સખત વિરોધ કર્યો. મેં જણાવ્યું: 'લેખિત જવાબોમાં જે હકીકતોનો સ્વીકાર કરવામાં આવે છે તેનો બન્ને પક્ષ તરફથી પુરાવારૂપે રજૂ કરવામાં આવતા કાગળો સાથે કશો સંબંધ હોતો નથી, અને આ દાવામાં હકીકતોનો જે

સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો છે તે તદ્દન બિનશરતી છે. પ્રતિવાદીઓએ કરેલી આ સ્પષ્ટ અને અસંદિગ્ધ કબૂલાતોને પાછી ખેંચી લેવાની જો રજા આપવામાં આવશે તો એ ભારે અન્યાય કર્યો ગણાશે.'

હું ચોક્કસ તો જાણતો નથી, પણ સંભવ છે કે જજને મારા ગાંડા અસીલ ને સાથે તેના ગાંડા જુવાન વકીલ પર દયા આવી ને તે દઢ રહ્યા. તેમણે પ્રતિવાદી પક્ષને તેમણે આપેલા જવાબો સુધારવાની રજા ન આપી. જે જે હકીકતોનો તેમણે સ્વીકાર કર્યો હતો તે બહાલ રહી. હવે મને લેશમાત્ર ચિંતા ન રહી કે મારો પેલો કાગળ દાવામાં દાખલ રહે છે કે નથી રહેતો. મારી મતલબ પૂરી થઈ ચૂકી હતી.

દાવામાં જુબાનીઓ તો ઘણા થોડા સાક્ષીઓની હતી એટલે થોડા જ વખતમાં વકીલોની દલીલો શરૂ થઈ. મારે તો દલીલોમાં ઘણું બધું કહેવાનું હતું અને એક લાંબો ઇતિહાસ રજૂ કરવાનો હતો. એ બધો બોજો હું કેવી રીતે સહન કરી શક્યો તે તો આજે પણ હું કહી શકતો નથી, પણ મને ખાતરી છે કે તેનું કારણ મારો આત્મવિશ્વાસ હતો. દાવા અંગે મેં પુષ્કળ તૈયારી કરી હતી અને જજ સાહેબ ખૂબ જ ધીરજવાળા અને સાથે જ દયાળુ હતા, તેથી તેમણે આ નવયુવાન વકીલની લાંબી દલીલો ખૂબ જ શાંતિથી સાંભળી.

દાવાની એક પછી એક બધી ખાઇઓ વટાવતા ગયા બાદ અંતે મુદતબંધીના વિકટ પ્રશ્ન ઉપર દલીલો કરવા માટે મેં અલ્લાહાબાદ હાઇકોર્ટના એક ચુકાદાનો આશ્રય લીધો. મારી દલીલ એવી હતી કે અદાલતે એ માનવું જોઇએ કે બાઈ તરફથી એ ફેરફારીના હુકમ પર સહી કરનાર પટવારી કાયદાની દૃષ્ટિએ અધિકૃત પ્રતિનિધિ હતો અને એમાં કાયદાનો એક મહત્ત્વનો પ્રશ્ન સમાએલો છે, તેથી વિધવાએ સ્વીકારેલી આ કબૂલાત તેના વારસોને પણ બંધનકર્તા હતી. દલીલો દરમ્યાન જજસાહેબ સ્મિત કર્યા કરતા હતા અને એક વખત તો આંખ મિચકારી તેમણે મને કહ્યું પણ ખરું કે 'પંડિતજી, તમે તો પતંગ કાચા તાંતણે જ ચગાવી રહ્યા છો!' પણ હું તેથી લેશમાત્ર ખચકાયો નહિ અને મારા દાવાના સમર્થનમાં મારે જે કાંઇ કહેવાનું હતું તે બધું કહીને જ હું જંપ્યો. મને તે વખતે એમ જ લાગ્યા કરતું હતું કે જાણે બચ્ચીસિંહ અને તેનાં બાળકો મારા કોટનો છેડો તાણી મને કહ્યા કરતાં હતાં કે 'કહ્યે જ જાઓ, કહે જાઓ, અટકશો નહિ!'

બીજી બાજુ પેલા મોટા મોટા વકીલો હસાહસ કરીને આ દાવાને નિરર્થક બનાવવાની મહેનત કર્યા કરતા હતા; પરંતુ તેમને જરા પણ ઉતારી પાડવાની વૃત્તિ સિવાય (આજે તો એ બધા સ્વર્ગવાસી થઈ ગયા છે) હું એટલું તો જરૂર કહીશ કે તેમણે આ દાવાને બચ્ચાંનો ખેલ જ માન્યો હતો ને તે માટે વિચારપૂર્વક તૈયારી કરવાની જરૂર જ માની ન હતી, દલીલો પૂરી થતાં જજે ફેંસલો આપવાની મુદત નાખી.

આ માનનીય જજને એવી ટેવ હતી કે દાવાની સુનાવણી દરમ્યાન ખૂબ જ ધ્યાનપૂર્વક બધી નોંધ કરતા, અને ત્યાર બાદ ફેંસલો આપતાં પહેલાં બધા કાગળો ઘેર લઇ જઇ ફરીથી એકેએક કાગળ વાંચી જઇ દાવાનો અભ્યાસ કરતા. એક મહિનો વીતી ગયો પણ ફેંસલાની બાબતમાં કશા સમાચાર ન મળ્યા. હું ખૂબ મૂંઝાતો હતો; અને મને બહુ આશા પણ નહોતી, કેમકે જજ સાહેબ જોકે દયાળુ માણસ હતા તોપણ દાવાની આખીય સુનાવણી દરમિયાન તેમના તરફથી એક પણ ઉત્સાહવર્ધક ઇશારો નહોતો થયો. તેઓ જે કાંઈ થોડું બોલ્યા હતા તે તો મારા દાવાની વિરુદ્ધમાં જતું હતું.

અચાનક એક મહિના પછી બીજા એક દાવા અંગે મારે તેમની સમક્ષ હાજર થવું પડયું. મને જોતાં જ અનાયાસે સહજભાવે તે બોલ્યા 'પંડિતજી, લાગે છે કે તમારો પતંગ છેવટે તો ઊડવાનો જ!' હું એ સંકેતને સમજી ગયો અને મારું હૃદય ઉછાળા મારવા લાગ્યું, થોડા સમય બાદ ફેંસલો આપવામાં આવ્યો અને તે સાંભળી હું આશ્ચર્યચકિત બની ગયો, કેમકે માત્ર જમીન પાછી આપવાનું જ હુકમનામું નહોતું થયું, પરંતુ સાથોસાથ બધા પ્રતિવાદીઓએ મળીને, ગીરોની રકમ ભરપાઈ થઈ ગયા બાદ જેટલો વખત જમીન તેમના કબજામાં રહી, તેના નુકસાન પેટે બચ્ચીસિંહને વીસ હજાર રૂપિયા રોકડા આપવાનું પણ હુકમનામું થયું હતું! ટૂંકમાં, આ આખીયે રકમ પેલા લક્ષાધિપતિ ઉદ્યોગપતિએ ચૂકવવાની હતી. આ એક દાવાનું હુકમનામું નહોતું, નગદ સોનું હતું! એ સાંભળી મને આનંદ થયો હતો એટલું જ કહેવું પૂરતું નથી. સાચું તો એ હતું કે હું આનંદથી નાચી ઊઠયો હતો. મારા આનંદનો કોઈ પાર ન રહ્યો. મારા મનમાં ત્યારે શા શા વિચારો ઊછળતા હતા તેનું વર્ણન કરવું અશક્ય છે. વકીલમંડળમાં તો જાણે કોઇ અભૂતપૂર્વ ઘટના બની ગઈ હોય એ રીતે બધે મારી ચર્ચા ચાલતી હતી.

ત્યાર બાદ પ્રતિવાદી પક્ષે અલ્લાહાબાદ હાઇકોર્ટમાં અપીલ કરી. ત્યાં પણ બચ્ચીસિંહનું કિસ્મત તેને પડખે ઊભું રહ્યું, માનનીય જજો સમક્ષ જ્યારે અપીલની સુનાવણી શરૂ થઈ ત્યારે એમણે દાવાના જૂનાપણા માટે ખૂબ આશ્ચર્ય પ્રકટ કર્યું! પણ અંતે નીચલી અદાલતનો ચુકાદો માન્ય રાખી અપીલ કાઢી નાખી.

આ મહાન વિજય બચ્ચીસિંહને કેવો ભાસ્યો તેનું વર્ણન કરવા માટે પૂરતા શબ્દો નથી. મને અહીં એક બીજા અસીલે કરેલી વાત યાદ આવે છે. મેં તેને તેના બાપદાદાઓના વખતની જમીનની બાબતમાં ઘરમેળે ફેંસલો કરી લેવાની સલાહ આપી હતી. જવાબમાં તેણે કહ્યું હતું: 'આપ નથી જાણતા કે આપ શું કહી રહ્યા છો. આ જમીન નથી, મારા પૂર્વજોનાં હાડકાં છે!' અને બચ્ચીસિંહ આ મામલામાં નેવું વર્ષ બાદ તેના બાપદાદાની એવી જમીન પાછી મેળવતો હતો! તેણે અને તેનાં બાળકોએ જીવનની આ મહાનતમ ઘટના પર આનંદનાં જે આંસુ વહાવ્યાં હશે તેની હું કલ્પના કરી શકું છું.

જમીન પાછી મળી તેની સાથે જ તેની બુદ્ધિ પણ પાછી આવી. આ ચુકાદાથી તે ડાહ્યો ને સમજુ માણસ બની ગયો. પછી એ જ્યારે પણ મારી પાસે આવ્યો હશે, ત્યારે એ પહેલાંનો ફાટી આંખોવાળો ચીંથરેહાલ ડોસો નહોતો દેખાતો, તે તો હવે સાવ નવો જ બચ્ચીસિંહ બની ગયો હતો: ચોખ્ખાં વસ્ત્રો પહેરી, ચાર નોકરોના ઠાઠમાઠ સાથે (જેમાં એક તેની સામે હોકો ધરી રાખતો) તે આવતો.

તમે પૂછશો કે આ દાવામાં 'તમને' શું મળ્યું? તેણે તમને શું આપ્યું? એ દાવામાં મને જે મળ્યું તેની કિંમત આંકી શકાય તેમ નથી. એણે મને આપી આત્મનિર્ભરતા, તેણે મને આપ્યો આત્મવિશ્વાસ, જેના કારણે હું મારી અંદર વસેલા વકીલને શોધી શક્યો. મને સંપૂર્ણ ખાતરી છે કે વકીલાતના ધંધામાં ભવિષ્યમાં મને જે સફળતા મળી તેના પાયામાં મંડાએલી એ વૃદ્ધ પાગલની શુભ આશિષો પર દઢતા ને સત્યની ઇંટો હતી. આ રીતે બચ્ચીસિંહનો હું બેહદ ઋણી છું. તમે કહેશો કે આ તો બધા લાગણીવેડા છે, ભજકલદારમમાં શું મળ્યું? મારા મત મુજબ તો એ દાવાનો ચુકાદો એ જ મારું સૌથી મોટું ઈનામ હતું. તોપણ બચ્ચીસિંહથી જે કાંઇ બની શકેલું તે તેણે મને આપેલું. દાવાની શરૂઆતથી આખરી તૈયારી માટેના તેણે મને ૩૫ રૂપિયા આપ્યા હતા; અને જ્યારે કાનપુરની અદાલતમાં એ જીત્યો ત્યારે એક દહાડો બહુ શરમાતાં શરમાતાં એણે મારી પાસે આવીને કૃતજ્ઞતાભર્યા શબ્દો સાથે બીજા ૩૫ રૂપિયા આપ્યા હતા. હવે એ ૭૦ રૂપિયાની રકમ સાથે મારી આ વાત લખવાની ખુશીને પણ ઉમેરી દો!

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'ચેવડો'

વસ્તુઓનાં નામ પડે છે તેમને ઓળખવા માટે, એક વસ્તુને બીજી વસ્તુથી જુદી રાખવા માટે. એટલે જ વસ્તુનું જે લક્ષણ સૌથી આગળ તરી આવે—પછી તે આકાર હોય, રંગ હોય, ગુણધર્મ હોય કે ઉપયોગ હોય—તેને અનુલક્ષીને નામ પડે છે. પહોળી તે 'પૃથ્વી', ધારણ કરે તે 'ધરિત્રી', હાથ(=સૂંઢ)વાળું પ્રાણી તે 'હાથી' વગેરે.

'ચેવડો' (બોલીભેદે 'ચીવડો') પણ આ વાતનું સમર્થન કરે છે. મૂળ સંસ્કૃત શબ્દ છે 'ચિપિટ', 'ચિપિટક'; પ્રાકૃતમાં 'ચિવિડય'. અર્થ છે 'પૌંઆ'. ચેવડામાં મુખ્ય ચીજ એ જ છે. પણ 'ચિપિટ', ચિવિડ'નો મૂળ અર્થ 'પૌંઆ' નથી. મૂળે તો તેનો 'દબાવેલું', 'બેઠેલું', 'ચપટું' એવો અર્થ છે. દબાવેલા, ચપટા ડાંગરના દાણા તે 'પૌંઆ'. ચપટાપણાના ગુણ ઉપરથી, ચપટા દેખાવ ઉપરથી 'પૌંઆ'નું નામ 'ચિપિટ' 'ચિવિડ' પડયું.

પણ આ ચપટાપણું કે દાબવા-દબાવવાનો ભાવ બીજી વસ્તુઓમાં પણ લાક્ષણિક રીતે તરી આવે છે, એટલે એ જ મૂળના બીજા પણ કેટલાક શબ્દો આપણને મળ્યા છે. 'ચપટું' એ એક, અંગૂઠો ને આંગળી ભીડતાં થતી 'ચપટી' કે 'ચીપટી' તે બીજો, ચાવતાં કે તોડતાં મુશ્કેલી પડે એવું 'ચવડ' કે 'ચિબ્બડ' ત્રીજો. 'ચિપિટ'ના મૂળમાં 'ચિપ્પ' ધાતુ છે, તે ઉપરથી 'ચીપવું' એટલે દબાવવું અને 'ચીબું' એટલે બેઠેલા કે ચપટા નાકવાળું. પ્રાકૃત 'ચિમિડ' એટલે 'ચપટું', આપણી 'ચીમટી' એટલે 'ચૂંટી' તથા 'ચીમટો' ને તેનો પર્યાય 'ચીપિયો' એ સૌ પણ 'ચિપિટ' ને 'ચિપ્પ'નો જ વસ્તાર છે.

હરિવલ્લભ ભાયાણી

સ્વ. કવિ પ્રહ્લાદ પારેખ

'આજ અંધાર ખુશબોભર્યો લાગતો'

……એવા એવા અસામાન્ય સૂક્ષ્મમધુર ભાવભરી કવિતાના નિરાડંબરી ને નમ્ર, શાન્ત ને સ્વસ્થ, યુવાન કવિ આ માસ(જાન્યુઆરી)ની બીજી તારીખે, ગુજરાતી કવિતાને એવી ખુશબોભરી મૂકીને ચાલ્યા ગયા. જેમના પ્રથમ કવિતા-અક્ષરો પોતાને પાને પડયાનું સદ્ભાગ્ય 'કુમાર'ને મળ્યું છે એવા અનેક પૈકીના એક એ ભાઇ પ્રહ્લાદને હજી છ માસ પર તો મુંબાઈના કવિ-સંમેલનમાં પોતાના સ્વભાવ ને કાવ્ય બંનેનું માર્દવ વહાવતા જોયા હતા; હજી હમણાં જ આપ્તજનોએ એમને વનપ્રવેશનાં અભિનંદન આપ્યાં ત્યારે…

દોસ્તો આવો અંતર મારે
　　　　કરો ડોકિયું આજ,
બાજઠ પર બેઠાં છે એમાં
　　　　બેઉ હરખ ને લાજ;
હસવા માંડી આજ ન પૂરું
　　　　સુખથી પ્રકટ થવાય,
એથી આવી આંખ મહીં એ
　　　　આંસુમાં મલકાય.

એ રીતે એમણે (આખા જીવનભર કર્યું હતું તેમ) આંસુ મલકાવ્યાં હતાં. સ્વસ્થતાના અંચલ પાછળ જીવનના દર્દને આવરી રાખીને એમ કવિતાની મલક પાથરી જનાર એ કવિ, યુવાન પત્ની તથા પરિવારને અને લાંબી મુદતના હૃદયરોગથી પીડાતી વૃદ્ધ માતાને વિલપતાં મૂકી પોતે ટૂંકા હૃદયરોગમાં ચાલ્યા ગયા! ઈ. ૧૯૧૨ના ઑક્ટોબરની ૧૨મી તારીખે



દિવાળીને દિવસે, ભાવનગરની પોરવાડ વણિક જ્ઞાતિમાં એમનો જન્મ. પિતાનું નામ જેઠાલાલ દુર્લભજી પારેખ, માતાનું મેનાલક્ષ્મી.

ભગાની તળાવમાં ધૂળી નિશાળે ભણી, દરબારી શાળામાં પ્રાથમિક શિક્ષણ પામીને દક્ષિણામૂર્તિ સંસ્થામાં નાનાભાઇ ને હરભાઈ જેવા સંસ્કારસિંચકોના હાથ નીચે પાંગર્યા ને ત્યાં જાગેલી સાહિત્યની એમની અભિરુચિ તથા સિસૃક્ષા શાન્તિનિકેતનમાં ગુરુદેવ રવીન્દ્રનાથના વાતાવરણમાં મ્હોરી ઊઠી.

અભિરુચિ સાહિત્યની હોવા છતાં પોત શિક્ષકનું, એટલે ભાવનગરમાં થોડો વખત હરભાઈની ઘરશાળામાં શિક્ષણકાર્ય કરી ૧૯૪૫માં મુંબઈ જઇ વસ્યા અને ત્યાં કવિ રમણ ન. વકીલની મૉડર્ન સ્કૂલમાં જ (સ્વ. કલાકાર ભાનુ સ્માર્તની પેઠે) જીવનના અંત લગી વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે પોતાની મમતા ને કવિતાની ખુશબો રેલાવી ચાલ્યા ગયા.

'સંદેશ'ના અંજલિકારે સરખાવ્યું છે તેમ 'શ્રીધરાણી અને પ્રહ્લાદ બંને એક જ હેડીના કવિ; બંને દક્ષિણામૂર્તિ અને શાન્તિનિકેતનની નીપજ; બંનેએ કવિતામાં પોતીકા અનોખા ઉન્મેષનો પરચો આપ્યો; અને બંનેની વિદાય પણ એક જ ઉમરે ને એક જ સરખા સંજોગોમાં થઇ એ પાછળ વિધિનો કોઇ સંકેત હશે?'

'ગુલાબ અને શિવલી' નામક એક નાની કૃતિ ઉપરાંત, 'બારી બહાર' અને 'સરવાણી'-ના કાવ્યસંગ્રહમાં માનવ હૃદયની ગૂઢ ઉત્સુકતા, નિસ્તલ નિરાશા અને અમોઘ મુદિતાને શબ્દસ્થ કરનાર એ કવિએ દલિતો પતિતોના પીઢા નથી પકડયો, શબ્દપ્રયોગોની ઠરડમરડ નથી કરી, પણ ભાવની નિર્ભરતા, રસની ગહનતા ને સૌન્દર્યાભિમુખતાને લયવાહી વર્ણમાધુર્યથી એ વ્યક્ત કરી ગયા છે, છટકણા ભાવોને પણ યુક્તિથી પકડી શકનાર એ કવિની ઋજુ કરુણ કવિતા 'ગાનનો ગેરુ રંગ' ગાતી ગાતી સૌન્દર્યનો મઘમઘાટ મૂકતી ગઈ છે.

કવિનું મૃત્યુ

ખુશ્બૂભર્યા સ્વર્ગની એક અપ્સરા
સુહામણું તારકતેજ પ્હેરી
ખીલી રહ્યાં ફૂલનું ગીત માણવા
સવારમાં આંહીં હમેશ આવતી.
આજે
સવારમાં એ લયલુબ્ધ અપ્સરા
એવું કયું સાંભળી ગાન ગૈ કે
ઉન્માદમાં ફૂલ જ ચૂંટી લૈ ગૈ!!

નલિન રાવળ

સ્વ. 'નસીમ'

મુંબાઈના એક પત્રકાર, ગઝલકાર ને અભ્યાસી લેખક જ૦ 'નસીમ' (હસનઅલી રહીમ નાથાણી)નું ૫૦ વર્ષની વયે કૅન્સરની બીમારીથી ગઈ ૧૮મી ડિસેમ્બરે અવસાન થયું.

સ્વર્ગસ્થ ૧૯૨૩ થી ૧૯૪૮ સુધી ભારતની ઈસ્માઇલી એસોસીએશનના સપ્તાહિક મુખપત્ર 'ઈસ્માઈલી'ના તંત્રીવિભાગમાં સેવા આપતા રહ્યા હતા. ૧૯૩૩માં એમણે કરેલા ગઝલ-લેખનનો આરંભ અને અરબીમાંથી ફારસી, ઉર્દૂ ને ગુજરાતીમાં ઊતરી આવેલા એ કાવ્યપ્રકારને લગતા, અરબી પિંગળ

વિજયરાય

(જે એ મિત્રવર્ય કૃપા–ને ખેવના–કરશે

જાનુસ[1]ના માનમાં : આ મંગલારંભ, ને હરિકૃપાએ યાવદાયુ નીવડવાનો હોય તો પુનશ્ચ હરિ ૐ, પહેલી જાન્યુઆરીએ થતો હોઈ ને મથાળું રોમન દેવ જાનુસના નામથી બાંધું છું. કૂંચી ને દંડધારી એ સૂર્યપુત્ર બે મસ્તકવાળા–દ્વિમુખી છે : એક જતા ને બીજું આવતા વર્ષ ભણીનું. આ કારણે વર્ષનો પહેલો મહિનો ખ્રિસ્તી પંચાંગમાં એ દેવના નામ પરથી ગણાયો છે. વાચકવૃન્દે વાસરિકા વિષે એમ સમજવું કે આ ક્ષણે મારું કાલ્પનિક મસ્તક સામયિકોના મારા તંત્રીસ્વરૂપને ભૂતકાળમાં વિલીન થતું શાન્ત ગંભીર નયને જોઈ રહે છે; અને જે વાસ્તવિક, તે વૃદ્ધ છતાં ગ્રન્થકાર સહિતના લેખકસ્વરૂપને પ્રસન્ન-ગંભીર વદને આ તથા આવતાં વર્ષોને સ્થિર ચિત્તે વિલોકવા, કાંઈક આત્મજાગૃતિપૂર્વક, ઉદ્યુક્ત છે.

'વૃદ્ધ છતાં?' વળી પુછશો : 'ખતરનાક ગ્રહયુતિ હવે તો પ્રતિ-પળ નજીક, વધુ નજીક ધસી આવે છે છતાં?' હા, છતાં ને છતાં. આ મંડનાત્મક કથનનું કારણ એટલું, કે મારા સરખા દરેકનો પુરુષાર્થી પ્રયત્ન હોય છે મા મૈંઃ એ આદિકાળના આર્યપુરુષોએ માનવજાતિને આપેલા મન્ત્રનું રટણ, બલ્કે આત્મસાતકરણ અર્થે; અને ઉપલું ક્રિયા-વિશેષણ એવી રીતે સમજશો કૃપયા, કે દેહમાંના પ્રાણમય પુરુષનું સંયોજન વિરાટ પ્રાણ સાથે કરવાની ટેવ પાડીએ એટલે અન્તર્યામી જાગે છે, ભયમાત્રનું નિવારણ કરવા સુસમર્થ છે.

આ 'વાચક લખે છે' કે હવે એવી ઊડણ વાતો છોડી ધરતી પર આવવાનો યત્ન (આપણા બંનેના નસીબમાં હોય તો) કરું—જોકે એમાં પણ આત્મા ખાત્માની બલા સહેજે ટળવી કોણ જાણે. 'કુમાર'-માં 'વાચકો લખે છે' એ મથાળાનાં ડિસેંબરી લખાણોમાંનું છેલ્લેથી ત્રીજું ઘોડેસવાર કુમારની મુદ્રાવાળું છે. એ પત્રલેખકને તંત્રીએ આ-પેલો જવાબ બરાબર છે. મારે પ્રસંગોપાત્ત કહેવાનું જે કાંઈક જુદું છે (પૂર્તિરૂપે ગણો તો તેમ), તે આ : કુમારજગતની વેગીલી શક્તિ જેમ પ્રકૃતિવિજ્ઞાનમાં અશ્વથી સૂચવાઇ છે, તેમ કલ્કિ અવતારની સૂચક અપૂર્વ શક્તિ પણ આત્મવિજ્ઞાનની દૃષ્ટિએ શાસ્ત્રોએ અશ્વના પ્રતીકથી જ ચીંધી—ચિહ્નિત કરી છે. આ ભેદી જેવા વાક્યની સ્ફુટતા આમ થાય : કળિકાળના આ અન્તમાં વિરાટ પ્રભુનું પ્રાણમય સૂક્ષ્મ સ્વરૂપ અત્યન્ત તેજીલા તોખારની સવાઈથી યે સવાઈ અમેરિકી ઝડપબંધી-થી જગતમાં સર્જન ને સંહાર કર્યે જાય છે ને કરતું રહેવાનું છે તે કલ્કિ અવતાર થઈ ચૂક્યાની છે અચૂક જ એંધાણી.

'આવશે–આવશે ઘોડલે એક અસવાર' (સુન્દરમ્)

રોદાંની કૃતિ : આ વિષય પર એ જ અંકના 'વાચકો લખે છે' મથાળે વાચક લખે છે તે તંત્રીના ઉત્તર કરતાં મને વધુ સ્વીકાર્ય લાગ્યું છે. ગયાં થોડાં વર્ષ પહેલાં 'કુમાર'નાં બધાં લખાણો–ચિત્રોનું વલણ સહજ ભાવે સંસ્કારસંપત્તિમાન હતું; તે એટલે સુધી કે ચન્દ્રકાન્ત બક્ષીની આવેલી તેવી વાર્તાનું નામ પણ કુમાર કાર્યાલયમાં દેવાની કોઇની દેણ નહોતી. (ખરું ને, તંત્રીમહાશય?) બીજું, બિનનગ્ન લ-ખાણો ને ચિત્રો ને શિલ્પ-ચિત્રો દ્વારા થતી સંસ્કારોદ્‌બોધનરૂપ સે-વાની શક્યતા શું ખૂટી ગઈ છે કે એથી ઊલટા માર્ગો સ્વીકારી, એની વળી વગરપૈસે વકીલાત અત્યાધુનિકતાની 'નવી' દૃષ્ટિ કેળવવાના મોટા નામે કરો છો?[2] અહીં આજે તો દીપોત્સવી 'નવચેતન'માંના રામભાઈ બક્ષીના લેખ 'અણગમતી વાત'નો ઉલ્લેખ જ બસ છે. સાર એટલો કે ગોવર્ધનરામ આદિ જેવા સાહિત્યસ્વામી (કે એવો જ કોઇ કલાધર) મુખ્ય કૃતિના અનુષંગે સહજ મર્યાદાપૂર્વક જિન્સ-વિષય રચનામાં આવવા દે એ એક વાત છે, પણ બીજી ને જુદી જ વાત છે આ૦ મૉરેવિયાની 'સ્રી'ની, તથૈવ 'લૉલિટા' કે 'લેડી ચૅટર્લીઝ લવર'ની; કેમ કે આવી નવલ ફત્રલવાળાઓ તો વસ્તુ જ આખું નાગાઈ-નફ-ટાઈના વિષયથી ખદબદતું કરી મેલે છે. (પણ 'અનંગરાગ'નું શું?...) 'કલાવિવેચનની એક ગૂંચ'માં એ પ્રશ્નનો જવાબ મેં આપેલો તમે 'સાહિત્યદર્શન'માં કે વિશ્વનાથ-ગૂંથી 'નિબન્ધમાલા'માં હમણાં તો વાંચી લેજો; આ પૃષ્ઠોમાં ફરીથી કોઈ વાર (તમારામાંથી કોઇ 'સળી

૧ ઑક્સફર્ડ અને ચેમ્બર્સ કોષોમાં ઉચ્ચાર 'જેનસ' છે.

૨ કૃપા કરીને આ અંકમાં આવેલો આ જ વિષય પરનો એક વાચકનો

ને છંદો વિષે વિશદ છણાવટ કરતા અભ્યાસ-લેખો, પ્રવચનો ને રેડિયો કાર્યક્રમો દ્વારા, એમણે નવોદિત ગઝલકારો અને ગઝલ પ્ર-કારથી અજાણ સાહિત્યકારોને સારું માર્ગદર્શ-ન કરાવ્યું. ગઝલો ઉપરાંત, એમણે ઉમર ખ-ય્યામની રુબાઈયતનો છાયાનુવાદ, કાવ્યો ને ગીતો પણ આપ્યાં અને ઉર્દૂમાં વિકસી રહેલી 'આઝાદનઝમ'ના પ્રકારને સૌપ્રથમ ગુજરાતી-માં એમણે ઉતાર્યો. ગઝલ ને કવિતાના ક્ષેત્રમાં કેટલાક અવનવા પ્રયોગો પણ એમણે કરેલા.

એમની ગઝલોમાં સૂફીવાદની છાંટ તરી આવતી હોઈ એમના વર્તુળમાં એઓ 'આ-ધ્યાત્મિક કવિ' તરીકે જાણીતા હતા.

મુંબઈના ઈસ્માઈલી વેલફેર સાહિત્યમંડળે એમની હયાતીમાં જ એમને રૂા. ૧૦૦૧ની નાણાંથેલી અર્પણ કરી એમનું સન્માન કરેલું. પોતાની પાછળ તે એક વિધવા, એક પુત્રી ને બહોળા મિત્રમંડળને શોક કરતું મૂકી ગયા છે.

[ડૅાન-ગુજરાતી] —નુરૂદ્દીન લુલ્ફ

અખા પછી ગુજરાતને ચાબખા મારનારા જે થોડા નીકળ્યા છે તેમાં વાડીલાલ મોતી-લાલ શાહને લેખવી શકાય. 'જૈનહિતેચ્છુ' અને 'જૈન સમાચાર' દ્વારા સામાજિક દૂષણો સામે જેહાદ ચલાવનારા એ વિચારકે સર્જેલું સાહિત્ય આજે લુપ્તપાયઃ થઈ રહ્યું છે; એને ફરી એક વાર સુયોગ્ય રીતે સંપાદિત કરાવીને જનતા સમક્ષ ધરવાની પ્રેરણાથી 'વા. મો. શાહ સાહિત્ય પ્રકાશન' નામે એક પ્રકાશન-શ્રેણિ સ્થપાઈ છે (પ્રકાશક : દેવચંદજી પ્રકા-શન મંદિર લીંમડી, સંપાદક : ત્રિભુવન વીરજી-ભાઇ હેમાણી). એમાં પાંચ પુસ્તકો પ્રકટ થયાં છે: **વા. મો. શાહની તત્ત્વકથાઓ** માં તત્ત્વબોધક કથાઓ; **વા. મો. શાહનો જીવનસંદેશ**માં કેટલાક મનનીય લેખો; **વા. મો. શાહનો ધર્મસંદેશ**માં ધર્મ ને વિજ્ઞાનનો સમન્વય સમજાવનારા સંખ્યાબંધ લેખો; **વા. મો. શાહનો સંસાર સુધારો** માં વૃદ્ધવિવાહ, બળાત્કારે વૈધવ્યપાલન, અ-બ્રહ્મચર્ય, ખખડધજ ભંગાર, જ્ઞાતિબંધનો આદિ નામક સામાજિક અનિષ્ટોની સામેની જેહાદના લેખોનો સંગ્રહ; અને **વા. મો. શાહનું રાજકારણ**માં કેટલાક રાજકીય પ્રવાહોનું નીડર પૃથક્કરણ છે. આ પાંચ પુ-સ્તકોનાં ૧૪૧૪ પાનાંમાં એ 'પ્રેમની આગના તણખા' જેવા ઉગ્ર સમાજ-સુધારકના જે લેખોનો સમાવેશ કરેલો છે તે બહુ અભ્યસ-નીય છે. પાંચે પુસ્તકોની છૂટક કિંમત અનુક્રમે ૩-૦૦, ૩-૫૦, ૩-૦૦, ૪-૫૦ ને ૫ ૦૦ રૂપિયા છે. પ્રાપ્તિસ્થાન : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, તિલક રોડ, બોરીવલી (પશ્ચિમ) મુંબાઇ-૬૬. આ જ પ્રકાશકો તરફથી કવિવર્ય

…ની વાસરિકા

…તો દર મહિને નિયમિત ચાલુ રહેશે)

કરશો' તો તો ખાસ) એ વિષય ઊંચકું ત્યાં લગીમાં.

ઠાકોર–દશાબ્દી : બીજી જાન્યુઆરીએ દશ વર્ષ પર તેમનું દેહાવસાન થયું ત્યારે આપણા યશોધરમએ તેમને પ્રાચીન કાળના મહાન ઋષિઓની યાદ આપે તેવા કહી બિરદાવ્યા હતા. તે એવી યોગ્ય પ્રશંસાને પાત્ર હતા એવું દર્શાવનાર તેમનું ચરિત્ર ગયા દાયકામાં કેમ કોઇએ નહિ લખ્યું હોય?[૩] વડોદરાના શારદાપીઠે તેમના પ્રત્યેનું પ્રજાનું ઋણ ફેડવા ઠીક પ્રયાસ કર્યો છે. એ જ બૃહત્સંસ્થા, ૧૯૬૯માં તેમની જન્મશતાબ્દી આવશે ત્યાર લગીમાં, જડ રૂઢિવશતાને બેધડક નેવે ચઢાવી, આખી ય ઠાકોર-પત્રધારા પ્રગટાવી દે ને અધિકૃત ચરિત્રગ્રંથ પણ પ્રજાને સાદર કરે તો કેવું સારું! (આમ કહેતાં કહી નાખું તો છું, પણ સંભાળજો હો સાંડેસરા! કે૦ હ૦ ધ્રુવને અંગે કોવચ શો સ્વાદિષ્ટ અનુભવ આવી બાબતમાં બચુભાઈ [વિલોચન] ધ્રુવને થયો છે તેના ભોગ તમો ભોગીલાલ વળી કયાંક બની જાવ નહિ. ખબરદાર!)

ખબરદાર સ્મારક ગ્રન્થ ભારે મુસીબતો પાર કરી બહાર પાડનાર હર્ષદરાય દેસાઈ તથા એમના સાથીઓને અભિનન્દન. ચન્દ્રશંકર પંડયાએ ત્યારના અનુકૂળ સંજોગોમાં કવિજીવનના કનકપર્વે ૧૯૩૧માં અધ્યયનગ્રન્થ કહેવા જેવો ગૌરવગ્રન્થ તેમના ચરણે ધર્યો હતો, તેની પૂર્તિરૂપ આ નવો સંગ્રહ બન્યો છે. એમાંના સાહિત્યપરિષદીય પત્રો છાપવા જોઈતા નહોતા, એ પત્રો વિના 'ઊણો' એ રહી જાત નહિ, એવી ટીકા વગર-સહીના લખાણમાં 'કલમ અને કિતાબ'-પૃષ્ઠે થઇ છે. માનું છું કે એ ટીકા ગઇ કાલ સુધીના સા૦ પરિ૦–ધુરંધરોની શેહમાં તણાઇને કરનારે કરી છે. ભવિષ્યના અદબે તવારીખનવેશને એ પત્રપ્રકાશન ઉપયોગી સામગ્રી આપવાનું; એ રીતે જોતાં, નીડર પત્ર-પ્રકાશકોને ધન્યવાદ ઘટે છે.

આકાશવાણી પ્રત્યે પ્રતિ-વાણી : અમે (એટલે સદ્‌ગત 'માનસી'ના હજી નહિ સદ્‌ગત ને નહિ દુર્ગત એવા તંત્રી) આ કંડિકા ગુજરાતીમાં પ્રસારણ કરનારાં રેડિયો-ઘરોની પ્રતિકૂળ પણ કર્તવ્યપ્રેરિત ટીકા આજથી (જાન્યુ. ૭) કરવી શરૂ કરીએ છીએ તે આપની પ્રવૃત્તિમાં જેટલું સારું છે તેની અવગણના કરવા સારુ નહિ; પણ જે નરસું છે, સર્વ નિષ્પક્ષ, સૂક્ષ્મદર્શી, કર્તવ્યરત વિવેચકને બલ્કે એવા પ્રત્યેક નાગરિકને જે એવું લાગતું હોય છે, લાગ્યાનું અમે જાણીએ છીએ, તે આપના ધ્યાન પર (આપનાં પગાર ને પદવી પ્રજા તરફથી આપને મળ્યાં હોઈ ને) લાવવા માટે : (૧) ગઈ સોળમી ઑકટોબરે પ્રજ્ઞા નામની કોઈક નાદાન છોડી વિષેની શ્રુતિકા અમદાવાદથી પ્રસારાઈ, તે આપની પ્રતિષ્ઠાને જેબ આપે તેવી કે ના, લાંછન લગાડનારી? (૨) સૌ. શારદાબહેન સુ. મહેતા સરખાં વિચારશીલ સન્નારીએ થોડા વખત પર 'જ્યોતિર્ધર'માં આપના સંચાલનનાં અમુક અંગો સામે વાજબી ફરિયાદ કરેલી તેનો કશો પ્રતીતિજનક ખુલાસો છે? અમારા વાચકોને તો હાલને કાજ એટલું જ કહેવાનું કે તમારા ગામમાંની શાળા–મહાશાળાઓ તથા સાહિત્યસભા, લેખકમિલન, પુસ્તકાલયો વગેરેની ખાસ બેઠકોમાં એવાં જવાબદાર વાચકવૃન્દ તથા શ્રોતાગણનાં જૂથ રચો, એની સાપ્તાહિક બેઠકો નિયમસર મેળવો, જે રેડિયોની તથા જેમાં હજી ઘણુંઘણું સુધારવાપણું છે તે ગુજરાતી દૈનિકોની સાધકબાધક ચર્ચા, સંસ્કારિતાની દષ્ટિએ, ગૌરવશીલ વાણી તથા સ્વાભાવિક ભાષાશુદ્ધિની દષ્ટિએ કરે અને સહાયકારી સૂચનાઓ સાથે છપાવે… એ પ્રવૃત્તિ અંગે, ૫મી જાન્યુ.ની રાત્રે અમદાવાદ રેડિયોએ ધાડા, લગભગ કર્કશ સ્વરની અમુક ગાનારી મારફત, 'એક જ્વાલ જલે તુજ નેનનમાં' એ સુન્દર રચનાનું ખાસ્સું બેશ ખૂન કરાવ્યું તે કઈ રીતે–આવા દાખલા ભેગા કરી જાહેરમાં મૂકો અને કાનૂની હદમાં રહી, એની નિર્દયતમ અસરકારક ટીકા કરો—બલ્કે એવો મારો ચલાવો.

વળી પ્રભુ પર પણ એવી તો સબળ પ્રાર્થનાનો મારો ચલાવો કે યુતિ પ્રલયમાં આખો ને આખો તણાઇ જાઉં, એટલે આમાં ઝડપાઇ ગએલો સમુદાય મહાશિવરાત્રિ ભેગો એ શુભ પ્રસંગનો યે આનન્દોત્સવ ઊજવે ને હું મોક્ષગતિને પામું.

વિ. ક. વૈ.

પત્ર જોશો તો આનો ઉત્તર મળી રહેશે. (તંત્રી)

૩ આપના જેવા સમર્થ અને જાણકારે પણ એ કેમ નહિ લખ્યું હોય? (તંત્રી)

પંડિતરત્ન શ્રી નાનચંદ્રજી મહારાજ 'સંત શિષ્ય'નાં તળપદી ને રોચક ભાષામાં અપાએલાં જીવનબોધક પ્રવચનોનું સંકલન **માનવતાનું મીઠું જગત** (ભાગ ૩-૪) પણ પ્રકાશિત થયું છે. સંપાદકો : મુનિશ્રી સંતબાલજી ને ત્રિભુવન વીરજીભાઈ હેમાણી. કિં. રૂ. ૩.

તુફાન શમ્યું લેખકની પ્રથમ છતાં અનેક રીતે વિલક્ષણ એવી સાત અંકી સામાજિક નાટ્યકૃતિ. લેખક-પ્રકાશક : કિશોરકાન્ત ભે. માંકડ, ભક્તિનગર સોસાએટી, રાજકોટ. કિં. ૩–૦૦. **દીપમાળા** 'કુમાર'ના પરિચિત કવિ 'મુકુન્દરાય વિ. પારાશર્ય'નાં મુક્તકોનો સંગ્રહ; પ્રકાશક : કુ. જ્યોતિબાળા મુ. પારાશર્ય, ૧૧૯૪ વસંત કુંજ, ભાવનગર, કિં. ૧-૨૫.


જીવનસૌરભ સૌરાષ્ટ્રના એક મામૂલી ગામડાના સાધારણ કુટુંબમાંથી આપબળે આગળ વધી, પરદેશ જઈ ઈજનેર ને પછી મોટા કૉન્ટ્રૅક્ટર બનનાર સ્વ. હરિભાઈ સિદ્ધપુરાની જીવનસૌરભ. લે. રામનારાયણ ના. પાઠક. પ્રકા. મોહનલાલ વી. પટેલ અમરેલી.

ગુજરાતી ભાષામાં મોખરે મૂકી શકાય તેવાં થોડાંક પ્રવાસ-પુસ્તકોમાંનું એક, **જ્યાં દેવ વિરાજે** પુસ્તક છે તો પ્રવાસવર્ણન પણ શ્રી દિલહર ભચેચે એની માંડણી કરી છે વાર્તારૂપે. સ્વામી કૈલાસના મુખે મુકાયેલાં બદરીકેદારનાં ધાગો, મંદિરો, પૂજાવિધિઓ, સંઘવીઓની દુષ્ટતા, સ્વાર્થ–નફટાઈ, પાપ-પુણ્ય આદિ વર્ણનો ને વચનો દ્વારા ઉત્તરાખંડની યાત્રાનું હકીકતનિષ્ઠ સંયમિત મધુર, તસવીરકસબભર્યું રસળતી શૈલીનું વર્ણન મળવા સાથે ધાર્મિક સાત્ત્વિકતાની ઘેરી છાપ પણ પડે છે. પ્રાપ્તિસ્થાન : એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની, મુંબઈ કિંમત રૂા. ૬-૭૫ પોસ્ટેજ અલગ.

૧૯૬૧ની ગ્રંથસમીક્ષા માટે

'ગુજરાત સાહિત્ય સભા' તરફથી દર વર્ષે કરાવવામાં આવતું ગ્રંથસમીક્ષાનું કામ ૧૯૬૧ના વર્ષ માટે (૧) કવિતા, નાટક, નવલિકા, નવલકથા, નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતન, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાળસાહિત્ય, પ્રવાસ વગેરે તથા (૨) વિજ્ઞાન, ભૌતિક-વિજ્ઞાન, જંતુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, શાસ્ત્રીય સાહિત્ય વગેરે—એમ બે વિભાગમાં પ્રો. હસિત બૂચને સોંપાયું છે. પ્રકાશકોએ આ વર્ષનાં પ્રકાશનો એમને ૯૪, સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાએટી, આનંદનગર, અમદાવાદ-૭ને સરનામે મોકલવાં.


કંકાવટી



હમણાંહમણાં લાંબા વાળના ચોટલા કરતાં ટૂંકા વાળની ફૅશન શરૂ થઈ છે; અને અભ્યાસ કે નોકરી કરનાર એની સારસંભાળનો વખત ન મળતો હોવાના નિમિત્તે એ ઈશ્વરદત્ત રૂપભેટ હેરડ્રેસરને ત્યાં મોંઘા દામ આપી અળગી કરાવી આવે છે. પણ કેટલીક બહેનો એવી છે કે જેમને સુંવાળા કાળા લાંબા વાળનો ઓરતો હોવા છતાં વાળ ઊતરતા હોવાને કારણે યા કુદરતી રીતે, મોટા અંબાડા લઈ શકાય એવડા વાળ હોતા નથી, ને 'પૉની ટેઈલ' કે એવી રીતે છૂટા વાળ રાખવાની કોઈ 'ફૅશન'નો આશ્રય લેવો પડે છે. કંઈક પાશ્ચાત્ય લાગતી કેશગુંફનની એવી કેટલીક શૈલીઓ છે કે જે આવી બહેનોને વધુ અનુકૂળ પડે. અહીં એવી કેટલીક રીતનાં ચિત્રો આપ્યાં છે. ઘૂઘરીઓ, મોતીની સેર કે એકબે તાજાં ફૂલના શણગારથી એની છટા ખીલે છે. (તાજા બહાર પડેલા 'અંગના' વાર્ષિકમાંના શ્રીમતી શિરીનના અંગ્રેજી લેખ તથા ચિત્રો પરથી સાભાર.)

નૃત્યાંગના

ભરતનાટ્ય નૃત્યપ્રકારની જાળવણીમાં જે દેવદાસી વર્ગે અત્યંત મહત્ત્વનો ફાળો આપ્યો છે તે જાતિના સંસ્કારી કુટુંબમાં ઈ. ૧૯૧૮માં મદ્રાસ મુકામે બાલાસરસ્વતીનો જન્મ થયો. માતા જયમ્મા ઉચ્ચ કોટિનાં ગાયિકા અને સંગીતજ્ઞ તરીકે આજે પણ આદરણીય ગણાય છે. હીન દશાને પામેલી દેવદાસીઓમાં જ પ્રસરિત ભરતનાટ્યને ભદ્રસમાજ જ્યારે સૂગથી જોતો હતો એ કાળે સૌના વિરોધ છતાં જયમ્માએ પુત્રીની શક્તિને પિછાણીને તેને નૃત્ય શીખવવાનો નિર્ધાર કર્યો. શુદ્ધ નૃત્ય તેમજ 'નૃત્ત'ના આગ્રહી નૃત્યાચાર્ય કંડપ્પા-પિલ્લૈ પાસે બાલાના નૃત્યશિક્ષણનો આરંભ થયો. ત્યારે તેની ઉમર તો માત્ર ચાર જ વર્ષની હતી છતાં એ વખતે પણ આઠ આઠ કલાકની કઠોર નૃત્યસાધના અને રાત્રે પાછાં જયમ્મા પાસે મોડે સુધી સંગીતનું શિક્ષણ તેને લેવું પડતું. સતત ત્રણ વર્ષની આ કઠોર સાધના પછી એનો પ્રથમ જાહેર કાર્યક્રમ(અરંગેત્રમ) યોજાયો. અત્યંત દુર્ગમ પરીક્ષા સમા એ પ્રયોગમાં એણે અસાધારણ સફળતા મેળવી. તે પછી પણ સ્વ. વેદાન્ત શ્રીલક્ષ્મીનારાયણ શાસ્ત્રી, મયલાપોરનાં ગૌરી અને શ્રી ચિન્નયા નાયડુના ગુરુપદે પણ તેમણે ઘણી સાધના કરી. ચિન્નયા તો સંસ્કૃતના પ્રખર પંડિત હોઇ એમના જ્ઞાનનો લાભ પણ બાલાને ઘણો ઉપકારક નીવડયો. 'પદ'ની રજૂઆતમાં બાલા જે સહજસ્ફૂર્ત ભાવાંતરો રજૂ કરે છે એનાં મૂળ આ જ્ઞાનોપાસનામાં રહેલાં છે. ૧૯૩૪-માં ઈ. કૃષ્ણ આયરે બનારસમાં ભરાએલી અખિલ ભારતીય સંગીત પરિષદમાં બાલાને



રજૂ કરી ત્યાર પછી તેણે ઉત્તર ભારતમાં અનેક સંગીત પરિષદોમાં ભરતનાટ્ય નૃત્યો કરવા માંડયાં ને લોકાભિરુચિ પણ કેળવવા માંડી.

પણ આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે સંધીવાના દર્દને કારણે તેને નૃત્યપ્રયોગો મૂકી દેવા પડયા. વયના વધવા સાથે શરીરની સપ્રમાણતા પણ ન જળવાઇ શકી ને તેણે લોકચાહના ગુમાવવા માંડી. ઘોર નિરાશા સાથે તેણે જાહેરમાં નૃત્યપ્રયોગો બંધ કરી દીધા હતા. પણ પ્રસિદ્ધ નૃત્યકાર રામગોપાલ, અતિ આગ્રહભરી સમજાવટથી ફરી તેમને જાહેરમાં લાવ્યા. આજે નૃત્યવિભાગમાં શારીરિક મર્યાદાઓને અંગે તેઓ ભાગ નથી લઈ શકતાં, પણ અભિનયવિભાગમાં તો એમની બરોબરી હજી પણ કોઈ કરી શકે તેમ નથી. કોઈ પણ જાતના ઠઠારા વિના હજુ યે જ્યારે તેઓ અભિનય સહ 'પદ' રજૂ કરે છે ત્યારે એમની તન્મયતા, પાત્રના ભાવનિરૂપણની વિશિષ્ટતા અને નૃત્યની રજૂઆત ખૂબ જ મુગ્ધકર બની રહે છે. હાલ તેઓ મદ્રાસની મ્યૂઝિક અકાદમીના આશ્રયે નૃત્યશિક્ષણ આપે છે. કલાક્ષેત્રે અપાએલી એમની વિશિષ્ટ સેવાઓના ઉપલક્ષમાં ભારત સરકારે એમને 'પદ્મભૂષણ' બનાવી નવાજ્યાં છે.

તીખા ઘૂઘરા

ાા શેર ચણાનો રવા જેવો કરકરો લોટ, ાા શેર મેંદો, ાા શેર તેલ, ા શેર ઘી, અધોળ દૂધ, અધોળ લીલાં વાટેલાં મરચાં, મીઠું, ખસખસ કોથમીર ને કોપરૂં પ્રમાણસર, ૧ ચમચી તજલવીંગનો ભૂકો, ૧ ચમચી શેકેલું જીરૂં. (ઓછા કરવા હોય તો ઉપરના પ્રમાણથી.)

ચણાના લોટને ઘીમાં શેકવો. થોડોક શેકાય એટલે દૂધ નાખવું અને શેકયા કરવો. મગજ જેવો શેકાવા આવે એટલે તેમાં મરચાં, મીઠું, લીંબુનો રસ ને કોથમીર નાખવાં. તેનું પાણી બળી જાય એટલે ઉતારીને બાકીનો મસાલો નાખવો. હવે મેંદાના લોટમાં મોણ ને મીઠું નાખી પૂરી વણીને તેમાં ચણાના લોટનો આ મસાલો ભરી ઘૂઘરા પેઠે કાંગરી પાડી તળવા. આ ઘૂઘરા ઘણો લાંબો વખત સારા રહે છે.

દાઝી જાઓ ત્યારે દાઝેલો ભાગ તરત ઠંડા દૂધમાં ઝબોળી દેજો, અને બળતરા શાંત થાય ત્યાં સુધી રાખી મૂકજો. અથવા તે પર મધ કે કુંવારપાઠાનો રસ ચોપડી દેજો. રસ ન નીકળે તો કુંવારપાઠાનો ગર્ભ ધીમે હાથે ઘસવો.

અજમાવી જોજો

ટૉન્સિલવાળા બાળકને બહેડાંની છાલ જરાક ઘીમાં સાંતળી, મોંમાં એ છાલ રાખી, ચગળીને રસ ગળામાં ઉતારવાનું કહો. થોડા દિવસ આમ કરવાથી ટૉન્સિલ બેસી જશે.

સળેખમ ઉપર સાકર અને મીઠાની સમભાગે બારીક ભૂકી રૂના પૂમડામાં નાખી સૂંઘવી.

હેડકી મટતી ન હોય તો કાથાની દોરડી સળગાવીને તેનો ધુમાડો મોંમાં લેવડાવવો.

> પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ શાણી હોય છે, કારણ કે તેઓ જાણે છે થોડું પણ સમજે છે ઘણું.

સ્વીડનમાં 'અનિયારા'

ચન્દ્રવદન મહેતા

આ ઠે ઊપડ્યા અને દોઢેક કલાકમાં તો સ્ટૉકહોમ. આ વખત પણ અનાયાસ પ્રો. ઉનરો સાથે થઈ ગયા. એ બેઠા એટલે એની બાજુમાં જ હું ગોઠવાઇ ગયો. દોઢ કલાકમાં તો એણે દોરેલા નકશાઓ પાછા જોઈ જવાનો લાભ મળ્યો, ઉપરાંત એણે એક ફક્કડ થીએટરનો મોટો નકશો બતાવ્યો. મેં પૂછ્યું: આ ક્યાંનું તો કહે, એ બાંધવા જ હું સ્ટૉકહોમ જાઉં છું સ્ટૉકહોમની મ્યુનિસિપાલિટી આ નવું થીએટર બંધાવે છે. તમારે જ્યારે મારી સાથે આવવું હોય ત્યારે આવી શકો છો. આ મારુ ઊતરવાનું ઠેકાણું.

સ્ટૉકહોમ એરોડ્રોમ ઉપર મ્યુનિસિપાલિટીના અધિકારીઓ એમનો સત્કાર કરવા આવ્યા હતા. પોતાની સાથે જ ગામમાં એ મને પણ લઈ ગયા. શહેરના મધ્ય ભાગમાં પહોંચી પછીથી મળવાનું નક્કી કરી હું મારે ઉતારે ગયો, એ એમને ઉતારે ગયા.

શહેર એટલે એક તળાવ અને સાગરના અખાતનો એક ભાગ; ને એમાં ઊપસી આવેલા બાર ટાપુઓને ઘેરી રસ્તા, પુલ, જમીન પાણીની નીચેથી દોડતી વીજળીની ગાડીઓ, તાર-ટેલિફોન, રેડિયો વગેરેથી ગૂંચવીગૂંથી નાખી ખડી કરી દીધેલી રમણીય સૃષ્ટિ. નિશાળોમાં અંગ્રેજી અહીં ફરજિયાત શિખવાડવામાં આવે છે, અને ફ્રેન્ચ, જર્મન શિખવાડે તે જુદું. સ્વીડિશ ઉપરાંત આ ત્રણ બીજી ભાષા જાણનારા તો અહીં હોટેલ, બસ અને જાહેરખાતાંમાં સેંકડો મળે.

પણ આપણે તો નટ નાટક અને નાટકશાળા સાથે સંબંધ, એટલે આડી વાતોમાં ન ઊતરીએ. સ્ટૉકહોમની પાસે જ, કલાકમાં પહોંચાય એવી, ત્યાંની સૌથી જૂની યુનિવર્સિટી ઉપસાલાની. એના અધ્યાપકોએ સ્વીડનનાં પહેલાં નાટકો લખ્યાં, અને એમાં ભણતા વિદ્યાર્થીઓએ એ ભજવ્યાં,–આજથી ત્રણસો સાડા ત્રણસો વર્ષ પહેલાં! જોહન્સ મેસેનિયસે (૧૫૭૯-૧૬૨૯) સ્વીડનના સાગાઓમાં પહેલાં નાટકો લખ્યાં. નાટકની સૃષ્ટિમાંથી પછી ઑપેરા લખાવાં શરૂ થયાં, અને આર્કિટેક્ટ એડલક્રાન્ઝેએ તે વખતની રાજરાણીની ઇચ્છાથી ૧૭૬૦માં થીએટર બાંધવું શરૂ કર્યું. ૧૭૬૬માં એનો ઉપયોગ શરૂ થયો. આ બાદશાહી થીએટર એ જ ડ્રૉટનિંગહોમ થીએટર, જે આજે બસો વર્ષે પણ થીએટરોની દુનિયામાં બાંધણીના કામમાં અદ્ભુત કારીગરીવાળું ગણાય છે. એમાં દર સાલ હજી નાટક ઑપેરા ભજવાતાં રહે છે. યુરોપનાં પ્રથમ દસ થીએટરોમાં એની આજે ગણતરી થાય છે, બસો વર્ષમાં કૈંક કલાકાર કારીગરો એનો નકશો દોરી ગયા છે, ચિત્રો પાડી ગયા છે, પરદા-સેટિંગના સ્કેચ ચીતરી ગયા છે. કંઇક નટનટીઓ જે તરેહતરેહના પોશાક પહેરી ગયા છે એ બધી વસ્તુઓ એવી ને એવી સંઘરીને રાખવામાં આવી છે. બસો વર્ષ પહેલાં આ થીએટર જ્યારે બાંધ્યું, ત્યારે નટોની સજાવટ માટેના ઓરડા તો સાથેસાથે બાંધ્યા જ હતા, પરંતુ નટનટીઓને રહેવા માટે પણ એ જ મકાનમાં સગવડભરી જગ્યા બાંધી આપવામાં આવી હતી, એટલે એ જગ્યાનો આજે મ્યૂઝિયમ તરીકે ઠીક ઉપયોગ થઈ શક્યો છે. એ જૂની ગૅલરી, ને ભભકાદાર સીનસિનરીઓનો અભ્યાસ કરનારા તો જોઈને છક થઈ જાય છે, અને દર સાલ એની ઉપર સંશોધનનાં પુસ્તકો લખાયે જાય છે. એને જોવા આવનારા સેંકડો પ્રવાસીઓની ચાલુ આવનજાવન હોવા છતાં આજે પણ એ વપરાશમાં છે. એની સાચવણી માટે દરરોજ ખૂબ ધ્યાન આપવામાં આવે છે, ને એકાદ કાંકરો પણ ક્યાંક ખરે તો એને અસલ રૂપમાં જાળવી રાખવા માટે તાબડતોબ પ્રબંધ થઈ જાય છે. ફોટોગ્રાફીની શોધ થઈ ત્યારથી એમાં સંગ્રહાએલા ફોટોગ્રાફો તેમજ તેની પહેલાંનાં ચિત્રોનો સંગ્રહ પણ જોવા જેવો છે. એમાં કેટલાંક તૈલચિત્રો (નાટકનાં જ દૃશ્યો અલબત્ત) તો જરૂર જોવા જેવાં છે.

ગુસ્ટાવ ત્રીજાનાં મા, રાણી લોવિસા ઉલરિકાએ આ બાદશાહી થીએટર રાજમહેલના એક ભાગ તરીકે બંધાવ્યું. એમાં એ પાટવી કુંવર જાતે નાટકમાં ભાગ લેતો; ને પોતે ગાદી પર આવતાં એણે બીજાં ત્રણચાર સરસ થીએટરો બંધાવી દીધાં. ત્યાં તો ફ્રાન્સની અસર આવી; મોલિયેર ભજવાયો. અંગ્રેજી અસર આવી, ફ્રેન્ચમાં હૅમલેટ ભજવાયું. શેક્સપીઅર અને મોલિયેર વિના દુનિયામાં કોઈ થીએટર પાંગર્યું નથી એ હકીકત છે. ગુજરાતી, મરાઠી, બંગાળી, તમિળ, તેલુગુ નાટકોમાં પણ શેક્સપીઅરની ભારોભાર અસર જાણીતી છે, તો ત્યાંના પડોશના દેશોમાં તો હોય જ એ સ્વાભાવિક છે.

ગસ્ટાવીઅન નાટ્યપ્રણાલિકા ઠીક પ્રમાણમાં ચાલી. એમાંથી સ્વીડને એક મોટો નાટકકાર સર્જ્યો. ૧૮૪૯માં જન્મેલો એ ઑગસ્ટ સ્ટ્રિન્ડબર્ગ ૧૮૭૭થી ૧૯૧૨માં એ અવસાન પામ્યો ત્યાં સુધી અનેક વિવિધ નાટકો લખી નાખ્યાં. એ સ્વીડનમાં ભજવાયાં, યુરોપભરમાં પંકાયાં, ભારતમાં પણ આવ્યાં. હું ઊતર્યો તે જ દિવસે સ્ટ્રિન્ડબર્ગનું નાટક અને તે પણ 'ગુસ્ટાવ ત્રીજો' એટલે ખાસ જોવા ગયો. એના નાટકો જોઈ રંગીલી થએલી પ્રજાએ પછી તો યુરોપના ને અમેરિકાના નામાંકિત નાટકકારોની કૃતિઓ ભજવવા માંડી, તે ભજવનારાઓની કીર્તિ એવી તો પ્રસરી કે યૂજિન ઓ'નીલે પોતાના ગુજરવા પછી વણભજવાએલાં નાટકો પહેલાં સ્વીડનમાં ભજવાય એવું વીલ કર્યું, અને પોતાની જીવનઝરમર રજૂ કરનારું નાટક 'લૉંગ ડેઈઝ જર્ની ઇન્ટુ નાઇટ' તથા 'એ ટચ ઑવ પોએટ' તાજેતરમાં ભજવાયાં પણ ખરાં. સ્વીડનનાં નટનટીઓ ઊર્મિઓનાં તુમુલ યુદ્ધ રજૂ કરવામાં ને એમાંથી ઉત્પન્ન થતી સંવેદના વ્યક્ત કરવામાં ભારે કુશળ તો છે જ. ગ્રેટા ગાર્બો ને ઇન્ગ્રીડ બર્ગમન આ ક્ષેત્રનાં પ્રખ્યાત દૃષ્ટાંત છે. બર્ગમનની રસિક વાત તો એ જ્યાં મળી ત્યાં જ કરીશું.

સ્ટ્રિન્ડબર્ગ પછી એ દેશનો બીજો નાટકકાર ઝલમાર બર્ગમન. સ્ટૉકહોમની દક્ષિણે સ્વીડનના માલ્મો શહેરમાં પણ એક અતિ સુંદર નાટકશાળા હમણાં જ બંધાઈ છે. એમા બર્ગમનના 'સાગાન' નાટકમાં નટી બીગી ઍન્ડરસનને અતિ કુશળરીતે અભિનય કરતી જોઇ. જીવનમાં પ્રેમ ઝંઝાવાત લાવે, દુઃખે તપાવે, વિરહે રિબાવે, પશ્ચાત્તાપે સતાવે, કોઈ અદમ્ય અકથ્ય દૈવી પ્રેરણા થકી પ્રગતિ કરાવે, અને છેવટે સંતોષે અને શાંતિનાં મીઠાં ફળ ચાખવાનો સમય લાવી અપાવે, એવી એની દર્દભરી કથનીનું હાર્દ છે. ૧૯૩૧મા એનાં અવસાન બાદ એનાં નાટકો વધારે વાર ભજવાયાં—સ્વીડન બહાર યુરોપમાં પણ ભજવાઇને પંકાયાં. ત્યાર બાદ છેક સાર્ત્રે અનુઈ અને ઓસ્બર્નના 'ચૉક સર્કલ' સુધીનાં નાટકો સ્વીડનમાં ભજવાતાં રહ્યાં છે: એકેક નાટક પંદરસો સત્તરસો વાર ભજવાયાના દાખલા દફ્તરે નોંધાયા છે! ત્યાંના પ્રખ્યાત પ્રોડ્યુસરોમાંના એક મિ. એકમાન, અને ડેકોર કરનારા કાર્લ જોહાન સ્ટ્રૉમ સાથે એક ખાણાંના મેળાવડા પછી નિરાંતે બેસી નાટકને લગતા વિષયોની ચર્ચા કરવામાં મઝા આવી.

(જાન્યુઆરી ૧૯૬૨) ૧૬



સ્વીડનનું ડ્રૉટનિંગહોમ થીએટર

ના જી, ફિનલૅન્ડમાં કોઇ નાટકોમાં માઇક્રોફોન નહોતાં વપરાતાં, નથી જ વપરાતાં. પૂછનારા પૂછે છે કે જર્મનીમાં હતાં? ના જી. અહીં સ્વીડનમાં પંદરસો પ્રેક્ષકો સમક્ષ પણ નાટકશાળામાં એ માઈક્રોફોબિયાનો રોગ નથી પેંઠ્યો, નહિ જ દાખલ થાય. અમારા જેવા–હું તો નહિ જ પણ અહીંનો રોગ લઈને ત્યાં જનારા કદાચ ભૂલેચૂકે કોઇને માઇક્રોફોન વિષે પૂછવા જાય છે તો એ લોકો પહેલાં તો આપણી સામે જુએ છે, એવા મૂક અભિનયથી કે આ પૂછનારાનું મગજ તો ઠેકાણે છે ખરું? ને એની ખાતરી થાય ન થાય એટલામાં વિવેકથી કહે છે કે નાટકમાં વળી માઇક્રોફોન હોઈ જ શી રીતે શકે?

બાલે ડાન્સિંગ ને ઓપેરા બંનેમાં અહીંના કલાકારોનો નિજી ફાળો છે, એ દેશની જેબ વધારે એવો અહીંની નવી અદ્યતન નૃત્યશૈલીમાં નામ કાઢનારી નર્તકીઓએ પારી(સ)-બર્લિનની રંગભૂમિ ઉપર પણ વાહવાહ પોકરાવી છે. પણ અત્યારે આપણે યુરોપમાં તદ્દન નવીન શૈલીની ગણાતી એક ઓપેરાના સર્જન વિષે જોઇએ.

'અનિયારા': કેટલું સરસ નામ છે! ઓપેરાની બાબતમાં અગાઉ અમે 'સફર ગઠરિયાં'માં ઘણું લખી ગયા છીએ, એટલે એ વિષે ઐતિહાસિક વિવેચનામાં નહિ ઊતરીએ. એક બે બાબતોના ઇશારા કરી આગળ ચાલીએ. ઇટાલિયનો, ફ્રેન્ચો અને જર્મનોએ ઓપેરાઓ લખી, એમાં ઇટાલિયનોની બાંધણી અત્યંત સૂરીલી: ગવાય ત્યારે હૃદય થનથનની ઊઠે; ફ્રેન્ચ બાંધણીમાં વાજિંત્રોની રમઝટ વધારે; અને જર્મન બાંધણી ધીરગંભીર, ભાવને પોષક, ખૂબ જ દ્યોતક; આવા વિવેચકોએ પ્રકાર પાડયા છે. ઈ. ૧૬૭૨માં ઇટાલિયનોએ ઓપેરા લખી, ૧૬૭૯માં જર્મનોએ શરૂઆત કરી, અને ૧૭૬૨માં ગ્લુક એના 'ઓરફ્યુસ' લખીને ફ્રાન્સમાં ડંકો વગાડયો રેનાડે કાઈસરે એકલાએ ૧૧૬ ઓપેરાઓ લખી એવું નોંધવામા આવ્યું છે. પણ ઓપેરાનું સાચું જન્મસ્થળ તો ફ્લૉરેન્સ જ ગણવામાં આવે છે. સોળમી સદીમાં ગ્રીક જેડી ઉપરથી એનો ઉદ્ભવ થયો. ગ્લુક, મોત્સાર્ત, બિટોવન અને વેબર શરૂઆતના કાળના પ્રખ્યાત સંગીત નાયકો; પછી વાગનરની ફ્લાઇંગ ડચમૅન, પાર્સિફલ, ટાનોસે ર; રોઝિનીની બાર્બર ઑવ સેવિલ, વર્દીની રિગોલેટો, લા ટ્રાવિયાટા, વ્યુચિનીની લા બોહેમ, લા ટોસ્કા, વગેરે જાણીતી અતિપ્રખ્યાત ઓપેરાઓ છે.

આજે પણ નવી ઢબની ઓપેરાઓ યુરોપમાં લખાય છે. એકલા ઇટાલીમાં દર સાલ ૫૦૦ નવી ઓપેરા લખાય છે. આલ્પ્સ પર્વતની ગોદમાં થીએટર દ લા નવિતામાં આજ સત્તર વર્ષથી ઇટાલિયનો પોતાની નવી રચેલી ઓપેરા ભજવાવવા આવે છે. એ સત્રમાં જે કસોટાય ને મોખરે આવે એ ઓપેરાને ઓપેરાઓના તીર્થધામ જેવા થીએટર લા સ્કાલ માં ભજવાવાનું માન મળે. સ્પેન થઇ પાછા ફરતાં આપણે નવા બંધાએલા એ સ્કાલા થીએટરનાં જરૂર દર્શન કરીશું


આમ ચારસો વર્ષ, દર સાલ ૫૦૦ નવી લખાતી હોય અને એક જ માણસ સો ઉપરાંત આખી શબ્દરચના કાવ્યમાં અને સંગીતના ઘાટમાં ઉતારતો હોય, તો ચારસો વર્ષમાં કેટલા લાખ ઓપેરા યુરોપની વિવિધ ભાષાઓમાં લખાએલી મળે, પણ પ્રખ્યાત, હૃદયંગમ, દિલ અને દિમાગને સતેજ કરી મૂકે એવી તો ગણીગાંઠી, માંડ સરવાળે દોઢસો બસો નીકળે. એમાં લોકકથા, નાટ્યવસ્તુઓ ને નવલકથામાંથી વાતો ઊંચકી લેવામાં આવે છે, તેમજ એકની એક કથા ઉપર ભિન્નભિન્ન લેખકો પોતાની બુદ્ધિ કસે છે. આપણે ત્યાં ઓપેરાના નામને એબ લગાડે એવી સંગીત-નાટિકાઓ કે નૃત્ય નાટિકાઓ ભજવાય છે; પણ ઓપેરાના સાચા ઘાટની એકે સંગીતનાટિકા હજી સાંપડી નથી. વિવિધ સૂરસાદની ભૂમિકા પર એની બાંધણી યોજાય છે ને સામે બેઠેલી આખી ઓર્કેસ્ટ્રા સાથે સૂર મિલાવી, ને ગાનારના તાન તાલે સંવાદમાં, સંઘગાનમાં કથાવસ્તુ વિસ્તરતું જાય છે. નાયક નાયિકા એકલાં, તો કદી સામસામે, ઊર્મિલ ગીતોથી માંડી ઘેરા ગંભીર ભાવનાં ગાન રજૂ કરે છે: માઇક્રોફોનની મદદ વિના–બબ્બે હજાર શ્રોતાઓ સમક્ષ. ફરી લખું છું: માઇક્રોફોનના કર્કશ, તકલાદી, ઘોંઘાટિયા, કૃત્રિમ સાધન વિના; બાજુ પર ખૂણામાં માઇક લઇને ગાવા બેઠેલા મદદનીશ સંઘ વિના!

એ જૂની, રૂઢિબદ્ધ, ને જે હજી ભજવાય છે તથા ગવાતી રહેશે એવી ઓપેરાઓથી એક તદ્દન જુદા જ પ્રકારની, નવા જ વિષયવાળી, આ 'અનિયારા' ૧૯૫૯ની ૩૧મી મેએ સ્ટૉકહોમના રૉયલ ઓપેરા હાઉસમાં પહેલીવાર રજૂ થએલી, ને અમે પહોંચ્યા ત્યારે ચાર પાંચ દિવસ જ થએલા. એટલામાં યુરોપભરનાં સુપ્રસિદ્ધ છાપાંઓની કલાવિવેચનાની કતારોમાં એને વિષે ચર્ચાવલીઓ શરૂ થઇ ગએલી, અને ત્યાર બાદ પણ હજી યુરોપના સંગીતકારો એ કૃતિથી સડક થઈ ગયા છે એ પણ અમે જાણ્યું છે. હૅરિ માર્ટિન્સન સ્વીડનના કવિ. એણે અસલમાં 'અનિયારા' નામનો એકસો ને ત્રણ કાવ્યોનો સંગ્રહ પ્રકટ કર્યો. સાહિત્યની સૃષ્ટિમાં બહુમાન પામેલી, નવા જ વિષયને કાવ્યમાં ઉતારનારી એ કલાકૃતિ. એની ઉપર બે મહારથીઓ, એરિક અને બ્લોમડેલ, એમ બે જણા મંડી પડયા. રંગભૂમિને લાયક એમાંથી ઘાટ ઘડયો એરિકે, ને સળંગ ગાવા માટે સંગીતના બીબામાં ઉતારી બ્લોમડેલે. એમાં ગીત ઉપરાંત નૃત્યની યોજના કરી બિરજિત અકેસને. (એ પોતે જ નૂતન શૈલીનાં નૃત્ય રજૂ કરનારી મશહૂર નર્તકી). આમ બધું નક્કી થયા કેડે સાત દૃશ્યોમાં આ આખી કથાને વિભાજીને પ્રોડ્યુસર ગોરાન જેન્ટેલે એને તખ્તા ઉપર રજૂ કરી.

અલકમલકની વાત: આજ પછી હજારો વર્ષ વીત્યા બાદ, પૃથ્વીના ગોળાની બહાર અવકાશમાં, એક 'અનિયારા' નામનું વહાણ આઠેક હજાર પ્રવાસીઓને લઇ, રેડિયો-ઍક્ટિવ થએલા આ પૃથ્વીના ગોળાને છાંડી, મંગળના ગ્રહમાં ક્યાંક ટાઢી પડેલી જગ્યામાં નવેસરથી નિવાસ કરવાના ઇરાદાથી સફરે ઊપડયું છે. અવકાશના અણુસાગરમાં પણ મુસાફરી સરળ તો નથી જ. ક્યાંક રસ્તામાંનો આડો અવળો ચક્કરભમ્મર ઘૂમતો તારામંડળનો અંગાર વહાણના મોભને અથડાતાં વહાણ







'અનિયારા'નાં સર્જકો: મથાળે ડાબી બાજુ–નાટ્યનિયોજક સ્વેન એરિકસન, કવિ હૅરી માર્ટિન્સન અને દિગ્દર્શક ગોરાન જેન્ટેલ; જમણી બાજુ–નૃત્ય-સજાવટકાર બિરજિત અકેસન. જમણી તરફનું ચિત્ર 'અનિયારા'ના તખ્તા માટેનું સ્વેન એરિકસને કરેલું ડિઝાઈન

આપણા સૂર્યમંડળના ભ્રમણમાર્ગમાંથી ખસીને અનંત ઊંડાણવાળા ભયાનક બ્રહ્માંડના ભીષણ અવકાશમાં ધ્યેયહીન મંઝિલહીન અતિવેગે ઘૂમવા લાગ્યું, અને એમાંનાં રેડિયો-સાધનોએ ચારેકોર મદદની ધા નાખી. પણ ત્યાં કોણ સાંભળે, એનો બાપ? ને પ્રવાસીઓ તો, જે રોજિંદો કાર્યક્રમ ચાલી રહ્યો હતો એમાં હાહાકાર વર્તી જતાં ઘણાંખરાં એ મોટા વહાણના વિશાળખંડમાં ચિંતાભર્યાં જમા થઈ ગયાં.

આપણે આગળ જોઇ ગયા એમ ઓપેરા હાઉસોની બાંધણી લગભગ એક જ ઘાટની, કિલ્લા જેવી. બહારની દીવાલમાં જેમ ઘર, એવું જ આ ઓપેરા હાઉસ. સામે વિશાળ ચોક, ડાબે પડખે પાણીની નહેર, બાજુમાં રાજપ્રાસાદ, પાછળ વિદ્યાલયનો રમણીય બાગ, મેદાન. એ બધું જોતાં જોતાં અને 'અનિયારા'ની વાત સાંભળતાં અમે ઓપેરા હાઉસ પહોંચ્યા, તો ઓજ્જા! ટિકિટના વાખા! મારી સાથે પ્રો. ઉનરો. એ કહે કે તમારી એક ટિકિટની વ્યવસ્થા હું કરાવી આપું છું; હું તો હવે અહીં રહેવાનો છું, તે પછીથી જોઇશ. એટલે એણે ત્યાંથી જ હેલસિન્કી આવેલા સ્વીડિશ પ્રતિનિધિને ફોન કર્યો. એ મિ. નીધલ ત્યાંની પબ્લિસિટીના વડા, એટલે તરત પાંચ મિનિટમાં થીએટર પર જ અમને ખબર પહોંચી ગઇ કે ત્રીજી હારમાં મોખરાની જગ્યામાં એક બેઠક મહેતાસાહેબની રાખવામાં આવી છે.

વાત સાંભળેલી; કાવ્યપુસ્તક લઈ આવેલો એ તો અનુવાદ, તે પણ બને એટલો વાંચ્યો; અને સાંજથી જ મગજ બહેકી પૃથ્વીની પાર અવકાશમાં અણુ સમું ઘમ્મર ઘૂમતું તો થઇ ગયું હતું, એટલે જોવાની પૂરી તાલાવેલી લાગી ગઇ હતી. જમી પરવારી આપણી સવારી અરધો કલાક વહેલી ત્યાં હાજર થઈ ગઇ. બપોરે મુડદાલ લાગતા થીએટરમાં ભારે ચેતના આવી ગઇ હતી. મારે જ્યાં ખબર કાઢવાની હતી તે ખૂણાબારીમાં હું ટિકિટ માટે જતો હતો, ત્યાં જ એક અધિકારી મહાશયે, સલામ કરી બાજુ પર લઇ જઇ ઓપેરાની ચોપડી વગેરે સાહિત્ય અંગ્રેજીમાં છાપેલું કાઢી દીધું. નવમાં દસે ત્રણ દેખાવડી વ્યક્તિઓ આવી એમની આગળ મને લઈ જવામાં આવ્યો. બાદશાહી કુટુંબના એ નબીરાઓમાં એક તો રાજકુંવર હતો. એણે હસીને કહ્યું અમારી પાસે એક ટિકિટ વધારાની હતી, એ આપને માટે અનામત રાખતાં અમને બહુ આનંદ થયો, ચાલો. હકીકતમાં તો એમની ટોળીમાંથી જ એકાદ જણને ના પાડવામાં આવી હતી, એની મને પાછળથી જાણ થઇ હતી. નવમાં પાંચે તો બધા ખુરશીમાં. અ પણે ત્યાં જેમ પરદો ખૂલ્યા પછી આવનજાવન ચાલુ રહે છે યા મોટા માણસો ખાસ જાણી જોઇને મોડા જ આવવામાં મહત્તા માને છે એવું અહીં, ફિનલૅન્ડમાં, યુરોપમાં, ઈંગ્લંડમાં ક્યાંય નહિ. થીએટર એટલે થીએટર, એનો માનમરતબો જાળવવો હોય તો બધાએ સમયસર ધાંધલધરપચ વિના પોતપોતાની જગ્યાએ બેસી જ જવું જોઇએ. પછી એ રાજા હોય, રાણી હોય, પ્રધાન હોય કે પ્રધાનાણી હોય–આવીને બેસી જાય.

પરદો ખૂલવાને એકાદ મિનિટ બાકી હશે એટલામાં પરદા બહાર ઓરકેસ્ટ્રા પિટમાં બેઠેલા બજવૈયાઓ ખડા થઇ ગયા. એમનો નેતા ઇહર્લિગ આવ્યો, એણે સાથીઓને નમન કર્યું, પછી પ્રેક્ષકો તરફ અદાથી ફરીને નમન કર્યું; એટલે પ્રેક્ષકોએ તરત જ ઊભા થઈ એને તાળીઓથી વધાવ્યો અને બધાં ઘડીભરમાં પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા. સ્વસ્થ થતાં જ ઓરકેસ્ટ્રાએ મંગળાચરણ, નાંદીધ્વન વગાડી વાતાવરણ ખડું કરી દીધું. યુરોપભરના આ રસમરિવાજ દુનિયાભરમાં જાણીતા છે, એટલે હવે ફરીથી એ વિષે પુનરુક્તિઓ નહિ કરું.

પરદો ઊઘડ્યો, અને પૃથ્વીની પારનાં દૃશ્યો દેખાડતી રંગભૂમિ છતી થઈ. સમસ્ત સૂર્યમંડળના રત્નમણિ જેવા સોહામણા આ પૃથ્વીના ગ્રહને બિરદાવતું ગીત આમને આરેથી, દૂર દૂરથી ગવાયું. રોશનીની માત્રા વધતી જતાં દૂર જટાળો સૂરજદાદો બીજા થોડા ગ્રહો અને અવકાશના આભાસ સ્પષ્ટ થવા માંડ્યા. એ તરફ અનંત માર્ગે જતાં એક અનિયારા વહાણના તૂતક ઉપર થોડો માનવસમુદાય ગીતસંવાદમાં ગૂંથાએલો જણાયો. સંગીતના સાજમાં રાબેતા મુજબનાં વાદ્યો ઉપરાંત નવીન પ્રકારનાં ખાસ વાજાં યોજવામાં આવ્યાં હોય એમ લાગ્યું. અને પછી તો નવા ઇલેક્ટ્રૉનિક્સ સંગીતની પણ યોજનાનો એમાં સમાવેશ હોવાની જાણ થઈ. એમાં નવા જ પ્રકારનું, ચિત્રવિચિત્ર સૂરવાળું, જૂનવાણી રચનાઓ કરતાં નવી જ બાંધણીનું અને છતાં કોઈ કશો મેળ જ ન ખાતો હોય એવો ભ્રમ ઉત્પન્ન કરનારું, ચીસાચીસવાળું, મારપીટ ધમપછાડાવાળું, થપ્પડોની પરંપરાથી ઊભરાતું, હૃદયમાંની ઝીણામાં ઝીણી સંવેદનાને જાગ્રત કરનારું સંગીત રણક્યું–ધમધમ્યું.

પણ આ માનવમેદની નાઠી કેમ, એનું કંઇ કારણ? પૃથ્વી ઉપર માનવજાતે જે એકબીજાની કાપાકાપી શરૂ કરી છે, નિર્દયતાથી ભર્યાં ભર્યાં એવાં કરપીણ કૃત્યોની પરંપરા રજૂ કરવા માંડી છે, એ સંહારલીલાથી ત્રાસી આ માનવમેદની જાતને બચાવવા, શાંતિથી જીવવા મંગળના ગ્રહ ઉપર ક્યાંક સ્થાન શોધવા જઈ રહી છે, અને ત્યાં અવકાશમાં

ખરાબે ચડી હવે અનિશ્ચિત સમય સુધી એ આગળ ને આગળ ચાલ્યા જ કરશે, ચાલ્યા જ કરશે. ક્યાં જશે? કોણ જાણે!–કપ્તાને આવીને એક દર્દભર્યાં ગીતમાં આ બધી જાહેરાત કરી.

હા જી; ગીતવ્યાપાર તો સ્વીડિશ ભાષામાં જ. પણ સંગીત અને અભિનય દ્વારા હકીકત સ્પષ્ટ થતી હતી એટલે કથાવિભાગ સમજવાની તકલીફ નહોતી પડતી. આપણે ત્યાં જરીજરીમાં ધ્યાન નહિ આપવાને કારણે, યા વાતે વળગી પડવાને લઇને કંઇ ન સમજાય ત્યારે, બીજાને આપણે કેટલી ખલેલ કરીએ છીએ એનો મનમાં સહેજ પણ વસવસો રાખ્યા વિના, 'હેં શું થયું? હેં કહો તો, શું બોલ્યા? હેં આ કોણ આવ્યો? હેં બધા કેમ હસ્યા?' એમ જે સવાલોની ઝડી વર્ષાવીએ છીએ, એવું થોડું જ કોઇને ત્યાં પૂછી શકાય છે?

દૃશ્યો બદલાતાં રહે છે તેમતેમ અવકાશના ગર્ભમાં ગૂંચવાએલી સૃષ્ટિ દૃશ્યમાન થતી રહે છે. વહાણમાં જાતજાતનાં માણસોની મનોવેદના અને મનોમન્થન પણ એટલાં જ સ્પષ્ટ થતાં રહે છે. તૂતકની પાસેના વિશાળ ખંડમાં બધાં એકઠાં થતાં હવે અનંતકાળ સુધી હર્યાફર્યાચર્યા કરવાનું, એટલે જો જલસો જામ્યો છે તે! લોકનૃત્ય, લોકગીત, લોકકથા, લોકરાસ, લોકભવાઈનાં અલૌકિક દશ્યો જામવા માંડે છે. પૃથ્વીની પાર દૂર દૂર નીકળી ગયા, હવે ત્યાંના રાતદિવસ નહિ, ભૂખતરસ નહિ, ત્યાંના માપબંધી નહિ. નવી જ સૃષ્ટિરચના, ભાષા, સ્થળકાળ બધું જ જુદું. ત્યાં કેટલાકે 'યુર્ગ' નૃત્ય કર્યું: યાલ, ચેમ્બા, ગેના, હેબા, ગમ્બા વગેરે નૃત્યો થયાં. સુરેખ સ્પષ્ટ રેખાઓમાં, પણ પ્રકીર્તિત નૃત્ય નિયમોથી અલાયદાં, સ્વતંત્ર, માનવીની મનોભાવના અનુસરતા. પણ એમ ક્યાં સુધી ચાલે? આખરે તો સૌને ભાન થાય છે કે આ બધાં લાસ્ય તાંડવને પણ છેડો છે, મોજશોખનો યે અંત છે, પણ આ પ્રવાસનો હવે આરો નથી, ચાલ્યા જ કરવાનું, અવકાશના સાગરમાં સરજનહારની વિશાળી સૃષ્ટિમાં એક નાનકડા પરપોટા જેવું આ વહાણ કાળસાગરનાં મોજાં વચ્ચે તર્યા જ કરશે, તર્યા જ કરશે...

અરેરે! મૃત્યુ નથી, જીવન નથી, આરો નથી, ધ્યેય નથી, આધાર નથી, સધ્યારો નથી, આશા નથી; ચાલ્યાં જ કરવાનું; ત્યાં મતિ ભ્રષ્ટ થવા માંડે છે, નિરાશા સાંપડવા માંડે છે, શેલછા નિશ્ચેતના નિષ્ક્રિયતા નિઃસહાય દશા આવરવા માંડે છે. નાટકમાં પછી પ્રતીકરૂપે માણસની સદ્-અસદ્ વાસનાઓનો કથાભાગ યોજ્યો છે, જેમાં લાગણીઓ ને વાસનાઓનાં તુમુલ યુદ્ધ સંગીત નૃત્ય દ્વારા વ્યક્ત કરાયાં છે. અંતે લાગણીઓના ધમપછાડાવાળાએ વીસ વર્ષના પ્રવાસને અંતે એ અવકાશના પ્રકાશવર્ષના તો માત્ર સોળ જ કલાક વીત્યા છે, ત્યારે સૌ એ જહાજના જંગીમાં જંગી 'પ્રકાશવર્ષ ખંડ'માં એકઠાં થાય છે, અને પોતાની નિઃસહાયતાનું તથા પોતાની આસપાસ વિસ્તરેલા વિરાટ અવકાશની ક્રૂર ભવ્યતાનું કરુણ ગીત ગાય છે:

Then we smiled no more
Then wept we to a man.
A journey of twenty years
Is but sixteen hours' way
On the sea of light-year graves.

'અનિયારા' એ આધુનિક બ્રહ્માંડવાદ દ્વારા માનવજીવનની મીમાંસા પ્રતિબિંબિત કરતું કલાત્મક દર્પણ છે, જેમાં ભયની બગલમાં રહ્યો આનંદ નાચે છે. માણસ નાસીને ગમે ત્યાં જશે તો યે એને ચિરસ્થાયી શાંતિ મળવાની નથી. જ્યાં સુધી એ ભયની ધ્રુજારી સાથે આનંદનું નૃત્ય નાચ્યા કરશે ત્યાં સુધી એનો કશો આરોવારો નથી.

૧૯ ('કુમાર' અંક ૪૫૭)

ચા આવો. ક્યાં? બહાર નીકળતાં જ રાજકુંવર ઓલોફ ને રાજકુંવરી કારિનાએ મને મારા હોટેલ ઉપર ઉતારી જવાનો વિવેક કર્યો. મારે જરા ચાલીને જવું હતું, પણ મારું ચાલ્યું નહિ, અને ઊતરતી વખતે બીજે દિવસે એક ખાસ યોજાએલા કાર્યક્રમમાં એમની સાથે જોવા જવાનું નિમંત્રણ આપ્યું એટલું જ નહિ, પણ એ પહેલાં વાળુ પણ એમની સાથે જ કરી લેવા વહેલા આવવાનું ઈજન આપ્યું. જવાની જગ્યા જડે નહિ માટે ગાડી સાડા પાંચ વાગ્યે હોટેલ ઉપર લેવા આવશે એની પણ સાથે સુચના આપી દીધી.

આજે છેલ્લો દિવસ. સાંજ પહેલાં થોડોક સમય ગામમાં ફરી, પછી પ્રો. ઉનરો સાથે મ્યુનિસિપલ થિએટર બંધાવાની જગ્યાએ જઈ, એની રજા લઈ, બને તો પાછા ફરતાં લુગાનો કે બર્લિનની એની ઑફિસમાં એને ફરી મળવાનું નક્કી કરી, ક્યાંક ખાધી છે ઊભાંઊભાં ગરમાગરમ બટાકા ચિપ્સ, તો ક્યાંક પીધું છે મિલ્કબારમાં સરસ દૂધ, તો ચાલતાં વળી તરસ લાગતાં ક્યાંક ગટગટાવ્યું છે એનિકસ મુરકોલ યા મસાલેદાર તમતમતું 'અંગસ્તુરા'. પછી વળી ભૂગર્ભનાં આરસ જેવા પથ્થરોનાં બાંધ્યાં સ્ટેશનો જોઈ, યા ટ્રેનમાં ફરી સાંજે હોટેલ ઉપર પાછો ફર્યો ત્યારે હોટેલ-બૉયે તૈયાર રહેવાની ને તરત ફોનથી ઓલોફ કુંવરને ખબર આપવાની સૂચનાવાળી ચિઠ્ઠી આપી. એની જ પાસે ફોન કરાવ્યો, અને હું તરત મોં ધોઈ કપડાં ઠીકઠાક કરી તૈયાર થઈ નીચે ઊતરું છું ત્યાં જ એમની ગાડી! જવાનું જરા દૂર પરામાં હતું. 'ફોરેસ્ટા' નામના ખરેખર વનરાઈમાં આવેલા નાનકડા સોહામણા રેસ્ટોરામાં રાજકુંવરના એક મિત્રની વર્ષગાંઠ હતી એનો નાનોશો જલસો હતો, ત્યાં જ જમવાનું અને પછી ગીતનૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારત વિશે અનેક પ્રશ્નોના સવાલ-જવાબ કરતાં, શહેરના વિધવિધ લત્તાઓ જોતાં અમે ત્યાં પહોંચ્યા.

બહુ હોંશથી જાતજાતની વાનીઓ ખાઈ, ધરાઈ, તર થઈ બેઠા, ત્યા ગોસ્ટા એકમેન, ઇવાન ને આન્ડર્સ, ત્રણ પ્રખ્યાત સ્વીડિશ નટોએ એક કાર્યક્રમ આપ્યો. એકે એમની મશહૂર નવલકથા લેખિકા સેલ્મા લાગરલૉફના પુસ્તકમાંથી એક પાત્ર, બીજાએ ફ્રોડિંગના કાવ્યમાંથી 'કલાકેન કલોપોપિસ્કી'નું આહ્લાદક પાત્ર, અને ત્રીજાએ ઈબ્સનના 'પીઅર જિન્ટ' ઉપર ગ્રેગે રચેલું સંગીત; તો પહેલાએ ફરી વાર ટાગોરનું 'રંજના' નામે સ્વીડિશમાં એક ગીત રજૂ કર્યું. એ ઉપરાંત, ત્યાંની નૂતન નર્તન પદ્ધતિની ખ્યાતનામ બિરજિત કુલબર્ગે સ્ટ્રિન્ડબર્ગના નાટક



બિરજિત કુલબર્ગનું ફેરોનિયા-નૃત્ય

'મિસ જુલાઇ' પરથી યોજેલું એક નૃત્ય રજૂ કર્યું. બિરજિત તખતા ઉપર આવી ત્યાં તો ચારેકોર ચેતના આવી ગઈ, અને નૃત્ય પૂરું થતાં તો બધાએ એને વારંવાર વધાવી. ત્યાર બાદ એણે પોતાની કલ્પનાથી યોજેલું એક અનેરી ક્રિયા અને મનોરંજક અંગમરોડવાળું 'કરોળિયા-નૃત્ય' કરી બતાવ્યું. કરોળિયો પોતે પોતાની આસપાસ કેવી રીતે કેટલા પ્રકારની જાળ ગૂંથતો ચાલ્યો જાય છે, ને અંતે પોતાની જ જાળમાં કેવો આબાદ ફસાઈ પડી, મથામણ કરતાં પણ નીકળી શકતો નથી, અને છેવટે હતાશ થઈ ભોંય પટકાઈ પડે છે તેનો હૂબહૂ ચિતાર એમાં હતો. આખા નૃત્ય દરમિયાન માનવી પણ એવું જ કર્યા કરે છે એનું ભાન કરાવતું રહેલું આ દિલચસ્પ નૃત્ય ન જોયું હોત તો એક અનેરો લ્હાવો ગુમાવ્યો હોત. નૃત્ય દરમિયાન ઘણાંને લાગેલું કરોળિયાએ મોંમાંથી સાચા જ તાંતણા તાણીને ખરેખરી જાળ ગૂંથી છે; પણ તાળીઓના ગડગડાટ પછી એ વંદન કરવા ઊભી થઈ ત્યારે જાળીબાળી કંઈ ન મળે!

ત્યાં જાતજાતના મિત્રોને મળ્યા, ખાધુંપીધું, ખુશ્બોદાર વાતચીતો કરી, ને લગભગ બારને શુમારે હું મારે ઉતારે ઊતર્યો. અરેરે, આવતી કાલે વહેલી સવારે પ્લેન પકડવાનું? પકડવાનું જ તો વળી!

સ્ટૉકહોમ જેવું જ મનને ગમે એવું નામ નૉર્વેનું ઑસ્લો. ત્યાં થોડા કલાક જ ઊતરી ત્રીજા પ્લેનમાં સાંજ પહેલાં લંડન પહોંચી જવાનું હતું, એટલે રેલવે સ્ટેશન નજીક બાંધેલું એનું નૅશનલ થીએટર જોઈ તરત પાછો ફર્યો. અગાઉથી નક્કી કરેલું એટલે એ બતાવવાની બધી તૈયારી હતી એથી જોવાની મજા આવી. આ લોકો પણ કંઈ સ્વીડિશથી ઊતરે એવા તો નથી જ. વળી બંનેના સ્વભાવમાં એવો મેળ છે કે માંહોમાંહે લડવું એ તો હવે ભૂલી જ ગયા છે. નૅશનલ થીએટરની સામે બાગ, અને પાકો પહોળો ધોરી રસ્તો. એનું નામ જ થીએટર વ્યૂ. એક જમાનામાં મુંબાઇમાં ગ્રાન્ટરોડ પાસે પિલાઉસ એટલે કે પ્લેહાઉસને નામે જગ્યા ઓળખાતી હતી. આજે નાટક-ગલી, નાટકચોક કે એવું નામ આપતાં આંચકો સહીશું. હા, ભાંગને કાયદા પ્રમાણે વર્જ્ય ગણવામાં આવી છે, પણ ભાંગવાડી કહેતાં અચકાઇશું નહિ! (ચાલુ)

ઘરગથુ ઔષધો .... ૧] અરડૂસી

वासायां विद्यमानायामाशायां जीवितस्य च ।
रक्तपित्ती क्षयीकासी किमर्थमवसीदति ॥ (વૈદ્યજીવન)

"પૃથ્વી પર જીવનની આશા સમી અરડૂસી (વાસા) છે, છતાં રક્તપિત્ત ક્ષય અને ઉધરસ (કાસ)ના દર્દીઓ શા માટે નિરાશ થાય છે?" 'વૈદ્યજીવન'ના કર્તાનો આ પ્રશ્ન આજે પણ પૂછી શકાય. વિપુલ પ્રમાણમાં થતી અરડૂસીનાં લીલાંછમ પાંદડાં અવિરત જન્મે છે, સુકાય છે અને ખરી પડે છે. બીજી બાજુ મધ્યમ વર્ગનો માનવી ડૉક્ટર-વૈદ્યનાં આકરાં બિલો ભરતો ભરતો શરીરમનથી ક્ષીણ થતો જાય છે. આ ઘરગથ્થુ ઔષધિને ઘરઆંગણે વાવી વગરપૈસે રોગમુક્ત થઈ શકાય છે. ખાંસી-ઉધરસમાં અરડૂસીમાંથી જ બનેલી દવાઓના મોંઘા દામ ખરચતી આ દેશની નિર્ધન પ્રજા અરડૂસીના તાજા રસને પીવાનું પસંદ કરે એ અનેક રીતે ઇષ્ટ છે.

ચારથી આઠ ફીટ ઊંચા છોડ પર સામસામી ને ઊંચે ચડતી શાખાઓ પર ૪ થી ૮ ઇંચ લાંબાં ને ૨ થી ૩ ઇંચ પહોળાં પાંદડાં એની વિશિષ્ટ કડવી વાસથી તરત પરખાઇ જાય છે. પાંદડાં પણ સામસામાં જ ઊગે છે. લાંબી કલગી જેવી સળીઓ પર થતાં આછા જાંબુડિયા રંગના છાંટવાળાં અરડૂસીનાં નયનાભિરામ શ્વેત ફૂલો મનમાં વસી જાય તેવાં હોય છે.

ગુણધર્મ

અરડૂસી વાયુ કરનાર, સ્વરને માટે હિતકર, કફ પિત્ત અને લોહીની વિકૃતિને મટાડનાર, કડવી, તૂરી, હૃદયને હિતકારી, લઘુ. શીતળ, તરશની પીડા, દમ, ઉધરસ, જ્વર, ઊલટી, પ્રમેહ, કોઢ તથા ક્ષયને મટાડનાર છે. (ભાવપ્રકાશ)

અરડૂસી શ્રેષ્ઠ કફનાશક છે. તેનો કડવો ને તૂરો રસ ઉત્તમરીતે કફનો નાશ કરે છે. કડવા રસવાળાં દ્રવ્યોમાં લેખન અને વિશદ એ બે ગુણકર્મો રહેલા છે. લેખન એટલે ખોતરવું. સ્રોતોમાં ચોંટી રહેલા ચીકણા કાચા કફને ખોતરીને ઉખેડવાનું કામ કડવો રસ કરે છે. આમ કફની ચીકાશ-ભીનાશને દૂર કરી સ્રોતોને વિશદ (સ્વચ્છ) કરવાનું કામ પણ કડવો રસ બજાવે છે. કડવો રસ પાચનનું કામ પણ કરે છે. શરીરમાં ચોંટી રહેલા કાચા કફને પચાવીને લઘુ બનાવવાનું કામ તે પાચનનું કામ. અરડૂસી ઉપર્યુક્ત વિવિધ શારીર ક્રિયાઓ (physical actions) દ્વારા કફને પક્વ કરી, ઉખેડીને શરીરની બહાર કાઢવાનું અતિ મહત્ત્વનું કામ કરે છે. આથી જ કફના રોગોમાં અરડૂસીની પ્રતિષ્ઠા છે. તેમાં ય ઉધરસની તો એ સારામાં સારી દવા છે. કાચા અને ચોંટી રહેલા કફને બહાર કાઢવાની ક્રિયા એટલે ઉધરસ. અરડૂસી પોતાના ગુણકર્મોથી કફનું નિષ્કાસન કરી ઉધરસને મટાડે છે.

અરડૂસીનાં પાંદડાંને સ્વચ્છ કરી ચટણીની જેમ વાટી બે તોલા રસ કાઢી એમાં અર્ધો તોલો ચોખ્ખું મધ મેળવી પીવાથી ઉધરસમાં ઉત્તમ કામ કરે છે. રક્તપિત્ત, જ્વર, ક્ષય અને કમળામાં પણ ઉપર મુજબ અરડૂસીના રસનું સેવન કરવામાં આવે તો અવશ્ય લાભ થાય છે.

કડવા રસને ઉત્તમ પિત્તશામક માનવામાં આવ્યો છે. તાવમાં એથી જ કડવું સુદર્શન ચૂર્ણ અપાય છે. રક્તપિત્તના વ્યાધિમાં મુખ, નાસિકા, ગુદા વગેરે દ્વારોથી રક્તસ્રાવ થયા કરતો હોય છે. આવા ઉપદ્રવોમાં અરડૂસીનાં પાંદડાંનો રસ કાઢી સાકર અને મધ મેળવીને દર્દીને થોડી થોડી વારે ચમચો ભરીભરીને પીવા આપવાનું સુશ્રુતે સૂચવ્યું છે.

ઔષધીય પ્રયોગોમાં વૈદ્યવર શાર્ઙ્ગધરની ખાસ પ્રતિષ્ઠા છે. એમણે આપેલો વાસાદિ ક્વાથ પણ જાણવા જેવો છે. અરડૂસી, દ્રાક્ષ અને હરડે એ ત્રણેના ચાર તોલા ક્વાથમાં અર્ધો તોલો મધ અને અર્ધો તોલો સાકર મેળવી પીવાથી રક્તપિત્ત, ક્ષય, કાસ તથા રક્તપિત્ત જ્વર નષ્ટ થાય છે. આ પાઠ મૂળમાં હારિતસંહિતા અને ચરકસંહિતામાં પણ છે. એ પાઠ પર શાર્ઙ્ગધરના અનુભવની મહોર હોવાથી એ વધુ કીમતી છે.

અરડૂસી, દ્રાક્ષ અને હરડે એ ત્રણેનું ચાર તોલા મિશ્રણ કરી અધકચરું ખાંડી નાંખવું. પછી માટીના પાત્રમાં આ ચાર તોલા દ્રવ્યોને ૬૪ તોલા પાણી નાખીને પાત્રને સગડી પર મૂકવું. આઠ તોલા બાકી રહે એટલે ઉતારી લેવું. આ ક્વાથમાંથી સવારસાંજ ચાર ચાર તોલા ક્વાથનો (વસ્ત્રથી ગાળીને) ઉપયોગ કરવો.

અરડૂસીના ઔષધીય પ્રયોગોનો પાર નથી. વૈદ્યેતર પ્રજા ઉપર્યુક્ત ઘરગથુ પ્રયોગોને જાણે અને પ્રયોજે તો ખોટા ખર્ચમાંથી બચી જાય અને ચિરંજીવ લાભ મેળવી શકે.

લાભશંકર ઠાકર

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ ૧૯૯૩ અંક ૧૫૭

યુગેયુગે નવેનવે નામે પ્રસિદ્ધ થએલું કોઈ ધર્મસ્થાન હોય તો તે નાશિક. કૃતયુગમાં પદ્મનગર, ત્રેતામાં ત્રિકંટક, દ્વાપરમાં જનસ્થાન અને કલિયુગમાં નવશીખ, એવાં અનેક નામોથી પ્રસિદ્ધ થએલી એ નગરી, જેનું ગ્રીક ફિલસૂફ ટૉલેમીએ વર્ણન કર્યું છે, ને વરાહમિત્ર(ઈ. ૫૦૦)ની ભૂગોળમાં જે જંબુદ્વીપમાં ગણાઈ છે તેનો માહિતીભરપૂર પરિચય પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં શ્રી સુરેશ દીક્ષિતે લખેલો તે આજે યે એટલો જ રસમય છે.

મુસલમાની રાજ્યના દફતરે તેનું નામ ગુલશનાબાદ લખાતું. રામસીતાના વનવાસમાં એમના વસવાટથી પવિત્ર બનેલી ને રાવણના આગમનથી ઐતિહાસિક બનેલી ભૂમિ આજે યે એ નામોના પડઘા પાડે છે. નવશીખનું અપભ્રંશ તે નાશિક. એ નામનો પહેલો ઉલ્લેખ લગભગ બાવીસસો વર્ષ પહેલાં થયો છે. નાનાંનાનાં નવ શિખરો (ટેકરીઓ) વચ્ચે આવેલા એ નગરનું નામ સુયોગ્ય છે. જૂની ગઢી (જ્યાં ઓરંગઝેબનો કોટ છે), નવીગઢી, ગણપતિ, મહાલક્ષ્મી, ચિત્રઘંટ, એવાં આ ટેકરીઓનાં નામ છે. ત્યાંનાં આબોહવા સારાં છે. શિયાળે ૬૧° શીત, ઊનાળે ૯૦° ઉષ્ણ ને ચોમાસે ૩૦–૩૫" વરસાદ પડે છે.

આ પ્રાચીન સ્થળ ઉપર અનેક રાજ્યના, અનેક ધર્મમાર્ગના અવશેષ વિખરાએલા છે. વૈષ્ણવ, બૌદ્ધ, શૈવ અને જૈન માર્ગનાં અનેક દહેરાં-મંદિરોથી આ સ્થળ મઢાએલું છે.

નાશિક એ ગુજરાતી સરહદનું નાકું છે. પ્રાચીન કાળમાં માળવાના સીથીઅન કે પાર્થીઅન રાજા નહપાને અહીંના બૌદ્ધધર્મી રાજાને હરાવી પોતાનું રાજ્ય સ્થાપેલું મનાય છે. લગભગ ઈ. ૪૮૦માં અહીં ગુજરાતના ચાલુક્યોનું અને તે પછી ઈ. ૭૮૫ થી ૮૧૦ સુધી રાઠોડોનું રાજ્ય હતું. તે પછી યદુગિરિનું યાદવ રાજ્ય થયાનો આલેખ છે. અગિયારમા–બારમા સૈકામાં નાશિક જૈન ધર્મનું કેન્દ્ર થયું. ૧૨૯૫ માં અલ્લાઉદ્દીન ખિલજીએ ગુજરાત જીતી નાશિક લીધું. ૧૬૧૮માં બંધાએલો દિલ્હી દરવાજો ને તે પરનો ફારસી લેખ મુસલમાની સત્તાની બાંગ આજે યે પોકારે છે. ૧૭૬૦માં ફરી ભાગ્યપલટો થયો. મરાઠાઓની તલવારે મુસલમાનોને હાંકી કાઢ્યા અને પેશ્વાના સમયમાં નાશિક પૂનાથી બીજું રાજકીય અને પહેલું ધાર્મિક સ્થાન બન્યું. પૂનામાં નથી એટલા પેશ્વાઈના અવશેષ નાશિકમાં છે. એ કાળમાં ચાલતા 'જરીપટકા'ના રૂપિયા અહીં પડતા. આજે યે સરકારની કાગળની નોટો અને ટિકિટો પણ અહીં જ છપાય છે.




ગામની વચ્ચે ગોદાવરી વહે છે. નદીને ડાબે કિનારે રામાયણના કરુણ કેન્દ્ર જેવી પંચવટી છે. તેનું નૈસર્ગિક લાવણ્ય ને પવિત્રતા આજે અલોપ થયાં છે. આજે તો એ ધર્મશાળાઓ, આરોગ્યભુવનો અને બજારથી ખીચોખીચ ભરાઈ છે. સાપના લિસોટા રહ્યા છે. પંચવટીમાં સીતાગુફા કરીને ઊંડા ભોંયરા જેવી છાએલી જગ્યા છે જે સ્થળે સીતાહરણ થએલું કહેવાય છે. તેમાં ટૉર્ચ વિના ઊતરાય એમ નથી, અંદર ઊતર્યા પછી ગૂંગળાયા વિના છૂટકો નથી. અંદર ત્રણ ભોંયરાં છે. દરેક ભોંયરું ૫×૫ ફૂટથી વધારે નથી. છેલ્લા ભોંયરામાં છ ઇંચનું મહાદેવનું લિંગ છે. રામસીતા એની પૂજા કરતા એમ લોકવાયકા છે. સીતાગુફાથી બે એક માઈલ આઘે તપોવન છે. 'આ સ્થળે લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપેલું. પેલે સ્થળે પર્ણકુટી હતી ને પાસે જ ગૌતમઋષિએ તપ કરેલું' એવું ભોમિયા કહેશે. અહીં સરસ્વતીનો સંગમ ગોદાવરી સાથે થાય છે. નદીના પટમાં પાપપુણ્યના કુંડ છે. કલિયુગના આ તપોવનમાં આજે તપે નથી અને વને નથી. આજે તો એમાં ભાવિકોની શ્રદ્ધા ઉપર કમાણી કરતા ભિખારીઓ અને મકાઈનાં ખેતરો થઈ ગયાં છે. છતાં યે ગઈ કાલે જ સીતારામ ઘર ખાલી કરી ગયાં હોય એવી ભાવનાથી રામરાવણને અમર કરતા યાત્રાળુઓનાં ટોળાં આપણને વિસ્મય પમાડે છે.

નાશિકથી પાંચ માઇલ દૂર ઊંચે (૩૫૦ ફૂટ) ટેકરી ઉપર 'પાંડવલેના' છે. એ ગુફાઓ છે તો બૌદ્ધધર્મની, પરંતુ ગામડાંના લોક તેને પાંડવોની ગુફા કહે છે. આ ગુફાઓ લગભગ ઈ. સ. પૂર્વે ૨૦૦થી ઈ. સ. ૬૦૦ સુધીમાં જુદે-જુદે કાળે કોતરાએલી છે. પ્રાચીન કાળમાં આ સ્થળને 'ત્રિરશ્મિ' કહેતા, કળાદૃષ્ટિએ કાર્લા અને કૅનેરી જેટલી ચડિયાતી નથી, પરંતુ તેમાં અજબ રીતે સચવાઇ રહેલા ૨૭ સંસ્કૃત-પ્રાકૃત મિશ્ર લેખોમાં અતિ અગત્યનો ઇતિહાસ લખાએલો છે. હિંદુ રાજ્યસમયની ધર્મભાવના અને રાજરાજેશ્વરોનો મહત્ત્વનો ઉલ્લેખ એ કરે છે. આ 'લેના'માં ચોવીસ નાનામોટા ખંડ છે. તેમાં એક ચૈત્ય(નં. ૧૮) ને ત્રણ વિહાર (નં. ૩, ૧૦, ૨૧) નિરીક્ષણ કરવા યોગ્ય છે.

કોઈ પણ તીર્થનું આકર્ષણ કે પવિત્રતા તેના દેવ અને મંદિરો ઉપર, તેની પ્રાચીનતા અને તે ભૂમિને પાવન કરી ગએલા મહાજનો ઉપર હોય. નાશિકમાં નાનામોટાં સાઠ મંદિરો છે. તે ઉપરાંત ભીખ માગવાના સાધન તરીકે જ્યાં-ત્યાં શિલાઓ, ચિત્રો વગેરે અનેક છે.

આજનાં ઘણાંખરાં મંદિરો તો પેશ્વાના સમયમાં (૧૭૫૦–૧૮૧૮) જીર્ણોદ્ધાર થએલાં કે બંધાએલાં છે. ચોથા પેશ્વા માધવરાવની મા ગોપિકાબાઈની આસ્થાનાં કેટલાંક સ્મારક છે. હિંદુસ્તાનભરમાં દેવસ્થાનો બંધાવવા માટે પ્રસિદ્ધ અહલ્યાબાઈ હોળકરે (૧૭૬૫–૯૫) અહીં પણ હાથ લંબાવ્યો છે. સર્વ દેવસ્થાનોમાં 'કાળારામ'નું મંદિર અતિ પવિત્ર અને તેના સભામંડપની સુંદરતા માટે જાણીતું છે. ત્રેવીસ લાખ રૂપિયાને ખર્ચે બાંધેલું આ મંદિર રામનવમીએ પોતાનો મહિમા સિદ્ધ કરે છે. તે દિવસે ગોપિકાબાઈએ આપેલા વિરાટ રથમાં મૂર્તિ પધરાવી સો બ્રાહ્મણો તેને ખેંચી જનસમૂહને તેનાં દર્શન કરાવે છે. બીજો રથ નવરાત્રીમાં બાલાજીના મંદિરમાંથી નીકળે છે. બીજું જોવા જેવું દહેરું નારુશંકર મહાદેવનું છે. આ દહેરાને ગોદાવરીનું પાણી અટકીને વહે છે. અઢાર લાખ રૂપિયાને ખર્ચે પેશ્વાના સરદાર નારુશંકરે બંધાવેલું આ મંદિર શિલ્પકળાનો નમૂનો છે. મહાદેવના દહેરાની દીવાલ ઉપર મોટો ઘંટ છે. આ ઘંટ ઇતિહાસનો એક રણકો છે. પરિધમ



'ચિત્રકલામાં સ્વશિક્ષણ' એ નામની લેખમાળા પચ્ચીસ વર્ષ પર 'કુમાર'માં ચાલુ રાખવાના મનસૂબાનું આ પહેલું પગથિયું હતું.

શાહી અને ટાંકની સૃષ્ટિ

દરેક જણ ટાંક કે પેનથી ઘણુંઘણું લખે છે, પણ એના પર કાબૂ મેળવવાથી અજાણ હોય છે. તેમને આ ઉપયોગી થશે. ટાંકથી ચિત્રો કરવાં અઘરાં છે, પેન્સિલનું ચિત્ર તો ભૂંસીને સુધારી શકાય, પણ શાહીથી દોરેલું ચિત્ર બદલી શકાતું નથી. તેથી ટાંકની ચાલ સ્થિર બનાવવાને આંગળાંને તૈયાર કરવાની જરૂર છે. તમને જલદી હાથ બેસે એવી ગતો પહેલી કરવા માંડો. ધીરેધીરે એકસરખી રેખાઓ દોરવાની શક્તિ વધવા માંડશે. શરૂમાં હાથ બરોબર ન ચાલે તો પાતળો લીસો કાગળ આ ચિત્ર ઉપર રાખી એક ને એક ગત અનેકવાર દોરવી. પછીથી આધાર વગર કરી જોવી. આકૃતિઓને પડખે તીર મૂકયાં છે એ ટાંક ચલાવવાની દિશાના સૂચન માટે છે.

૮

તે છ ફૂટ છે ને તેનો અવાજ જંગી છે. એના ઉપર અંગ્રેજીમાં ૧૭૨૧ની સાલ લખેલી છે. મનાય છે કે નારુશંકરે કોઈ પોર્ટુગીઝ દેવળનો ઘંટ ઉઠાવી લાવી મહાદેવને અર્પણ કરેલો.

ત્રીજું મોટું મંદિર સતી દરવાજા પાસે આવેલું સુંદરનારાયણનું છે. આ દરવાજે સ્ત્રીઓ પતિના શબને ખોળામાં લઈ અગ્નિજ્વાળાએ સહગમન કરતી. આ મંદિર દસ લાખ રૂપિયાને ખર્ચે હોળકરના સરદાર ગંગાધર યશવંત ચંદ્રચૂડે ૧૭૫૬માં બંધાવેલું. એમાંની નારાયણમૂર્તિ એવી રીતે ગોઠવવામાં આવી છે કે ૨૦-૨૧મી માર્ચે સૂર્યકિરણ નારાયણના પગે પડે. કાર્તિકી પૂનમે મંદિર દીપમાળાથી ઝગઝગી રહે છે. ચોથું સારું મંદિર નીલકંઠેશ્વરનું છે. આ ઉપરાંત ગોદાવરીના પટમાં નારુશંકરની સામે આંખને ખૂંચે એવું લાલસફેદ ઘુમ્મટનું તારકેશ્વરનું મંદિર છે.

પંચવટી અને નાશિકની વચ્ચે થઈને ગોદાવરી નદી વહે છે. અહીં નદીનો પટ ૮૦ વાર પહોળો અને તદ્દન પથ્થરનો છે. ઉનાળામાં એમાં પાણી નહિ જેવું જ રહેતું હોવાથી ગામનો અવરજવર નદીમાર્ગે જ થાય છે. નદીમાં જવલ્લે જ રેલ આવતી હોવાથી પટમાં નાનાં મોટાં અનેક મંદિરો બંધાયાં છે. નાશિકની આ એક અજાયબી છે. ચોમાસામાં અર્ધા ડૂબેલા મારુતિ, ડૂબું ડૂબું થતા ગણપતિ કે મહાદેવના નંદી કંઈ વિચિત્ર ભાસ કરાવે છે. અરુણા ને વરુણા નામના બે નાના વહેળા નદીને અહીં મળે છે. પટમાં ઘોળારામના મંદિર પાસે ગોદાવરીનું એક મંદિર છે, જે બાર વર્ષે સિંહસ્થના મેળા વખતે ઊઘડે છે. એ જ હારમાં મહિષાસુરમર્દિની, મારુતિ, ગણેશ વગેરેનાં મંદિરો પેશ્વાના ગોર હિંગણેએ બંધાવેલાં છે. શીતળા માતાનું પણ એક મંદિર અહીં છે. વર્ષો પહેલાં રામભટ ધારપુરે નામના માણસે પોતાના છોકરાને બળીઆ નીકળવાથી માતાની બહુ યે પૂજા કર્યા છતાં છોકરો મરી ગયો એટલે એણે રીસ લાવી મૂર્તિ તોડેલી. રામભટના એ તર્ક પ્રમાણે તો આજે એક પણ દેવ ઊભા રહી શકે એમ નથી, ખરું જોતાં તો 'न काष्ठे विद्यते देवो न पाषाणे न कर्दमे'।

નદીના પટમાં પવિત્રમાં પવિત્ર જગ્યા 'રામકુંડ' છે, જે કુંડમાં રામ સ્નાન કરતા હતા એમ કહેવાય છે. અધિક માસ કે પવિત્ર પર્વને દિવસે શ્રદ્ધાળુઓનો ત્યાં દરોડો પડે છે. હાથમાં દર્ભ અક્ષત અને કંકુ લઈ યજમાનોને પ્રાયશ્ચિત્ત કે શ્રાદ્ધ કરાવતા કે જરા વધારે ગંગાભેટ આપવા માટે એમને આગ્રહ કરતા ગોર કુંડ પાસે થતા કોલાહલના તે સંચાલકો છે. પૈ પૈસાનાં ફૂલ લેવા આજીજી કરતી માલણ કે માથાનું મુંડન કરતો હજામ આ જ ચિત્રનાં પાત્રો છે. ભિખારાંને તો આ મહાલવાની જગ્યા છે. ખિસ્સામાં હાથ નાખો કે એક મોટું ટોળું તમારા પર તૂટી જ પડવાનું. પછી એ

ટોળામાં રક્તપિત્તિયાંથી માંડી જાતજાતનાં આંધળાં, કૂબડાં અને રોગી પણ હોય. ભસ્મ થએલા દેહનાં હાડકાં પણ આ જ સ્થળે પધ-રાવાય છે. ગંગાગોદાવરીમાં પાવન થઈ ગોદા-વરીસ્નાન ઊજવતાં અને ટોળે મળી પાણીના લોટા ફેરવતાં ગાતાં બૈરાં આ પવિત્ર સ્થાને પુણ્ય લૂંટે છે ને મૃત્યુ પછીનો મોક્ષ નક્કી કરે છે! બ્રાહ્મણને જમાડવાનો સંકલ્પ કરી કેટ-લાયે શ્રદ્ધાળુઓ પિતૃઓને માટે સ્વર્ગનાં દ્વાર અહીં ખોલે છે. કાદવકીચડ અને ગંદકી તો પાર વિનાની છે. છતાં રામ અને ગૌતમ ઋષિએ પાવન કરેલી ગોદાવરીનો પ્રવાહ સતત પાપપુણ્યને ઘસડતો વહ્યા કરે છે.


અલ્લાઉદ્દીન ખિલજી અને મહમ્મદ બેગ-ડાના જુલ્મથી સિદ્ધપુર અને ચાંપાનેરથી નાસી છૂટી યજુર્વેદી બ્રાહ્મણો નાશિકમાં આવી વસ્યા છે. તેઓ પેઢીઉતાર ગોરનો ધંધો કરે છે. નાતનાતના ગોર જુદા. દરેક ગોર પાસે પરાપૂર્વના ચોપડા હોય છે, જેમાં કેટલી યે પેઢી-નાં નામ જડે. ૫૦૦-૬૦૦ વર્ષના જૂના ચોપડા તો સહજે મળે. તેઓ વંશાવળી સાબિત કરી આપે છે, અને એ જ રીતે નાશિકના ગોરે સયાજીરાવની પેઢી સાબિત કરી આપી વડો-દરાની ગાદી ઉપર એમને હક અપાવેલો!

નાશિકનાં ત્રાંબાપિત્તળનાં વાસણ વખ-ણાય છે. અહીંના તાંબટ પણ અસલ ગુજ-રાતના વતની છે. તેઓ હજુ યે ચાંપાનેરની કાળીની પૂજા કરે છે ને બહાર મરાઠી ને ઘર-માં ભાંગ્યુંતૂટ્યું ગુજરાતી બોલે છે. વાસ-ણમાં ખાસ કરીને અભિષેકપાત્ર, સંપુટ. ઘંટા, આરતી, હાંડા, ગાગર અને તપેલાં બને છે. નાશિકનાં જૂનાં ઘરોનો આગલો ભાગ લાક-ડાંનો હોય છે. હિંગણેવાડા અને રામજી કંસા-રાનાં ઘરની લાકડાની નકશી ધ્યાન ખેંચે છે.

નાશિકથી પાંચ માઈલ ગંગાપુર નામના ગામડા પાસે ચોમાસે નાનો ધોધ પડે છે. આ ધોધને 'દૂધસ્થળી' કહે છે.

નાશિકથી અઢાર માઈલ દૂર ત્ર્યંબકેશ્વરનું મંદિર છે. ત્ર્યંબક (ત્રિ–અંબક) જ્યોતિર્લિંગ છે. નાશિક માફક ત્ર્યંબક જવાનો ચાર આના કર હિંદુઓએ આપવો પડે છે. એ ચાર આના લેવાય છે તો સ્વચ્છતા માટે, પરંતુ જાત્રાનાં આ બંને સ્થળો અસ્વચ્છતા માટે પ્રખ્યાત થવા લાયક છે. કૉલેરા અને ટાઈફૉઈડ જેવા રોગો અહીં અવારનવાર ફાટી નીકળે છે.

ગૌતમી તટે ત્ર્યંબકેશ્વરનું મંદિર બાલાજી બાજીરાવે (ઈ. ૧૭૪૦–૬૦) બંધાવેલું. મંદિર પર્વતની તળેટીમાં છે. આજે યે વર્ષે બાર હજાર રૂપિયા સરકાર મંદિરને આપે છે. શ્રાવણ મ-



પાંડવગુફાને ખોટે નામે ઓળખાતી નાશિક પાસેની કલાત્મક બૌદ્ધ ગુફાઓ

હિનાને સોમવારે સાંજે મહાદેવનો વરઘોડો નીકળે ત્યારે મહાદેવની મૂર્તિને ત્રણેક લાખની કિંમતનો મુકુટ પરાવાય છે. દહેરા પાછળ લીલથી છલોછલ એક વાવ છે. તેથી જરા દૂર ચોપાસ બાંધેલો 'કુશાવર્ત'નો પવિત્ર કુંડ છે. કુંડનું પવિત્ર જળ ગંદુ દુર્ગંધભર્યું ને ચીકણું છે. પાપ અને રોગ બંને એમાં ધોવાય છે. પિતૃને પિંડ આપવા કુંડમાં સ્નાન કરવું ને તેના પાણીનું આચમન કરવું આવશ્યક છે! જળમાં ખદબદતા અનેક જીવો ઘણા ભાવિ-કોને સ્વર્ગનું હુકમનામું તરત કરી આપે!

ત્ર્યંબકના પહાડમાં ગોદાવરીનું મૂળ છે. તે જોવાને પર્વતનાં ૭૫૦ પગથિયાં ચડવાં પડે છે. પહાડ ચડ્યા પછી ગંગાદ્વારની મૂર્તિનાં દર્શન થાય છે. આ મૂળને ગંગા કહે છે. એ મૂળ એટલે પહાડના ટપકતા પથ્થરમાંથી નીકળતો રેલો. એ રેલો વધતાં વધતાં ૯૦૦ માઇલ પૂર્વ તરફ વહે છે, ને અનેક નદીઓને પોતાના ઉદરમાં સમાવતાં એ નર્મદાથી લાંબી નદી બને છે.

ગંગાદ્વારથી ઊતરીને પર્વતની ટોચે પહોં-ચવા માટે બ્રહ્મગિરિ ચડવો પડે છે. પાસે ૧૮૦૦ ફૂટ ઊંચે આવેલો ત્ર્યંબકનો વિકટ કિલ્લો છે. ના-શિક જીતતાં પહેલાં અંગ્રેજોને એ તોડવો પડે-લો. નાશિકની આસપાસ આવેલી પર્વતમાળા સહ્યાદ્રિની છે. નાશિક ને ધરમપુર વચ્ચે ડુંગરનું જંગલ છે. આ જિલ્લાના વિસ્તારમાં ૩૮ કિલ્લાઓ છે. મધ્ય કાળમાં ઉત્તરમાંથી દક્ષિણ તરફ આક્રમણ કરવાનો આ સૈન્યમાર્ગ હતો. આજે તો એ સર્વ કિલ્લાઓમાં ઘાસ ઊગે છે અને જંગલી પ્રાણીઓ વસે છે.

કલાવાર્તા

કલાજગતનાં દાદીમા

ગઈ ૧૩મી ડિસેમ્બરે ૧૦૧ વર્ષની વયે મૃત્યુ પામનાર આન્ના મેરી રૉબર્ટસન મોઝિઝ



કોઇ કળાશાળાએ ગયાં ન હતાં—બલ્કે ૭૬ વર્ષની વયે 'આર્થ્રાઇટિસ'થી અકડી ગએલાં એમનાં આંગળાં ભરતકામના સોયા પકડવાને સમર્થ ન રહ્યાં ત્યારે જ એમણે ચિત્રકામમાં વખત કાઢવાનું વિચાર્યું ને પીંછી પકડી અને—

—અને ન્યૂ યૉર્ક રાજ્યના ઈગલબ્રિજ નજીકના એક નાના ખેતરઘરના રસોડામાં ટેબલ પર મેસોનાઇટનાં પાટિયાં મૂકીને તૈલરંગી પીંછીથી એમણે અમેરિકાના પ્રારંભિક કાળનાં ચિત્રો બાલસહજ ઊર્મિ અને શૈલીથી આલેખવા માંડયાં : ખેતરો, મોતીના દાણા જેવા વેરાએલા વસવાટો, બરફછાયાં મેદાનો, લોકોના રોજિંદા વ્યવસાયો, તેમના આનંદમેળા આદિનાં અનેક વિવિધરંગી સ્મરણો. અને—

—અને શરૂઆતમાં ચાર ડૉલરે નંગ લેખે વેચાવાં શરૂ થએલાં એમનાં ચિત્રોની કિંમત ૧૦,૦૦૦ ડૉલરે પહોંચી; એમના અવસાન સુધીમાં ૧૮૦૦થી યે વધુ એમનાં ચિત્રો ૧૦૯ પ્રદર્શનોમાં બતાવાયાં અને એકલાં એમનાં નાતાલનાં કાર્ડો જ બધાં મળીને ૪ કરોડ ને ૮૦ લાખ જેટલાં વેચાયાં : કાપડ, માટી કામ, લાદી વગેરે પરની કળાકૃતિઓ તો જુદી.



દાદીમા મોઝિઝનું એક ચિત્ર

૧૮૬૦માં એમનો જન્મ થયો ત્યારે અબ્રાહમ લિંકન હજુ પ્રમુખસ્થાને આવ્યા ન હતા. જીવન ત્યારે કઠિન હતું. બારમે વર્ષે તો નોકરડી તરીકે આજીવિકા કમાવા એમણે ઘર છોડયું. ૧૫ વર્ષની ઘરુકી તાલીમ બાદ ટૉમસ મોઝિઝ નામના ખેડૂત દાડયા સાથે લગ્ન કર્યું અને સ્વતંત્ર સંસાર શરૂ કરી ૧૯૨૭માં પતિ ગુજરી ગયા ત્યાં સુધીમાં ઘર ને ખેતર સંભાળ્યાં. દસ બાળકો થયાં જેમાંનાં પાંચ જીવ્યાં, ને તેમના પુત્ર-પૌત્ર-પ્રપૌત્રોના પરિવારનાં એ દાદીમા ખેતકામ ન કરી શક્યાં ત્યારે એમની નિજી હૈયાઉકલતની કળા એવી પાંગરી ને પ્રસરી કે સમસ્ત અમેરિકા તથા જગતનાં 'દાદીમા મોઝિઝ' (ગ્રાન્ડમા મોઝિઝ)તરીકે એ ખ્યાત થઈ ગયાં.

અશ્વોનો આલેખક

'મારી પોતાની જ પસંદગીની વાત હોય તો મારો પ્રિય ચિત્રવિષય અશ્વ છે. મારી દૃષ્ટિએ ઘોડો સર્વતોમુખી પ્રાણી છે. સર્વાંગસુંદર શરીરબંધારણ, લયબદ્ધ હલનચલન, ગાણિતિક સમતુલન સાથે કંઇક ફિલસૂફીની છાંટનું તેનામાં ઉત્તમ સંમિશ્રણ જોવા મળે છે. બહુ નજીકથી મેં એનો અભ્યાસ કર્યો છે; અનેકવિધ મિજાજમાં અને વિવિધ શૈલીએ મેં એને આલેખ્યા છે, ને હજી યે ચીતર્યા કરું છું.'

પીંછીના વેગવાન સપાટાઓથી ચીતરેલા ઉપલા જુસ્સાદાર અશ્વના ચિત્રકાર જ્હૉન લી જૂ ફોરના આ શબ્દો છે. ૩૨ વર્ષના આ યુવાન મલાયન કલાકાર એમના દેશની સરકારની શિષ્યવૃત્તિ મેળવી હાલ લંડનમાં કૅમ્બવેલ સ્કૂલ ઑવ આર્ટમાં ચાર વર્ષનો અભ્યાસ કરી રહ્યા છે. પૌરુષભર્યો જુસ્સો અને ક્રિયાવેગ, સંજ્ઞાત્મક આલેખન અને શુદ્ધ કલાભાવ એ એમની ચિત્રણાનાં આગવાં અંગો છે.





ગુજરાત રાજ્યના બીજા કલાપ્રદર્શનમાં રજૂ થએલી બે કૃતિઓ



ટાંગાનિકાની ઉહુરુ ટિકિટો 'ટાંગાનિકાની પ્રજા મશાલ પેટાવશે ને એને કિલિમાંજારોના શિખર પર સ્થાપશે, જ્યાંથી તે આપણી સીમાઓની યે પેલી પાર ગમે ત્યાં વસતા આપણા અનુગામીઓને આશાનાં કિરણ સમો પ્રકાશ આપશે'. પોતાના પ્રથમ વડાપ્રધાન મિ. જુલિયસ ન્યેરેરેના આ પ્રેરક શબ્દો સાથે ગયા ડિસેમ્બરની ૯મી તારીખે સ્વતંત્ર થયેલા ટાંગાનિકાએ એ પ્રસંગને ઊજવતી અગિયાર નવી ટપાલ ટિકિટો બહાર પાડી છે. મિ. વિ. વ્હાઈટલે એ કરેલાં આલેખનનો ને રચનાઓ પરથી મેસર્સ હૅરિસન ઍન્ડ સન્સ લિમિટેડે આ ટિકિટો ફોટોગ્રેવ્યોરથી, વૉટર માર્ક વિનાના કાગળ પર છાપી છે. ટાંગાનિકાના સામાજિક અને આર્થિક ક્ષેત્રની યોજનાઓનાં દ્યોતક આલેખનો એ આ ટિકિટોનો વિષય હોવા ઉપરાંત, પ્રત્યેક ટિકિટ પર વડાપ્રધાન ન્યેરેરેના શબ્દને ચિત્રિત કરતું મશાલગ્રસ્ત હસ્તનું ટચુકડું આલેખન, સ્વાતંત્ર્યદિનની તારીખ અને સ્વાતંત્ર્ય માટેનો એમની ભાષાનો શબ્દ ઉહુરુ અંકિત છે. આ ટિકિટો વિષેનું વધુ વર્ણન બાજુમાં આપ્યું છે. મોકલનાર: સૂર્યકાન્ત આર. દેસાઈ (દરિસ્સલામ). એ ઉપરાંત નીચેના બીજા કુમાર-ગ્રાહકોએ પણ ફર્સ્ટ ડે કવર ઉપર શક્ય તેટલી ટિકિટો ચોડીને મોકલી છે; માધવજી ડાહ્યા (ઇરિંગા), હસમુખ શાહ (નાકુરૂ), ડાહ્યાભાઇ મગનલાલ (દારેસ્સલામ) એન જે. એમ. સોની (લોટુગ્બો).

ટિકિટ સંગ્રહ



રેલવે શતાબ્દી નિમિત્તે પાકિસ્તાને બહાર પાડેલી બે ટિકિટો. એમાં ઈ. ૧૮૬૧ ને ૧૯૬૧ના આંકડાની રેલવેના પાટા દ્વારા કરેલી ચાતુરીભરી રજૂઆત સાથે, જૂનાં ને આધુનિક ઍંજિનોનાં આલેખનોની સુંદર રચના કરી છે. (નૂરદીન લુલ્ફ-કરાચી)

અથાણું

ટેલિફોનની ઘંટડી વાગી અને મગનલાલ શેઠને કોઇકે ફોન પર બોલાવ્યા. પણ શેઠના નોકરે કહ્યું; 'અત્યારે સવારે ચાર વાગ્યે શેઠ સાથે વાત નહિ થાય.'

પણ સામેથી અવાજ આવ્યો, 'મારે શેઠ સાથે વાત કરવી જ છે.' છેવટે નોકરે શેઠને જગાડી ફોન આપ્યો. સામેથી અવાજ આવ્યો, 'મગનલાલ શેઠ કે.'

'હા, હું મગનલાલ.'

'તમે તમારો સ્ટોર ક્યારે ખોલશો?'

'સવારે નવ પહેલાં નહિ. આવો પ્રશ્ન પૂછવાનો તમે સમય તો મઝાનો શોધી કાઢ્યો!'

'એ પહેલાં સ્ટોર નહિ ખોલો?'

'ના. અને મને ફરીથી ટેલિફોન ન કરતા.' કહી મગનલાલે તરત ફોન મૂકી દીધો.

થોડી વારે ફરી ઘંટડી વાગી. એ જ માણસે પૂછ્યું, 'મગનલાલ શેઠ?'

મગનલાલે કહ્યું, 'હા.'

'તમે સ્ટોર ક્યારે ખોલશો? મગનલાલે કહ્યું,' મેં તમને એક વાર કહ્યું કે સવારે નવ વાગે. હવે મહેરબાની કરી મને ન જગાડશો.'

વળી થોડી વાર પછી એ જ માણસે ફોન કર્યો. મગનલાલ ખૂબ ગુસ્સે થયા ને કહ્યું 'સવારે નવ વાગ્યે, એમ તો મેં તમને કહી દીધું. સવારના નવ પહેલાં કોઈ હિસાબે તમે મારા સ્ટોરમાં દાખલ થઈ શકશો નહિ.'

સામે છેડેથી મંદ અવાજ આવ્યો: 'દાખલ કોને થવું છે? મારે તો બહાર નીકળવું છે!'

ફતેહ મામદને તેના મિત્રે પૂછ્યું, 'છાતી પર આ ઢેકો શાનો દેખાય છે?'

'એ તો પહેલવાનખાં માટેની તૈયારી છે.' ફતેહમામદે ગૌરવથી ઉત્તર આપ્યો, 'જ્યારે જ્યારે તે મને મળે છે, ત્યારે મારી છાતી પર મુક્કો મારી ખિસ્સામાં રહેલી સિગારેટની પેટી તોડી નાખે છે. આજે તો એ બચ્ચાને યે ખબર પડશે. મેં બંને ખિસ્સામાં બે બૉંબ રાખ્યા છે.'

દૂધ

શક્તિ પ્રોટીન વિટામિનો ને ખનિજદ્રવ્યોનું સમૃદ્ધ સાધન

એ કુદરતે બનાવેલો વિશિષ્ટ ખોરાક છે ❡ તેનું પોષણમૂલ્ય અદ્વિતીય છે ❡ બાળકને વૃદ્ધિના કાળમાં આહારનાં બધાં ઘટકો આપતો એ પથ્ય ખોરાક છે ❡ રક્ષણાત્મક ખોરાકમાં શાકભાજી અને ફળો કરતાં તે મોખરે છે ❡ રાંધવા કે ચાવવાની કડાકૂટ વિના સીધું ખાઈ શકાય છે.

આહાર અને આરોગ્ય · ૨૫મો હપતો · લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દૂધ એક જ એવું દ્રવ્ય છે કે જેનું કુદરતી કામ અનન્ય આહારોપયોગિતાનું છે; ને આ એક જ ખાદ્ય એવું છે કે જેના બદલામાં ચાલે એવું સંપૂર્ણ સંતોષકારક પ્રતિનિધિ દ્રવ્ય કોઈ નથી. પોષણનાં ચાર મુખ્ય પાસાંઓમાં દૂધ આગળપડતા મહત્ત્વનું છે. આ છે શક્તિ, પ્રોટીનો તથા એમાઇનો એસિડો, ખનિજ દ્રવ્યો અને વિટામિનો, કૅલ્શ્યમ ને રિબોફ્લેવિન (વિટામિન 'બી' ૨) મેળવવાનું મુખ્ય સાધન તો દૂધ છે જ, પણ આહારમાં પ્રોટીન, ખનિજ દ્રવ્યો અને વિટામિનોની સુસમતોલ યોગ્યતા જાળવવામાં યે તેનું અનન્ય સ્થાન છે.

દૂધને 'સંપૂર્ણ ખોરાક' કહેવામાં આવે છે. સર રૉબર્ટ હચિન્સન આને અતિશયોક્તિ માને છે. સંપૂર્ણ ખોરાકમાં ઉચ્ચ પ્રકારનાં પ્રોટીન, અતિ અભિશોષનીય ચરબી ને કાર્બોહાઇડ્રેટો, યોગ્ય પ્રમાણમાં બધાં ખનિજ દ્રવ્યો તથા બધાં વિટામિનો જોઈએ. વળી તે વાજબી પ્રમાણ તથા પોસાતી કિંમતવાળો હોવાનો આહારશાસ્ત્રીઓનો આગ્રહ છે. બધા નગદ ખોરાકમાં દૂધ મોખરે છે. તેમાં પ્રથમ દરજ્જાનાં પ્રોટીનો છે, અતિ અભિશોષનીય ચરબી છે, કાર્બોહાઇડ્રેટનું અભિશોષણ ઓછું થાય છે, કૅલ્શ્યમ ફૉસ્ફરસ વગેરે ખનિજ દ્રવ્યો છે, બધાં વિટામિનો છે. છતાય દૂધ સંપૂર્ણ ખોરાક નથી કારણ કે તેના ઉપર નભવા માટે દિવસભરમાં ઓછામાં ઓછું પ્રમાણ સવાબશેરનું હોઇ તે વજનદાર ગણાય. તેમાં લોહ થોડું છે. સ્ટૉકમેને સાબિત કર્યું છે કે પુખ્ત વયના માનવીને જરૂરી લોહ પૂરું પાડવા માટે રોજ પાંચ પિન્ટ (૧ પિન્ટ=૧I શેર) દૂધ પીવું જોઈએ. હા, એટલું ખરું કે આ લોહ જલ્દી શોષાય એવું છે. શેરમાન કહે છે કે તે કૅલ્શ્યમના પુષ્કળ પ્રમાણ સાથે જોડએલું હોવાથી સારી રીતે ઉપયોગમાં લેવાય છે. દૂધની સરખામણીમાં ઊભું રહે એવું ઇંડાં સિવાય બીજું એકે ય ખાદ્ય નથી.

હચિન્સનના કથન મુજબ દૂધ જોકે સંપૂર્ણ ખોરાક તો નથી, પણ આપણા આહારની ન્યૂનતાઓનું, ખાસ કરીને પ્રોટીનોની ઊણપનું શ્રેષ્ઠ પૂરક તો છે જ. અન્નાહારીઓ માટે જરૂરી એવા ચોથા ભાગનું પ્રાણિજ પ્રોટીન મેળવવાનું સસ્તું અને અનુમોદ્ય ખાદ્ય છે. શૂકધાન્ય કરતાં દૂધનાં પ્રોટીનો ઘણાં કાર્યક્ષમ છે, તથા અનુકૂળ પ્રમાણમાં શૂકધાન્ય ને દૂધ સાથે ખાવાથી બન્નેનાં પ્રોટીનો પોષણદાયી આવશ્યક એમાઈનો ઍસિડો પૂરાં પાડવામાં પૂરક નીવડે છે. માંસાહારની સરખામણીમાં પણ દૂધ ચડિયાતું નીવડે એમ છે, કારણ દૂધમાં ચરબી ને પ્રોટીન ઉપરાંત કાર્બોહાઇડ્રેટ છે. એક રતલ ગોમાંસના જેટલી ઉષ્ણાંક ગરમી સારા અઢી શેર દૂધમાંથી મળી રહે છે.

આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓએ (ગાયના) દૂધને ઘણું વખાણ્યું છે. મહર્ષિ સુશ્રુતે કહેલા બહુવિધ ગુણોમાંના સારરૂપ આ બે છે: 'દૂધ સર્વ પ્રાણીઓને સાત્મ્ય (પ્રકૃતિથી હિતકારી) છે. અને ઓજને વધારનાર છે' (સૂત્રસ્થાન: ૪૫·૪૬). શરીરની સાત ધાતુઓમાંની છેલ્લી શુક્રનો પણ સૂક્ષ્મતમ ભાગ એ ઓજ છે. ઓજને વધારનાર દૂધ શરીરની બધી ધાતુઓ (રસ, રક્ત, માંસ, અસ્થિ, મેદ, મજ્જા અને શુક્ર)ને પોષનાર છે. દૂધનો આ ગુણ પિછાણનાર આર્યોએ દૂધની વાંછનાની કરેલી પ્રાર્થનાઓ વેદમાં જોવા મળે છે. पय: पशूनाम् रस औषधीयाम् बृहस्पतिः सविता मे नियच्छात् (અથર્વવેદ ૧૩:૩૧:૫) (ભગવાન સૂર્ય અને બૃહસ્પતિ મને ગાયનું દૂધ ને વનસ્પતિના રસ આપો.) અથર્વવેદના દસમા સુકતના ૩૪ મંત્રો ગાય ને તેના દૂધનાં ગુણગાનના છે. તો આ વેદમાં ઠેરઠેર દૂધ ને વનસ્પતિના રસોનાં વર્ણનો છે.

મહર્ષિ સુશ્રુત દૂધના ગુણો આ પ્રમાણે ગણાવે છે: દૂધ અનેક દ્રવ્યોના રસના પ્રસાદરૂપ ને પ્રાણ આપનાર છે. ભારે, મધુર, ચીકણું ટાઢું, સ્નિગ્ધ, લીસું, મળની પ્રવૃત્તિ કરાવનાર અને કોમળ છે. (તે) બળ વધારનાર, વીર્ય વધારનાર, સર્વદા ઉપયોગ કરવાથી રસાયન, પવિત્ર, બુદ્ધિ વધારનાર, ભાંગેલાં (હાડકાં)ને સાંધનાર, યૌવન સ્થિર રાખનાર, આયુષ્ય વધારનાર, જીવાડનાર, પુષ્ટિ આપનાર, બાળકવૃદ્ધને અને ભૂખ મૈથુન ને કસરતથી દુર્બળ થએલાને અત્યંત પથ્ય રૂપ છે. ભાવમિશ્ર દૂધના ગુણોના ઉપસંહારમાં લખે છે: दीप्तानले कृशे पुंसि बाले वृद्धे च यूनि च मतं हिततमं पथ्यं सद्यः शुक्रकरं पयः॥ પ્રદીપ્ત અગ્નિવાળાંને, શરીરે દૂબળા બાળક જુવાન કે વૃદ્ધને દૂધ અત્યંત હિતકારી પથ્ય ને વીર્ય ઉત્પન્ન કરનાર છે. ઉપનિષદોના बलयुपास्वના આદેશને જવાબરૂપ હોય તેમ पयो बलम् (દૂધ એ જ બળ છે)નું સૂત્ર વેદના જમાનાથી જાણીતું છે, તો વળી આયુર્વેદમાં એને (सद्यो बलप्रदः) તરત જ બળ આપનાર કહી એની શ્રેષ્ઠતા આંકી છે.

ભારતવાસીઓને દૂધના આહારની શ્રેષ્ઠતા શીખવવાની નથી. તે તેમની જાણમાં છે અને વખત આવ્યે ભરપટ્ટે ખાય છે. પણ શોચનીય બીના તો એ છે કે આ ખેતીપ્રધાન અને દુનિયાભરનાં દૂધાળાં ઢોરોની કુલ સંખ્યાનાં ત્રીજા ભાગનાં ઢોર ધરાવતા દેશમાં ૧૯૫૬ની ગણતરી પ્રમાણે જનદીઠ રોજિંદા દૂધનો વપરાશ માત્ર ૪·૭૬ ઔંસ (પોણા પાંચ અધોળ) છે. બીજા દેશોમાં જનદીઠ દૂધનો રોજિંદો વપરાશ આ પ્રમાણે છે. ૨૨·૮ ઔંસ સ્વિટ્ઝરલેન્ડ ને સ્વીડન, ૧૭ ઔંસ અમેરિકા, ૧૫·૮ ઔંસ ડેન્માર્ક, ૧૪·૨ ઇંગ્લૅંડ, ૧૪ ઑસ્ટ્રેલિયા ને ૭·૭ ફ્રાન્સ. આપણા દેશમાં ઉત્પન્ન થતા દૂધના ૪૦ ટકા તો ઘીની બનાવટમાં જાય છે. આપણે ત્યાં દૂધનો વપરાશ ઓછો હોવાનાં કેટલાંક આગળપડતાં કારણોમાં ઢોરોની દૂધ આપવાની ઓછી શક્તિ, મોંઘવારી અને વારંવાર ચા પીવાની ટેવ છે. પરિણામે બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ અને ધાવણ આપતી માતાઓ જેમના આહારમાં દૂધની અત્યંતાવશ્યકતા રહેલી છે તેમને તો રોજનું ઓછામાં ઓછા પ્રમાણનું દસ ઔંસ દૂધ પણ ખાવા નથી મળતું.

બાળકની ઊંચાઈ અને વજનની સામાન્ય વૃદ્ધિ સારા પોષણના આધારે છે. બાળકના આહારમાં બે બાબતો વિચારણીય છે: એક તો તે પચે એવો અને બીજું પોષણની જરૂરિયાત પૂરી પાડનારો જોઇએ. ચરબી પાચનમાં વિલંબ પાડનારી હોઇ એનું પ્રમાણ મિત જોઇએ. પણ બાળકનું શરીર વધતું હોઈ એને વિશેષ જરૂર પ્રોટીનોની છે. આ પ્રોટીનો દૂધમાંથી સારી રીતે મળી રહે છે. વળી વૃદ્ધિ પામતા બાળકની તેર વર્ષની ઉમર સુધી કૅલ્શ્યમની અતિ આવશ્યકતા રહે

છે. આ મેળવવાનું કીમતી સાધન પણ દૂધ છે. બીજું સાધન લીલોતરી શાકભાજી છે. રોજ ત્રણ પ્યાલાથી માંડી સવા શેર જેટલું દૂધ બાળકને મળવું જોઈએ. શેરમાન લખે છે 'બાળપણમાં પુષ્કળ કૅલ્સ્યમ મળવાથી શરીરનો વિકાસ જલદી સધાવા સાથે પુખ્ત વયમાં લાંબા ગાળા સુધી યુવાની જળવાઈ રહે છે.' દૂધમાં કૅલ્સ્યમ એવા રાસાયણિક સંયોજનમાં રહેલું છે કે ચૂનાના પાણી કરતાં પણ તે કૅલ્સ્યમ મેળવવાનું સમૃદ્ધ સાધન છે. એ તો કહે છે કે 'રોજ અઢીશેરથી ઓછું દૂધ પામતા બાળકોનો શારીરિક દેખાવ ગમે એટલો સરસ હોવા છતાં તે કૅલ્સ્યમની નિકૃષ્ટ સ્થિતિમાં રહે છે.' કૅલ્સ્યમના સેવનથી જ શરીરનો વિકાસ અને આરોગ્ય પ્રાપ્ત થાય છે. કૅલ્શ્યમ, ફૉસ્ફરસ અને વિટામિન 'ડી'નો પૂરતો આહાર નહિ પામતાં બાળકો રિકેટ્સ (સુકતાન)નો ભોગ બને છે.

દૂધ ઈંડાં ફળો ને શાકભાજી એ રક્ષણાત્મક ખોરાકો છે. શેરમાન લખે છે કે રોજિંદા આહારના પ્રમાણમાંથી અરધું રક્ષણાત્મક ખોરાકોમાંથી હોવું જોઇએ. પ્રાણીઓ ઉપરના પ્રયોગો બાદ એ વધારામાં લખે છે 'રક્ષણાત્મક આહાર વધારવાથી પ્રાણીઓનાં વૃદ્ધિ અને વિકાસ સારાં થાય છે. તથા પુખ્ત વયની જીવનશક્તિ ને જીવનમર્યાદા લંબાય છે.' વળી વજન ઉતારવાની આહાર-આયોજનામાં ફળો અને શાકભાજી સાથે દૂધનું પણ સ્થાન છે. ભૂખ સંતોષાય એવું એનું મોટું પ્રમાણ લેવા છતાં ય તે ઓછા ઉષ્ણાંક ગરમી આપે છે. એ પણ જાણવા જેવું છે કે રોજિંદા આહાર ઉપરાંત વધારાનું દૂધ પીવાથી શરીર જાડું થવામાં તે સહાયભૂત થાય છે.

દૂધનો આહાર પામનારા લોકો ઊંચા, સીધા અને લાવણ્યભર્યા હોય છે; તો રક્ષણાત્મક આહાર વિનાનાં શૂકધાન્ય ખાનારનાં શરીર ટૂંકાં જાડાં અને વિરૂપ હોય છે. આપણા કરતાં પંજાબીઓ કેવા ઊંચા પહોળા અને સશક્ત છે! આહાર, બાંધો ને આરોગ્યના ઘનિષ્ઠ સંબંધ અંગેના આહારશાસ્ત્રી મૅક્કૅરિસનના પ્રયોગો ઘણા જાણીતા છે. તેમણે શીખ, પઠાણ, મરાઠા, કન્નડ, બંગાળી અને મદ્રાસી લોકોના આહાર ઉંદરોનાં જૂથને ખવડાવ્યા. છ મહિના બાદ શીખ આહારવાળા ઉંદરનો બાંધો શ્રેષ્ઠ થયો તો મદ્રાસીનો કનિષ્ઠ. શીખ આહારવાળા ઉંદરોનું વજન ૨૩૫ ગ્રામ થયું તો મદ્રાસી આહારવાળાનું માત્ર ૧૫૫ ગ્રામ. શીખ આહાર આવો હતો: 'ઘઉંના તાજા લોટની ચપાટી (ભાખરી), દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, કઠોળ, લીલોતરી શાકભાજી, ટમેટાં, કંદમૂળ, પાણી અને અઠવાડિયામાં એકવાર માંસ ને મોસંબી. મદ્રાસી આહારમાં આટલી વાનીઓ હતી: 'ઓસાવેલા ભાત, કઠોળ, તાજાં શાકભાજી, મસાલા, તેલ, થોડું ઘી, કોપરેલ, નાગરવેલનું પાન ને પાણી.'

શરીરનો બાંધો અને આરોગ્ય સુધારવામાં દૂધનો કીમતી ફાળો જાણવા થોડાં વરસો થયાં સંખ્યાબંધ પ્રયોગો થયા છે. ૧૯૧૨ થી ૨૫ દરમિયાન સૌપ્રથમ આવો પ્રયોગ લંડન પાસેના ડૉ. બર્નાર્ડો હોમના અનાથ છોકરાઓ ઉપર કૉરીમાને કર્યો હતો. છોકરાઓનો ખોરાક સારો હતો છતાં પણ ધાર્યા મુજબ તેમનો શારીરિક વિકાસ થતો નહોતો, એટલે એમના ઉપર આહારના અખતરા કરવામાં આવ્યા. સાતથી અગિયાર વર્ષની ઉંમરનાં બાળકોનાં છ જૂથોને રોજિંદા આહાર ઉપરાંત દરેકને ખાંડ, ચરબી, માખણ, ફળ, કેસિન અને એક પિન્ટ દૂધમાંથી એક ચીજ વધારાની આપી. ત્રણ વર્ષ ચાલેલા આ અખતરા બાદ ફળ પામતાં બાળકોની ઊંચાઇ અને વજનમાં ઘણો ઝડપી વધારો થયો; ઉપરાંત બીજાં બાળકોને પીડતી સામાન્ય માંદગીથી તે મુક્ત રહ્યાં. તેઓ સાહસી અને તોફાની હતા. બીજાં બાળકો કરતાં વધારે તાકાત અને પ્રાણશક્તિવાળાં હતાં.

યુરોપીય આહારમાં વધારાનું દૂધ ઉમેરવાથી ચકિત કરે એવાં પરિણામો આવ્યાં છે, તો પછી થોડુંક કે બિલકુલે ય દૂધ નહિ પામતાં આપણા દેશનાં બાળકોને આહારમાં દૂધ મળે તો ગજબનાં પરિણામો આવ્યા વિના ન રહે. આ વિચારને પુષ્ટિ આપતું દક્ષિણ ભારતની કુનુરની પોષણસંશોધન સંસ્થાના ભૂતપૂર્વ ડિરેક્ટર ડૉ. ડબ્લ્યુ આર. ઍક્રૉઇડનું કથન આ રહ્યું: 'ટાકિયોમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને રોજ સવા છ અધોળ દૂધ આપવામાં આવ્યું. છ માસ પછી દૂધ નહિ પામતાં બાળકોની સરખામણીમાં આ બાળકો ઊંચાઈ અને વજનમાં અનુક્રમે ૧૩ અને ૮૧ ટકા વધ્યાં હતાં.'

આ તો આખા દૂધના પ્રયોગોનાં પરિણામો છે. પણ ઈ. સ. ૧૯૩૭ની સાલમાં ઍક્રૉઈડ અને ક્રિશ્નન્‌ના આઠ ઔંસ પ્રવાહી સ્કીમ્ડ (સેપરેટ) દૂધના પ્રયોગથી ત્રીસ દિવસમાં બાળકો ૦ ૬૧ ઇંચ ઊંચાઇમાં અને એકથી અઢી રતલ વજનમાં વધ્યાની નોંધ છે. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની શાળાઓમાં પ્રથમ બે ધોરણોમાં ૧૯૫૭ની સાલથી વિદ્યાર્થીઓને મફત દૂધ પાવાની યોજના છે. પહેલા ધોરણમાં અભ્યાસ કરતી છોકરીઓની ઊંચાઈ અને વજન એક વર્ષમાં અનુક્રમે ૦·૯૨ ઇંચ અને ૧·૬૭ રતલ વધ્યાં હતાં, જ્યારે દૂધ ન લેતી વિદ્યાર્થિનીઓની ઊંચાઇ ને વજન ૦·૭૦ ઈંચ અને ૦·૯૧ રતલ વધેલાં.

ઊછરતાં બાળકોના શ્રેષ્ઠ શારીરિક વિકાસ અને શ્રેષ્ઠ આરોગ્ય માટે દૂધ યોગ્યતમ આહાર છે, તો ગર્ભવતી સ્ત્રીઓ અને ધાવણ આપતી માતાઓ માટે પૂરતા પ્રમાણમાં રક્ષણાત્મક આહારમાં દૂધ અગ્રીય સ્થાને છે. પુખ્ત, પ્રૌઢ અને વૃદ્ધ માટે દૂધ પોષણની સમતુલા આણનાર શ્રેષ્ઠ ખાદ્ય છે. બાળક અને સગર્ભા સ્ત્રીઓ માટે દૂધનું નિર્ધારિત રોજિંદું પ્રમાણ અઢી શેરનું છે. આટલું બધું પ્રમાણ આપણા માટે જોકે અશક્ય બલ્કે અસંભવિત છે, પણ તે ઓછામાં ઓછું સવાશેર તો હોવું જ જોઈએ. બીજાઓ માટે આ પ્રમાણ દસ અધોળનું છે. મોટા પ્રમાણમાં બાળક એકલું દૂધ ના પીએ તો તે બીજી રીતે પણ આપી શકાય છે. ચા કૉફીમાં આપવા ઉપરાંત તે ઇંડાં કેળાં પૌંઆ ને ભાખરી સાથે આપી શકાય. વળી થોડું પ્રમાણ દહીં કે છાશ રૂપે પણ અપાય. રોજિંદા આહારમાં દૂધ અત્યંતાવશ્યક છે. વાગ્ભટ્ટ પણ રોજ ખાવાના પદાર્થોમાં દૂધ ગણાવે છે (સૂત્રસ્થાન: ૪–૪૩). આયુર્વેદની દૃષ્ટિએ શરદઋતુમાં દૂધનો આહાર મૂલ્યવાન લેખાય છે. દૂધનો મધુર રસ શરદૃઋતુમાં થનારા પિત્તપ્રકોપને કાઢનાર છે. આહારનો આ હેતુ લક્ષમાં રાખી શ્રાદ્ધપક્ષમાં દૂધનું જમણ, નવરાત્રીમાં જગદંબાનો ખીરનો પ્રસાદ અને શરદ્પૂર્ણિમાએ દૂધપૌંઆ ખાવાનાં માહાત્મ્ય નિરધાર્યાં છે. રથયાત્રાના દિવસે વેડાં, હોળી ઉપર ધાણીચણા, દેવપૂજામાં પંચામૃત, સત્યનારાયણની કથામાં ફળનો પ્રસાદ, આમ વિવિધરૂપે આહારની વિશિષ્ટ વાનગીઓ સંકેતરૂપે યોજાએલી છે. તેનાં મર્મ અને ઔચિત્ય સમજી લઈ આપણે એને રોજિંદા કે અવારનવાર આહારમાં ઉતારવાની જરૂર છે.

દૂધ ખાવું ન પરવડે એમના માટે સ્કીમ્ડ કે સેપરેટેડ દૂધ છે. આ દૂધ યંત્ર દ્વારા ચરબીથી છૂટું પડેલું હોઇ લોકોમાં તે 'પીલાએલું' હોવાની મન કચવાવે એની માન્યતા ઘર કરી બેઠી છે. આ માન્યતા ભ્રામક છે. એ દૂધમાં કશો બગાડ થતો નથી. હા, એમાંથી ચરબી અને ચરબી સાથે રહેલાં વિટામિન 'એ' તથા વિટામિન 'ડી' જતાં રહે છે; બાકી દૂધનાં પ્રોટીનો, વિટામિનો ને ખનિજદ્રવ્યો તો ખાસ્સાં જળવાઈ રહે છે. આહારમાં દૂધની શ્રેષ્ઠતા આપણે પ્રાણિજ પ્રોટીનને માટે જ સ્વીકારીએ છીએ અને તે સેપરેટ દૂધ વાટે સસ્તામાં મળી રહે છે. આર્થિક દૃષ્ટિએ જેમને દૂધ ખાવું ન પરવડતું હોય તેમને રોટલા

ત્રિશંકુ

વહેતી હવામાં સૂરના મદભર્યા કણ તરી રહ્યા છે: ધીરે ધીરે, હલકાં હલકાં. ને સ્મૃતિનો મખમલી સ્પર્શ. હું આસ્તે આસ્તે તેમાં ડૂબતી જાઉં છું. ને ધુમ્મસમય સ્વપ્નિલ પટ સ્પષ્ટ થતો જાય છે: ધીરે...ધીરે...

હેમંત....આંદોલનો...ઝિલમિલાહટ... મખમલીસુખદાસ્પર્શ...સૂરના મદભર્યા કણો.

હેમંત...... ધુમ્મસમય સ્મૃતિનો ભેજ ...પ્રકાશનો ધોધ...આળસ મરડતીઊર્મિઓ ...ઘેનમય સૃષ્ટિ. હેમંત........

*

હું હેમંતને ચાહતી હતી; (હજી યે ચાહું છું. કદાચ હેમંતને કલ્પના પણ ન હોય એ-ટલી...) ને હેમંત મને ચાહતો હતો.

અમે બેસતા દરિયાકિનારે. સુક્કી રેતીમાં ખારી હવા દોડતી જતી. દૂર ભીની રેતીમાં હોડીઓ ઊંધી પડી રહેતી. ઊછળતાં મોજાં પર સોનેરી તેજપથ નાચતો. હેમંત મારા ખોળા-માં માથું રાખી બંધ આંખે ચત્તો સૂઈ રહેતો. હું એના ટૂંકા વાળમાં આંગળાં પરોવતી. મારો પાલવ એના ચહેરા પર છવાઇ જતો.

*

મીના......મીનાએ એક દિવસ મને કહ્યું કે એ હેમંતને ચાહતી હતી.

*

'કેવી વિચિત્ર વાત છે સુરભિ, કે તું મને તારો કરી પણ નથી શકતી ને છોડી પણ નથી શકતી?' હેમંત ધીમેથી બોલ્યો.

તે દિવસે અમે મરીન ડ્રાઇવના ફૂટપાથ પરથી પાછાં ફરતાં હતાં.

હેમંત ગમગીન હતો. હું ચૂપચાપ રહી રહી.

હું મારી કેટલી યે ઊર્મિઓ દાબી રહી ને હેમંતને કહ્યું 'હું તને નહિ અપનાવી શકું!' હેમંતના 'શા માટે?'નો મારી પાસે જવાબ હતો...જવાબ નહોતો! કેમકે મીના મારી બેન જ છે, મારી દોસ્ત છે.

*

રાતોમાં ગરમ આંસુઓ ચાદરમાં ચુસાઈ જતાં. મારી ખુલ્લી આંખો સામે ફરી ફરી સુક્કી રેતી ઊડતી. દરિયાનાં મોજાં બેફામ બની ઊછળતાં. મારી સ્વપ્નિલ ઘેનમય સૃષ્ટિ તરફડી રહેતી...જાણે ઊંચાં સીધાં વૃક્ષો વચ્ચે અટવાતી નાનકડી પગદંડી પર હું એકલી હતી.

હેમંત ચાલ્યો ગયો...મારાથી દૂર દૂર... મેં જવા દીધો-મીના માટે...!

*

મીનાએ હેમંતને છોડી દીપક સાથે લગ્ન કર્યાં! પણ એમાં હું શું કરું? મીનાને શું કહું?

ના, ના; હું હેમંત પાસે જઇશ. એના પગ પકડી લઇશ. એને કહીશ: 'હેમંત તું મારો જ હતો, મારો જ છે. હું તારી જ હતી, તારી જ છું. તને શી ખબર કે...કે હું તને કેટલી ચાહું છું, મારી સૂની રાતો, મારાં સ્વપ્નાં, મારી ઊછળતી ઊર્મિઓ એની સાક્ષી છે. તને થશે કે તો પછી શા માટે મેં તને અપનાવી ન લીધો. પણ હું શું કરું, હેમંત? મીનાએ તને મારી પાસેથી માગી લીધો! પણ હવે તને મારી પાસેથી કોઈ માગી નહિ શકે; કોઇ છીનવી નહિ શકે. તને કેમ સમજાવું હેમંત, કે મેં મારી ઊર્મિઓને, મારી જાતને કેવી રીતે દાબી રાખી છે! મને માફ કરી દે, હેમંત, તું મને સમજવા-નો પ્રયત્ન કર હેમંત! હું તો તારી જ હતી, તારી જ છું.

*

'આવું, હેમંત?'

'આવો સુરભિબહેન, આવો! રેણુકા, બ-હાર આવ તો. જો મારાં એક જૂનાં મિત્ર આ-વ્યાં છે. સુરભિબહેન, આ મારી પત્ની રેણુકા.'

રિખવદેવ વોરા

ભાખરી કે ખીચડીની સાથે તે પોષણની દૃષ્ટિએ મૂલ્યવાન બને છે.

આરોગ્યની પેઠે રોગાવસ્થામાં યે દૂધની શ્રેષ્ઠતા બિનહરીફ છે. દૂધ ખોરાકની ગરજ સારવા સાથે તેનું પાણીનું સવિશેષ પ્રમાણ તાવલા રોગીની તરસ છિપાવે છે. વળી તે ઓછામાં ઓછી મહેનતે પચે છે. આતરડામા સડાની ક્રિયાને રોકે છે. હરતાફરતા માણસ કરતાં પથારીની હૂંફમાં પડેલા રોગીને ઓછા ખોરાકની જરૂર પડે છે. પ્રવાહી રૂપમાં દૂધ આ માટે ઉત્તમ છે. એના પાચન માટે બહુ પાચક સ્રાવોની જરૂર પડતી નથી. બીજા ખોરાકો કરતાં દૂધના પાચનમાં મંદ હોજરી-ના સ્રાવો નભે છે. એમાં બીજા ખોરાકો જેવી ઉત્તેજક અસરો નથી. હોજરીના ચાંદામાં દૂધ કીમતી આહાર છે. દૂધના આહારનો ખરો લાભ હૃદયને મળે છે. દૂધમાં રહેલો ઝેન્થિક દ્રવ્યોનો અભાવ, મીઠાનું દારિદ્રય, કેસિનના પાચન બાદ રહેતા ઓછા ઝેરી અવશેષો ને લેકટોઝ-ની ઝેરનિવારક અસરો, આ બધાને કારણે દૂધના આહાર બાદ લોહીમાં ફરતાં ઝેર ઘટવાથી હૃદયને વધારે પડતો શ્રમ ઉપાડવો પડતો નથી. આંગ્લ વૈદકના પિતા હિપોક્રેટિસથી માંડી મધ્યયુગના દાક્તરોએ રોગાવસ્થામાં દૂધને શ્રેષ્ઠ ઉપચાર ગણ્યું છે અને આધુનિક જમાનાના કેરેલે તો જલંદર, દમ અને અપૂરતા પોષણની સ્થિતિમાં ઔષધ તરીકે તેને વાપર્યું છે.

અન્નમાર્ગની નબળાઈ, હોજરીનો ફુગાવો ને અન્નમાર્ગના સોજા-માં ખાવાના બે ટંકની વચમાં થોડું દૂધ લેવું; બીજા ખોરાક સાથે પીણાં તરીકે ન લેવું, કારણ કે એથી પેટમાં વાયુ થવા સંભવ છે. લાંબા વખતના ઝાડા અને મરડામાં મળ બાંધવાના ગુણને લીધે દૂધ હિતા-વહ છે; પણ તે એકલું લેવાનું છે, ખોરાક સાથે નહિ.

માફક ન આવતું હોય તેવા લોકોને દૂધથી ઝાડા થાય છે. કેટલાકને તે ભાવતું નથી. તેમને માટે હચિન્સન મરી ને મીઠા સાથે તે લેવાની સલાહ આપે છે. દૂધના પ્યાલામાં ચપટી મીઠું નાખવાથી કેટલાક માટે તે સ્વાદુ બને છે.

આયુર્વેદમાં તાવ, કમળો, ઝાડા, સંગ્રહણી, મરડો ને આમજન્ય રોગોમાં દૂધ લેવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તાવમાં દૂધની ઝેરી અસરો થતી હોવાનું માનવામાં આવે છે. तदेव तरूगे पित्ते विषत् हन्ति मानवं॥ ગરમ કર્યા વિના પિવાતા દૂષિત દૂધમાંના રોગોત્પાદક જીવાણુઓ શરીરમાં જઈ નવા ઉપદ્રવો જમાવતા હોવાને કારણે દૂધ ઝેર જેવું નીવડતું હોવાનું આપણે ગણીએ. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે 'દૂધ એ પ્રોટિયોલાઇટિક જીવાણુઓનું શ્રેષ્ઠ આશ્રયસ્થાન છે. આ કારણે ટાઇફૉઇડ તાવમાં ચોખાના ઓસામણ કે જવના પાણીના મિશ્રણ વગરનું દૂધ ન આપવું. એકલું દૂધ આપવાથી તેમાં વિપાક થતાં વાયુ થાય છે, પેટ ચડે છે, આંતરડાંમાં શૂળ મારે છે અને પાતળા ઝાડા તથા ઊલટી થાય છે.' ખરાબ ગંધવાળું, ખાટું, રંગ બદલાએલું, રસ વગરનું, ખારાશવાળું ને ફોદાફોદા થઈ ગએલું દૂધ ન ખાવાની મહર્ષિ સુશ્રુતની સલાહ છે.

(ચાલુ)

હવે આપણે એક એવી પદ્ધતિ જોઇએ જેમાં 1 P–Q4નો જવાબ P–Q 4 સિવાયની ચાલથી આવે છે. આવી પદ્ધતિઓમાં ભારતીય પદ્ધતિઓ વિશેષ છે. આ પદ્ધતિઓમાં મધ્યના કાબૂ માટે હરીફાઈ ન કરતાં કાળો P–KN 3 રમીને ઊંટને N 2 ઉપર લાવે છે. ત્યાંથી દૂર રહીને પણ તે બધા ઉપર જોઇએ ત્યારે કાબૂ મેળવવામાં ભાગ ભજવી શકે.

૫. નિઝ્ઝોવિત્શ ભારતીય ડિફેન્સ (Nimzowitsch-Indian Defence અથવા ટૂંકમાં Nimzo-Indian)

લાક્ષણિક ચાલ:

1 P–Q4, N–KB3

2 P–QB4, P–K3

3 N–QB3, B–N5

ખરી રીતે જોતાં આ ભારતીય પદ્ધતિ નથી. કારણ કે ઊંટ KN2 ઉપર ન જતાં QN5 ઉપર જાય છે.

લાક્ષણિક સ્થિતિ:



3..., B–N5 પછીની સ્થિતિ

1 P–Q4, N–KB3

P–Q4 વાળી પદ્ધતિમાં બન્ને ખેલાડીઓ એકબીજાને P–K4 રમીને મધ્યનો કાબૂ મેળવતાં રોકવા માટે પ્રયત્ન કરે છે. N–KB3થી તે ધ્યેય સધાય છે એટલે તે સારી ચાલ છે.

2 P–QB4. મધ્યના ખાના Q5 ઉપરના કાબૂ માટે.

2...,P–K3કાળો પણ તેજ ખાનાના કાબૂ માટે આ ચાલ રમે છે. અહીં બીજી પદ્ધતિમાં P–KN3 અને પછી B–N2 રમાય છે (King's Indian Defence)

3 N–QB3. Q5 and K4ના કાબૂ માટે.

3...,B–N5મધ્યના કાબૂ માટે આડકતરો પ્રયાસ. હવે ઘોડા ખસી ન શકે અને તેથી Q5 અને K4 ઉપરનો તેનો કાબૂ નષ્ટ થઈ ગયો. એના જવાબમાં સફેદ પાસે ચાર સારી ચાલ છે. 4 P–QR3, 4 Q–N3, 4 Q–B2



લેખક · સુરેશ મોદી

અને 4 P–K3. આમાંની છેલ્લી રૂબિન્સ્ટાઈનની પેટા પદ્ધતિ છે. આ ચાલ સફેદ માટે સારામાં સારી ગણાય છે.

4 P–K3, P–B4

અહીં કાળા માટે પણ બીજી સુંદર ચાલ છે, પણ તે બધી અહીં જરૂરી નથી.

5 N–K2.

કાળો B×NCh રમે ત્યારે તેને જો પ્યાદાથી મારવો પડે તો પ્યાદાની રચના ખરાબ થઈ જાય માટે ઘોડાના રક્ષણમાં ઘોડો આવ્યો.

5...,P×P.

6 P×P.

આ મારામારીને પરિણામે કાળાનું BP ગયું અને સફેદનું KP. એટલે મધ્યના કાબૂ માટે કાળાની પરિસ્થિતિ સારી થઈ ગણાય.

6...,P–Q4.

હવે સફેદ 7 P×P કરે તો P×Pથી ફરી પાછો કાળો તે ખાનાનો કબજો લઈ શકે.

7 P–QR3. ઊંટનું ઘોડા ઉપરનું દબાણ સફેદ માટે અસહ્ય છે, તેથી તેને ત્યાંથી ખસેડવા.

7...,B×NCh. અહીં ઊંટ K2 ઉપર પીછેહઠ પણ કરી શકે છે. તો સફેદ 8 P–B5 અને પછી P–N4 રમીને વજીરના પડખામાં તેની પ્યાદાની રચના ઘણી જ સદ્ધર કરી શકે. ઉપર લખેલ ચાલમાં સફેદના ઘોડાના બદલામાં કાળાનો ઊંટ મરે છે તે ગેરફાયદો છે. આ બેમાંથી કઈ ચાલ પસંદ કરવી તે અંગત પસંદગીની વાત છે.

8 N×B, P×P

9 B×P

ઉપરની મારામારીને પરિણામે સ્થિતિ ઘણી ખુલી ગઈ છે અને હવે બન્ને પક્ષ કિલ્લેબંધી માટે ઉતાવળ કરે તે સ્વાભાવિક છે.

9...,O–O.

10 O–O, N–B3


મધ્ય અને ખાસ કરીને સફેદના QP ઉપરના દબાણ માટે.

11 B–K3. QPના રક્ષણ માટે.

11...,P–QN3. 12Q–Q3 આ બન્ને ચાલ હવે પછીની ચાલની તૈયારી રૂપ છે. જુઓ–

12...B–N2.

13 QR–Q1



13QR–Q1 પછીની સ્થિતિ

અને હવે સ્થિતિ સરખી જ છે.

હમણાં જ હૈદરાબાદમાં ભારતની ચોથી રાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમાઈ ગઈ. એ વિષે અન્ય વિગતો એકઠી કરીએ એ દરમ્યાન ટુર્નામેન્ટ વિષેની કેટલીક અગત્યની માહિતીઓ જોઇએ.

શતરંજની સાધારણ રમતના નિયમો તો આપણે જોઈ ગયા છીએ. તેમાં રમનારા હારજીત કરતાં રમત સુધારવા પ્રત્યે વધુ લક્ષ આપે છે ને જરૂર પડે સામા ખેલાડીને ચાલ સુધારવાની તક અને સૂચન પણ આપે છે. પણ ટુર્નામેન્ટમાં આવું કંઈ નથી થઈ શકતું. એને માટેના નિયમો આપણે જોઇએ:

તમારી ચાલ હોય અને તમે તમારા મ્હોરાને અડી જાઓ તો તમારે શક્ય હોય તો તે મ્હોરું ચાલવું જ પડે. કદાચ એક સાથે બે મ્હોરાંને અડાઈ જાય તો તેમાંથી સામો પક્ષ કહે તે મ્હોરું ચાલવું પડે. જો સામા પક્ષનાં મ્હોરાને અડી જાઓ તો, તે મ્હોરાને મારી શકાય તેમ હોય તો તમારે મારવું જ પડે. જો તમારાથી તમારા એક મ્હોરાને અને સામા પક્ષના એક મ્હોરાને અડી જવાય તો તમારા એ મ્હોરાથી સામા પક્ષના એ જ મ્હોરાને મારવું પડે અને જો એ શક્ય ન હોય તો તમારે તમારું તે મ્હોરું ચાલવું કે સામા પક્ષનું તે મ્હોરું મારવું તેનો નિર્ણય સામો પક્ષ કરી શકે.

એટલે પોતાની ચાલ વિચારતી વખતે મ્હોરાને હાથ લગાડવાની ટેવ પડવા જ ન દેવી. મ્હોરાંને ઠીકઠાક કરવાં હોય તો યે સામા પક્ષને કહીને પછી જ કરવાં.

બીજું, ચાલ ચાલતી વખતે મ્હોરું ઉપાડીને

(અનુસંધાન પૂઠા ૩જાની સામે)



માધુકરી

બોલકી જીભ જીતી ગઇ બંધવા કામ કરતા પડયા હાથ હેઠા.
જ્યાં લગી હાથ મૂંગા નહિ બોલશે, ધૂળિયા પગ નહિ હાક મારે,
ત્યાં લગી છૂટવા કોઇ આરો નથી, જીભની જાળમાંથી લગારે;
ઊઠ અંગદ અલ્યા પગ પછાડી હવે, બાવડાં થાવ બજરંગી બેઠાં,
બોલતી જીભ જીતી ગઇ બંધવા કામ કરતા પડયા હાથ હેઠા.

—મકરન્દ દવે

'નાના દેશોના હિત ખાતર'

તે દિવસે શાળાઓ–મહાવિદ્યાલયોમાં રજા નહોતી પડી, કારખાનાંઓ બંધ નહોતાં રહ્યાં, ઑફિસો–દુકાનો પણ બંધ ન હતાં, જંગી શોકસભાઓ ભરાઈ ન હતી; પણ સાંજના બરોબર છને ટકોરે એક મિનિટ માટે આખા ય દેશમાં શાંતિ—મૌન બરાબર જળવાઈ રહેલાં. રસ્તાઓ પર દોડતી ટ્રામ-બસો ત્યારે અટકી ગએલી, ટ્રેઈનો જ્યાં હતી ત્યાં થંભી ગએલી, મોટરોએ બ્રેક મારી દીધેલી, સાઈકલસવારો ઊતરી ગએલાં અને પગે ચાલતાં સૌ ઊભાં રહી ગએલાં. સૌએ માથા પરથી પોતાનાં ટોપી-ટોપાં ઉતારી દીધેલાં. ઘરમાં બેઠેલાં લોકો ઊભાં થઇ ગએલાં. સૌનાં માથાં નીચાં ઢળી ગએલાં અને એક મિનિટ માટે શાંતિ, નીરવ શાંતિ ચારે બાજુ છવાઈ ગએલી—શેરીઓમાં અને ચોરાઓમાં, મોટરોમાં અને ટૅક્સીઓમાં, બસ અને ટ્રામોમાં, ધોરી માર્ગો પર અને ગાડીઓમાં, ઘરોમાં અને હોટેલોમાં. કહે છે કે આટલી શાંતિ અગાઉ કદી કોઈ પ્રસંગે જળવાઈ ન હતી. એક મિનિટના એ શાંતિ-સમય દરમિયાન માત્ર સ્ટૉકહોલ્મ શહેરમાં જ શહેરની ત્રણસો ઉપર બસો, બસ્સો જેટલી ટ્રામો અને પચાસેક જેટલી પરાંની ગાડીઓ જ્યાં હતી ત્યાં થંભી ગએલી! એક મિનિટ પછી રોજિંદો વ્યવહાર શરૂ થઈ ગયો. ૧૯૬૧ના સપ્ટેમ્બરની ૨૯મી તારીખની સાંજના છ વાગ્યાની એક મિનિટની એ શાંતિ શ્રી ડૅાગ હામરશ્યલ્ડની સ્મૃતિમાં હતી. ઉપસૅાલા દેવળના કબ્રસ્તાનમાં તે દિવસે એમણે છેલ્લી સોડ તાણી લીધેલી!

*

સોમવાર, સપ્ટેમ્બર ૧૮, ૧૯૬૧ની એ મધરાત. નૉર્થ ર્હોડેશિયન ઍર ફોર્સની હદની બહાર એક વિમાન જંગલ પર ચક્કર ખાઈ રહ્યું છે. અચાનક, નીચે પટકી પડે છે! એક બાજુ ભાંગેલી પાંખ અને મશીનના વેરાએલા ટુકડાઓ અને બીજી બાજુ તૂટી પડેલાં જંગલનાં ઝાડ! મધરાતનો સમય, કારમું દૃશ્ય! નડોલા ભણી ઊડી રહેલું અને સંયુક્ત રાષ્ટ્રસંઘના મંત્રી શ્રી હામરશ્યલ્ડને લઈ જતું એ કમનસીબ વિમાન ડી.સી. ૬ 'આલ્બર્ટિના'. એ વિમાન પર નીચેથી ગોળીઓનો મારો ચલાવવામાં આવેલો? અંદર મુકાએલા કોઈ સમય બૉમ્બને કારણે એ તૂટયું? સેબોટજ? કે પછી એન્જિન બગડવાને કારણે ફાટયું? એનો જવાબ નથી; પણ એ ચોખ્ખું સમજાય છે: કટાંગામાં ત્યારે આગળ વધી રહેલાં લોહી-રમખાણ અટકાવવાના એ છેલ્લા પ્રયત્નમાં શ્રી હામરશ્યલ્ડે પોતાના જીવનનું બલિદાન આપ્યું! શાંતિ માટેના એમના છેલ્લાં આઠ વરસના મિશનની એ અણધારી સમાપ્તિ!




*

કોંગો અંગેની સંયુક્ત રાષ્ટ્રસંઘની નીતિની આકરી ટીકાઓ કરતા સોવિયેત યૂનિયને છેલ્લે રાષ્ટ્રસંઘના મંત્રી શ્રી હામરશ્યલ્ડના રાજીનામાની માગણીઓ મૂકેલી. ત્યારે તેના જવાબમાં એમણે કહેલું કે

ચમરી ગાય—યાક

જેની ગુચ્છાદાર પૂંછડીના વાળમાંથી ચામર બને છે એ 'ચમરી ગાય, 'સૂરગાય' કે



'યાક' અન્ય પ્રાણીઓની સરખામણીમાં કદાચ વધુમાં વધુ ઊંચાઈએ–ચૌદથી વીસ હજાર ફૂટ પર રહે છે. મુખ્યત: તિબેટનું વાસી આ પ્રાણી લડાખ અને કાનસુ પ્રાંતના વિસ્તારોમાં પણ જોવા મળે છે. પાળતુ ને વન્ય એવી એની બે જાત છે. પગ ટૂંકા ને શરીર ભારે. છાતી, ખભા ને સાથળ વગેરે પર ગીચ લાંબા વાળ ને પૂંછડી તો છેક સુધી લબડતા ખૂબ જ ગીચ વાળવાળી. વન્ય યાક વાને કાળું અને ખભા પાસે પાંચ થી છ ફૂટ ઊંચુ કદાવર હોય છે. શીંગડાં પણ અણિયાળાં, પહોળાં ને મોટાં. માદા સહેજ નાની. પાળતુ યાક વન્ય યાકની સરખામણીમાં વામણા કદનું, વાને ધોળું ને ઘણીવાર તો શીંગડાં વિનાનું હોય છે.

શીત પહાડી પ્રદેશોમાં આ યાક ત્યાંની પ્રજાને ખાવા માટે દૂધ-માખણ, બળતણ માટે છાણ, ઘર વપરાશની અનેક નાની મોટી ચીજો માટે ચામડું, ઘરનાં બાંધકામ માટે શીંગડાં અને દોરીદોરડાં, તંબૂ તથા પહેરવાના કાપડ માટે ઊન જેવા વાળ પૂરા પાડે છે. ખડકાળ ને બરફવાળા પહાડી પ્રદેશોમાં ચોક્કસ પગલે આવજા કરી શકતું આ પ્રાણી ત્યાં ભારવહન કરવા માટે પણ ઘણું ઉપયોગી છે. ટૂંકમાં કામધેનું જેવું છે. પાળતું યાકને સતત ભાંભર્યા કરવાની એક વિચિત્ર ખાસિયત હોય છે.

આહારની બાબતમાં એ ઘાસથી એટલું તો ટેવાએલું છે કે પાળતુ યાક પણ સીધું આપેલું અનાજ ખાતાં નથી! પણ જો ઘાસ સાથે તે ભેળવીને દીધું હોય તો એ તફાવત પારખી ન શકે તેટલું અક્કલ બૂઠું પણ ખરું જ.

શિયાળામાં સંવનનકાળ સિવાય વન્ય યાકમાં નર મોટે ભાગે એકલો જ કે બહુ નાનાં ટોળાંમાં રહે છે; જ્યારે માદા અને બચ્ચાંનાં મોટાં ધણ આથડે છે.

બરફીલા પહાડી પ્રદેશને માટે ઘણું જ અનુકૂળ ને ઉપયોગી હોઇ યાકને કૅનેડા અને યુરોપના શીત પ્રદેશોમાં પણ વસાવાયું છે.



નાનાભાઈ (નૃસિંહપ્રસાદ કાલિદાસ) ભટ્ટનું નામ ગુજરાતના કેળવણી ક્ષેત્રે એક નક્ષત્રની જેમ અમર રહેશે. તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રના વિદ્યાર્થીઓને સર્વાંગી ને સ્વાયત્ત શિક્ષણ આપવાના પ્રયોગો પાછળ વીત્યું. શિક્ષણક્ષેત્રના તે એક સમર્થ પ્રયોગવીર હતા. પોતાની ભાવનાઓ અને આદર્શો સિદ્ધ કરવા તેમણે કોઈ પણ ત્યાગ કે સ્વાર્પણ કરતાં પાછું વાળી જોયું નહોતું. અંગત લાભો અને લાગણીના અનેકાનેક ધક્કા સહન કરીને તે પોતાના ધ્યેયમાટે જીવનના અંત સુધી ચુસ્તપણે મોખરે રહ્યા હતા. એમનું સ્થાન કદી પુરાશે નહિ.

એવા નાનાભાઈનો મને અને મારા કેટલાક નિકટ મિત્રોને અમારા વિદ્યાર્થીકાળમાં પરિચય થયો. અમારાથી પાંચેક વર્ષ આગળ અભ્યાસ કરતા ને અમારા જ આપ્તજનો જેવા સ્વ. રામનારાયણ પાઠક, ગિજુભાઈ બધેકા અને મારા મોટાભાઇ જેવા જ્યારે મૅટ્રિકમાં હતા ત્યારે નાનાભાઈ બી.એ થઇને હાઈસ્કૂલ તેમજ કૉલેજના ફેલો થયા હતા. કૉલેજ અને હાઈસ્કૂલ જુદાં થયાં ત્યારથી તે કૉલેજના પ્રોફેસર થય

પરંતુ તેમની સાથેનો અમારો નિકટ પરિચય તો શ્રી નથુરા શર્માના શિષ્યમંડળમાં તેઓ જોડાયા ત્યારે જ થયો. એમને અ શ્રીમન્નાથ શર્માના બીલખાના આનંદાશ્રમમાં પૂર્ણિમાના ગુરુપૂજ સમયે અત્યંત ભાવપૂર્ણ હૃદયે, તેમનાં પત્ની સહિત સજોડે પુષ્પાંજ સમર્પતા જોએલા. પોતાની નિષ્ઠા, ચીવટ અને એકાગ્રતાથી એ સમ શિષ્યવૃંદમાં જુદા તરી આવતા. તેમનું નામ નૃસિંહપ્રસાદ હતું એટ ગુરુશ્રી તેમને 'પ્રસાદ' કહી સંબોધતા. એ વખતે એમના આપ્ત શિષ મડળમાં ભાવનગરના સ્ટેશન માસ્તર સ્વ. હરગોવિંદભાઈ પંડ્ય પૂર્ણ શ્રધ્ધાવાન, પવિત્ર અને મમતાપૂર્ણ વ્યક્તિ તરીકે સૌનાં પ્રેમ અ સન્માન ધરાવતા. તે પણ ભાવનગરના હોઈ તેમની સાથે નાનાભાઈ પરિચય વધ્યો. ભાવનગરમાં પણ શિષ્યમંડળની સાધના-પ્રવૃત્તિ મા રવિવારે સૌ મળતા ત્યારે નાનાભાઈ તેમાં અગ્ર ભાગ લેતા થયા અ હરગોવિંદભાઈ સમાધિ તથા ધ્યાનયોગમાં સિદ્ધિ પામી વૃત્તિમાં અ જીવનમાં સમતા તેમજ નિર્મળતાના કારણે સર્વના પ્રીતિપાત્ર 'મોટ ભાઇ' તરીકે જાણીતા થયા, તેમ તેમને અનુસરનારા નૃસિંહપ્રસ નાનાભાઈનું બિરુદ પામ્યા. એ 'મોટાભાઇ' અને 'નાનાભાઇ'ની જ ડીએ શ્રી નથુરામ શર્માનો પ્રભાવ ભાવનગરમાં ખૂબ વિસ્તાર્યો. તેમ જ આગ્રહ તથા પ્રયત્નોથી બે-ત્રણ ચાતુર્માસ સુધી નથુરામ શર્મા ભાવનગરની પ્રજામાં સદ્ધર્મ સ્નાનસંધ્યા ને ધ્યાનયોગનો ઉપદેશ કર્યો

આ સંયોગોમાં એ સાધકમંડળે વિદ્યાર્થીઓને મળતી પોક પુસ્તકિયા કેળવણી વિષે ચિંતા કરી અને તેમને સારા વાતાવરણ તથા સમાગમમાં ગુરુકુળની પેઠે ઘરથી અલગ રાખી તેમનું જીવન સંય શિસ્ત અને વિદ્યામય વાતાવરણમાં વિકસાવવાના ધ્યેયથી નથુરામ શર્માએ પોતાના આદર્શ તરીકે રાખેલા શ્રી દક્ષિણામૂર્તિ દેવ નામ સાથે એક વિદ્યાર્થીગૃહ શરૂ કર્યું. તે માટે બીલખા આશ્રમ તરફ શ્રી નથુરામ શર્માએ પ્રારંભમાં રૂા. ૧૦,૦૦૦ની રકમ મંજૂર કરી અ એમ 'શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' સ્થપાયું. નાનાભાઇએ વિ વેતને એ સંસ્થાનું સુકાન હાથમાં લીધું. પોતાની નોકરીમાંથી બચત બધો સમય તેઓ તેની પાછળ આપવા લાગ્યા અને વખતોવખ

'નાના દેશોના હિત ખાતર હું રહીશ. એ લોકોને હજુ મારી જરૂર છે...

તાળીઓના ગડગડાટે જેનો એ જવાબ વધાવી લીધેલો એ શ્રી ડૅાગ હામરશ્યલ્ડનો જન્મ ૨૯મી જુલાઈ ૧૯૦૫ના દિવસે દક્ષિણ સ્વીડનમાં આવેલા જ્યનશ્યેપિંગ ગામમાં થએલો. પિતા શ્રી હાલ્માર હામરશ્યલ્ડ ત્યારે સારી ખ્યાતિ પામેલા જાણીતા સિવિલ સર્વન્ટ હતા. પ્રોફેસર, કલેક્ટર, પ્રધાન, પંત પ્રધાન, હાગના આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના ન્યાયાધીશ સભ્ય, ચીની–અમેરિકન કાયમી તપાસ કમિશનના પ્રમુખ, એમ એક પછી એક જવાબદારીભર્યા હોદ્દા ઉપર શ્રી હાલ્માર હામરશ્યલ્ડ બેસતા આવેલા. તેઓ ઘણા લાગણીપ્રધાન ને માનવતાથી ભરેલા હતા. એમના દીકરા સમજણા થયા ત્યારે તેમની સાથે આધુનિક ને 'ક્લાસિકલ' સ્વીડિશ સાહિત્યની ચર્ચાઓ કરતા. સંયુક્ત રાષ્ટ્રસંઘના મંત્રીપદ પરથી એકવાર ડૅાગે કહેલું: 'પેઢીઓથી પિતાપક્ષે ચાલી આવતી લશ્કરી અને સિવિલ સરવન્ટની કામગીરી પરથી વારસાગત માન્યતા મારામાં એવી સજ્જડ ઊતરી છે કે સ્વાર્થીવૃત્તિથી દૂર રહીને પોતાના દેશ અને માનવતાને ઓળખવા જેટલું સંતોષકારક સુખ જિંદગીમાં બીજું એકે નથી.' જબરો પિતાપક્ષ, તો માતા આગ્નેસ પણ મોળી ન હતી! એ બહાદુર, ધાર્મિક બાઈનું જીવન કલા પ્રત્યેની રુચિ અને તરવરાટથી ભરેલું હતું.

કુદરતે સર્જેલી પ્રાણી–વનસ્પતિ સૃષ્ટિ પ્રત્યે અપાર પ્રેમથી ભરેલ એ ડૅાગની ઝળકતી પ્રતિભા અને અસાધારણ શબ્દપ્રભુત્વની છા નાનપણથી જ વરતાવા લાગેલી. આઠનવ વરસની ઉંમરે, એકવા ડૅાગના એક બાળમિત્રે 'Idyllic' શબ્દની વ્યાખ્યા આપવાનું કહ્ 'ગળામાં ભૂરી રિબનની પટ્ટી સાથે ઘંટડી બાંધેલું ઘેટાનું નાનું બચ્ચ એ ડૅાગનો જવાબ હતો! પ્રાણી પ્રત્યેનો અપાર પ્રેમ એમાં નીતરત હતો. વિદ્યાર્થીકાળ દરમિયાન એમનો ઓરડો રસાયણભરેલાં મરેલ પક્ષીઓ, પતંગિયાં, તીડ અને જીવડાંઓ તેમજ પુસ્તકો વચ્ચે દબાવ રાખેલી ભાતભાતની વનસ્પતિઓથી હમેશાં ભરચક રહેતો. સર્જકે સ જેલી પ્રાણી–વનસ્પતી–સૃષ્ટિના અભ્યાસી એ જીવ પરથી ઘણાંએ ત્યા અનુમાન કરેલું કે મોટા થઇને આ કાં તો વૈજ્ઞાનિક અથવા પ્રોફેસર થશે

કલેક્ટર તરીકે પિતાની નિમણૂક થતાં હામરશ્યલ્ડકુટુંબ દક્ષિ છોડી ઉત્તરે ઉપસૅાલા ગામમાં આવ્યું. ડૅાગનો મોટા ભાગનો અભ્યાસ કાળ તથા જીવન પૂરી ત્યાં જ વીત્યાં. ત્યાંના અભ્યાસકાળ દરમિયા

દિવંગત શ્રી નાનાભાઈ ભટ્ટ

કેળવણીની દૃષ્ટિ વિષે જાહેરમાં પ્રવચનો કરી કેટલાયે વિદ્વાનોને પોતાના કાર્યમાં રસ લેતા કરી શક્યા. તેમાં સાહિત્યપરિષદના આદ્ય સ્થાપક અને અનેક નવોદિત સાહિત્યકારોના પ્રેરણામૂર્તિ સ્વ. રણજિતરામ વાવાભાઈ પણ હતા. તેઓ દર રવિવારે વિદ્યાર્થીઓ સમક્ષ ઇતિહાસ કે સાહિત્યની ચર્ચા કરતા. સમય જતાં લાગ્યું કે વિદ્યાર્થીઓને નિવાસ ને પૂરતી સગવડ આપતાં છતાં તેમને અન્ય શાળામાં જે શિક્ષણ મળે છે તે તો ઘણું નિરર્થક ને ધ્યેયહીન જ હોય છે, એટલે શિષ્યમંડળ સમસ્તનો અભિપ્રાય થયો કે છાત્રાલય સાથે એક સ્વતંત્ર વિદ્યાલય પણ શરૂ કરવું. આ કાર્યમાં નાનાભાઈની વિદ્વત્તા અને આત્મભોગથી પ્રભાવિત થએલા સર પ્રભાશંકર પટ્ટણીએ ઘણી સહાયતા કરી અને ભાવનગરની બહાર તખ્તેશ્વર તરફ જોઈતી જમીન તથા સગવડો આપી.

નાનાભાઈ કૉલેજની નોકરી છોડી આ નવી સંસ્થાના કુલપતિ બન્યા અને વિદ્યાર્થીજીવનની અનેક બાબતો પર તેમણે નવો પ્રકાશ નાખ્યો. વિદ્યાર્થીઓની દૈનિક ટેવો, આચાર-વિચાર, સોબત, ભાવનાઓ વગેરે પર તેઓ ચીવટભરી વિચારસરણીવાળા લેખો અને વ્યાખ્યાનો આપતા અને જાતે વિદ્યાર્થીઓ પર દિવસ રાત નજર રાખી તેમને શિસ્ત અને નિયમબદ્ધ નાગરિકો બનાવવા સતત ઉદ્યોગ કરતા. તેમની રુચિઓ, ખાનપાન અને વિચારોની તેઓ નોંધ લેતા અને માતાની મમતાથી તેમને ઘર ન સાંભરે એવો ઉત્સાહ અને પ્રેરણાભર્યો કાર્યક્રમ રાખતા. પ્રવાસો, પર્યટનો અને સંસ્થાના કામકાજમાં પણ વિદ્યાર્થીઓને દરેક પ્રસંગે કેળવણી મળતી. એમના પ્રયોગશીલમાનસને લઇને એ સંસ્થામાં ભાવનાશાળી શિક્ષકોની ભરતી થવા લાગી. શ્રી. હરભાઈ ત્રિવેદી આજીવન સભ્ય બની શિક્ષણની નવી 'ડૉલ્ટન પદ્ધતિ' પ્રમાણે વર્ગો ચલાવી શક્યા. શ્રી. ગિજુભાઈ બધેકાએ વકીલાત છોડી ત્યાં પોતાનું થાણું નાખીને ગુજરાતમાં બાલમંદિરો દ્વારા મૉન્ટેસોરી શિક્ષણનો પ્રચાર કર્યો અને દક્ષિણામૂર્તિમાં તૈયાર થએલા કેટલાક અગ્રગણ્ય વિદ્યાર્થીઓએ પણ નાનાભાઈનું ધ્યેય અપનાવી સંસ્થાની કીર્તિ ચોપાસ ફેલાવી. આમ શ્રી દક્ષિણામૂર્તિ ગુજરાતની સર્વતોમુખી કેળવણી આપતી અગ્ર સંસ્થા ગણાઈ.

ગાંધીજીના રાષ્ટ્રીય આંદોલને જ્યારે સરકારી કેળવણીનો બહિષ્કાર જાહેર કર્યો અને ગુજરાત વિદ્યાપીઠે મૅટ્રિકની પરીક્ષાઓ લેવાનું ઠરાવ્યું ત્યારે આ સંસ્થા પર ધર્મસંકટ આવ્યું. નથુરામ શર્માનું શિષ્યમંડળ વર્ણાશ્રમી ધર્માચારનો આદર કરતું હોવાથી જે ગાંધીજીએ હરિજનનો આદર કર્યો હતો તેમની સંસ્થા સાથે જોડાવાનું તેમને અશક્ય લાગ્યું. તે વખતે નાનાભાઇએ પોતાની સ્વતંત્ર વિચારસરણી અને વિવેકબુદ્ધિ બતાવી ગાંધીજીના આદેશને ટેકો આપ્યો. આને પરિણામે શ્રી નથુરામ શર્માના શિષ્યમંડળે આ સંસ્થા સાથેનો સંબંધ ને સહાય કાપી નાખ્યાં.

નાનાભાઇને માટે હવે કસોટીનો પ્રસંગ આવ્યો. સંસ્થા નિભાવવી કે બંધ કરવી એ પ્રશ્ન થયો. સહૃદય શિક્ષકમંડળે ગમે તે ભોગે સંસ્થા ચલાવવામાં સાથ આપવા તત્પરતા બતાવી, એટલે નાનાભાઈ પોતાનું પ્રિય શિક્ષણકાર્ય છોડી ભેટ બાંધીને બ્રહ્મદેશ, કલકત્તા, મદ્રાસ, આફ્રિકા ને એડનના પ્રવાસો કરી ખર્ચ માટે નાણાં ઉઘરાવવા લાગ્યા. આ પ્રસંગે તેમણે અનેક સ્થળોએ લોકોને કેળવણીના પ્રશ્ન ઉપર સભાન બનાવ્યા. એ સમયનાં પોતાનાં મનોમંથનો અને સાથીઓ સાથેના આંતરવિગ્રહો તેમણે આત્મચરિત્ર(ઘડતર અને ચણતર)માં આપ્યા છે.

તેમણે ધાર્યું હોત તો ભાવનગર કૉલેજના પ્રિન્સિપાલ અથવા રાજ્યના કેળવણી અધિકારી તો સહજમાં થઈ શક્યા હોત. એ તકોનો તેમણે ત્યાગ કર્યો ત્યારે ઘણા સ્વજનો અને મિત્રોએ તેઓ ભૂલ કરી રહ્યા છે એવું સ્પષ્ટ કહેલું; પણ સ્થિર આદર્શવાળા નાનાભાઇ અવિચળ રહ્યા અને છેવટે તો સ્વરાજ માટે ગાંધીજીએ પ્રબોધેલી ગ્રામકેળવણી માટે કમર કસી એમણે ભાવનગરની સંસ્થા પણ છોડી અને આંબલા નામના નાના ગામડામાં જઇને લોકશિક્ષણની ધૂણી ધખાવી.

સ્વરાજ આવતાં સૌરાષ્ટ્રની સરકારે તેમને આગ્રહપૂર્વક શિક્ષણ-પ્રધાન બનાવ્યા; પણ ત્યાં યે તેમને રાજ્યતંત્રની જડતા સાલી અને રાજીનામું આપી ફરી પોતાની ગ્રામ-વિદ્યાપીઠ સંભાળી આખા યે ભારતનું તેને આકર્ષણ-કેન્દ્ર બનાવી મૂકી. આવા કઠોર માર્ગે ધ્યેય સિદ્ધ કરવા જતાં જીવનના ઘણા કરુણ આઘાતો તેમણે સહી લીધા હતા. હાથમાં ફૂલની જેમ ઉછેરેલા યુવાન પુત્રોને અકાળે કાળના બલિ બનતા એમણે જોયા. તેમના જતાં આજે તેમનાં સુશીલ ધર્મપત્ની શ્રી અજવાળીબેન અને બાળકોને આશ્વાસન દેવાને શબ્દો નથી. ર. મ. રા.

ઘણા સારા શિક્ષકો અને હોંશિયાર વિદ્યાર્થીઓની મૈત્રીનો એમને લાભ મળ્યો; ને હૅમરની જ્ઞાનપિપાસા છિપાવવામાં એ સૌનો પણ ઓછો ફાળો ન હતો. પિતા પંત પ્રધાન બન્યા તે ત્રણ વરસ (૧૯૧૪–૧૯૧૭) નો સમય રાજધાની સ્ટૉકહોમમાં ગાળ્યા પછી પાછા ઉપસૅાલા આવ્યા. એમના ઓરડાની બારી જ બૉટૅનિકલ ગાર્ડનમાં પડતી. વસંત-ઉનાળાની સાંજે એ બગીચામાં મિત્રો જોડે ભટકવા નીકળી પડતા અને તે સમયના અગત્યના પ્રશ્નોની ચર્ચાવિચારણાઓ કરતા. હૅમરની સંભાળમાં હમેશાં એમની ઘણાં નજીક રહેલાં એમનાં બાનો પણ મોટો ફાળો હતો. માતા આગ્નેસની ધાર્મિક વૃત્તિને કારણે દર રવિવારે માહીકરો સાથે દેવળમાં પ્રાર્થના કરવાનું ચૂકતાં નહિ.

અભ્યાસમાં દસ મોટા 'A', ચાર નાના 'a' અને માત્ર કસરતના વિષયમાં 'B' મેળવીને અઢારમે વરસે તે મૅટ્રિક થયા. તે પછી બે વરસે, સાહિત્ય, ઈતિહાસ, ફ્રેન્ચ, તત્ત્વજ્ઞાન ને અર્થશાસ્ત્રના વિષયો લઇ સ્નાતક બન્યા. ત્યાર બાદ ત્રણ વરસે અર્થશાસ્ત્રના વિષય સાથે અનુસ્નાતક બન્યા અને બે વરસ કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી એની ઉપાધિ પણ મેળવી. અભ્યાસ વચ્ચેના સમયમાં સાહિત્યના રસ-ઘૂંટડાઓ એમણે પીધા અને એ પ્રત્યેની એમની રુચિ વધવા લાગી. સંયુક્ત રાષ્ટ્રસંઘની ઘણો સમય માગી લેતી કામગીરીમાં પણ વિમાની સફરો વચ્ચે કે રાત્રે મળતા થોડા મુક્ત સમય દરમ્યાન એમણે નોબેલ ઈનામ પામેલા 'અધરા' ફ્રેંચ કવિ સેન્ટ જૉન પર્સ તથા અમેરિકન લેખિકા ડાયના બાન્ર્સનાં પુસ્તકોના અનુવાદો કરેલા. એમના માનીતા લેખકો જોસેફ કૉનરાડ, હર્મન હેસ્સ, ટી. એસ. ઇલિયટ વગેરે હતા. પિતા દ્વારા સ્પૅનિશ, પોર્ચુગીઝ તથા લૅટિન અમેરિકન સાહિત્યના પણ સારા પરિચયમાં તેઓ આવેલા.

કેમ્બ્રિજમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી ૧૯૩૬માં તે સ્વીડિશ સરકારના નાણામંત્રી તરીકે નિમાયા અને આ જવાબદારી એમણે એમનાં બીજાં અનેક કામોની વચ્ચે એકધારી ૧૯૪૫ લગી સંભાળી. એમની કાર્યશક્તિ તરત જ લગભગ એક દંતકથા સમી બની ગએલી. મોડી સાંજે કોઈ પૂછે કે દફતરમાં હજુ કોઈ બેઠું છે? તો જવાબ મળતો કે 'હા, હામરશ્યલ્ડે કામ હજુ ચાલુ રાખ્યું છે.' અને હામરશ્યલ્ડના નજીકના એક મિત્ર કહેતા કે બીજી સવારે સાડા નવે ફરજ પર હમેશ મુજબ હાજર થવાનું હોય તો પણ તે વહેલી સ-

વારના ચાર વાગ્યા સુધી દફતરમાં બેસી શકતા! દિવસોના દિવસો સુધી પણ આવું ચાલુ રહેતું. આવી કાર્યશક્તિ પાછળનું છૂપું રહસ્ય એમને કુદરતે બક્ષેલી શારીરિક તંદુરસ્તી હતી. બપોરનું ખાણું હૅાગ એમના પિતા જોડે ઘેર લેતા. જમ્યા પછીના સમયમાં પિતાપુત્ર સાથે વાંચતા અને ચર્ચાઓ કરતા—કેટલીકવાર કલાક સુધી! તે પછી થોડી મિનિટોની એક ટૂંકી ઊંઘ ખેંચી કાઢીને હૅાગ પાછા કામ પર જવા ઊપડી જતા. આવા એકધારા કામ વચ્ચે પણ પોતાના મિત્રો ને સ્નેહીઓને તે સંભારતા રહેતા. છતાં કોઈ બાળ મિત્રનો જન્મદિવસ જો ક્યારેક ભૂલી જતા તો માફ કરવાનું મન થાય એ રીતે લખતા કે તેં છાપાંમાં વાંચ્યું તો હશે કે હમણાં હું કેવી ધમાલમાં છું...

સ્વીડિશ સરકારમાં હામરસ્યલ્ડ રાજકારણથી દૂર એવા એક અધિકારી હતા અને નાણાંમંત્રી તરીકેની એમની નિષ્પક્ષી કામગીરીની કદર રૂઢિચુસ્તોથી માંડીને સમાજવાદીઓ સુધીના સૌએ કરેલી. એમાંથી ૧૯૪૯માં તે સ્વીડનના વિદેશખાતાના મંત્રી બન્યા, ૧૯૫૧માં પ્રધાન ને ૧૯૫૩માં સંયુક્ત રાષ્ટ્રસંઘના મંત્રી બન્યા. બીજા ઘણા લાયક માણસો હતા છતાં આ પદ તેમને જ શા માટે સોંપાયું? કારણ કે તેઓ તટસ્થ સ્વીડન દેશના સંપૂર્ણ તટસ્થ માણસ હતા.

અને નવા બનેલા રાષ્ટ્રસંઘના આ મંત્રીની ચડતી ૧૯૫૪થી શરૂ થઈ કોરિયન લડાઈમાં કેદી બનાવી, ચીની લોકોએ પકડેલા અમેરિકન વિમાનીઓને છોડાવવાના કામમાં એમને સફળતા મળી ત્યારે જોકે એ પહેલાં જ એમણે પોતાના કામ અંગેના ભાવિ કાર્યક્રમ વિષેની રૂપરેખા આ પ્રમાણે કંઇક આપેલી: '...ઇતિહાસ રચી રહેલા અને છતાં નિર્ણયો પર ન આવી શકતા દેશોના અંદરના પ્રશ્નો ઉકેલવા મદદ કરવી, તેમને સાંભળવા અને તેમના પ્રશ્નોનું પૃથક્કરણ કરવું અને પરિસ્થિતિને ખયાલમાં રાખીને તેમને સાચી સલાહ આપી શકાય તે ખાતર જે સંજોગો તેમના માર્ગમાં ઊભા છે તેમને સમજવા પૂરેપૂરો પ્રયત્ન કરવો. એમની મૂંગી કાર્યશક્તિનો લાભ દુનિયાને અને રાષ્ટ્રસંઘને ત્યાર પછી સતત મળતો રહ્યો. ૧૯૫૬માં જે દેશોમાં શાંતિ ભયમાં મુકાએલી એ દેશોનો અંગત સંપર્ક એમણે સાધ્યો, લશ્કરો હઠાવવાનાં વચનો મેળવ્યાં, ઈજિપ્ત જોડે સરહદ અંગે વાટાઘાટો ચલાવી, શુભેચ્છાઓ પાઠવવા નેપાળ લગી ઊડયા... ૧૧૦ કલાકની એ કામગીરી–મુસાફરી દરમ્યાન, કહે છે કે, ૧૦ કલાકથી યે ઓછી ઊંઘ એમણે કાઢેલી! સુએઝના પ્રશ્નમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાંસે જ્યારે શાંતિમય ઉકેલ અટકાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમણે પોતાના હોદ્દાના રાજીનામાની ધમકી આપી. એમને ચાલુ રહેવાની વિનંતીઓ કરવામાં આવી—તાળીઓના ગડગડાટથી.

૧૯૫૮ના ઉનાળામાં સંયુક્ત રાષ્ટ્રસંઘના દેશોએ ઇઝરેલ-જૉર્ડન વચ્ચે ઊભા થએલા ઝગડાનો ઉકેલ લાવવાની જવાબદારી તેમને સોંપી. સૂએઝ પ્રશ્નનો સફળતાપૂર્વક ઉકેલ લાવવા કરેલી એટલી જ સખત કામગીરી એમણે અહીં કરી. થોડા દિવસોના સમયમાં જ ૮૧ સભ્ય દેશોના અર્ધા કરતાં પણ વધુ પ્રતિનિધિઓ જોડે વાતો કરી, શાંતિમય ઉકેલ માટેનું સમાધાન કરાવ્યું અને ભયમાં તોળાએલી શાંતિને બચાવી. ને પછી આવ્યું કૉંગો. ત્યાં ભભૂકી ઊઠેલી જ્વાળાઓને હોલવવા એમણે સતત પ્રયત્ન કર્યો, સોવિયેત જેવા દેશની ટીકાઓ વચ્ચે.

*

પૂર્વ કે પશ્ચિમ, યહૂદી કે આરબ, ગોરા કે કાળા, દરેકને એ રૂબરૂ મળ્યા—માત્ર સયુક્ત રાષ્ટ્રસંઘની કચેરી પર જ નહિ, એમના દેશોની ધરતી પર પણ. ને એ જ એમના મૃત્યુનું કારણ બન્યું! શ્રી હામરસ્યલ્ડને છેલ્લી અંજલિઓ આપવા તેમની દફનક્રિયા વખતે દુનિયાને ચારે ખૂણેથી પ્રતિનિધિઓ આવ્યા. ૨૦ સપ્ટે.'૬૧ની સંયુક્ત રાષ્ટ્રસંઘની ટૂંકી બેઠકમાં ઘણા દેશોએ હૅાગને અંજલિ આપી, તેમાં કૅમેરનના પ્રતિનિધિએ ગળગળા કંઠે ઉચ્ચારેલા શબ્દો યાદ રહી જાય તેવા હતા: 'જે આફ્રિકા ખંડની શાંતિ માટે તું ઝઝૂમ્યો એ જ ખંડમાં વીરની માફક તું પડયો. તારાં કામની માફક તારું નામ અમર રહો.'

—મસ્તાન મેઘાણી

કાળાં મરી

સામાન્ય રીતે મસાલા તરીકે વપરાતાં કાળાં મરી એક ઉત્તમ ઔષધ પણ છે. ભજિયાં અને ફૂલવડીમાં નાખવામાં આવતાં આખાં મરીનાં સ્વાદ અને સુગંધ રુચિકારક હોઈ તથા પીપરની અપેક્ષાએ એની તીખાશ ઓછી હોઇ મસાલા તરીકે તેને સારી પ્રતિષ્ઠા મળી છે. નાગરવેલના પાનની માફક મરીના પણ વેલા મલબાર અને કોંકણમાં થાય છે. તે પર ઝીણાં ફળના ગુચ્છા બેસે છે. તે મરી. મરીના બે પ્રકાર જાણીતા છે: ધોળાં અને કાળાં. મરીના પક્વ ફળને પાણીમાં ભીંજવીને ઉપરનું કાળું પડ કાઢી નાખીને 'સફેદ મરી'ના નામથી વેચવામાં આવે છે. ફળના ગુચ્છા જંગલી શેતુર જેવા હોય છે. દરેક ગુચ્છામાં દસ–વીસ લીલા દાણા અન્યોન્ય મળેલા હોય છે જે સુકાયા પછી કાળા અને કરચલીઓવાળા થાય છે.

મરીને સંસ્કૃતમાં મરીચ કહે છે. સૌરાષ્ટ્રમાં તે 'તીખાં' તરીકે જાણીતાં છે. આયુર્વેદિક ગુણધર્મો પ્રમાણે મરી તીખાં, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, હલકાં, રેચક, શોષક, દીપન, શિરોવિરેચન, કૃમિનો નાશ કરનાર તથા કફ, વાયુ અને હૃદયરોગનો નાશ કરનાર છે. સફેદ કરતાં કાળાં મરી વિશેષ ગુણકારી અને નેત્રને માટે હિતકારી છે.

કાળા મરીની છાલમાં રાળ જેવો એક પદાર્થ છે જે પાણીમાં ઓગળી જાય છે. વળી વરાળની સાથે ઊડી જનારું એક તેલ પણ એમાં રહેલું છે. સફેદ મરીમાં ઉપરનું પડ કાઢી નાખવામાં આવતું હોઈ એનામાં તીખાશ ઓછી હોય છે. કાળાં મરી મુદતિયા તાવને અટકાવનાર તથા કુપચન અને આધ્યાનમાં ગુણકારક છે. ઉત્તર ગુદા પર એની વિશેષ ક્રિયા થતી હોઈ એ અર્શમાં લાભદાયી છે અને મૂત્રપિંડ માટે ઉત્તેજક હોઈ મૂત્રનું પ્રમાણ વધારનાર છે. શીતજ્વરમાં તાવ આવતાં પહેલાં કાળાં મરી લેવાથી રોગીને સારું લાગે છે, પરંતુ એમાં જ્વરઘ્ન ગુણ અલ્પ હોવાથી એની સાથે અન્ય જ્વરનાશક ઔષધો આપવાં જોઇએ. (ડૉ. વા. ગ. દેસાઈ)

કાળાં મરી બહારના ઉપયોગમાં લેખન, રક્તાકર્ષણ તથા સંક્ષોભક અસર કરનાર છે. ધન્વંતરિ નિઘંટુના કર્તાએ મરીને જંતુમાત્રનો નાશ કરનાર કહ્યા છે. ડૉ. લક્ષ્મીપથીએ હાથીપગામાં મરીનું નિત્યસેવન ઉપયોગી હોવાનું લખ્યું છે. ત્વચારોગમાં બાહ્ય પ્રયોગ તરીકે મરીનો ઉપયોગ થાય છે. શિરોવેદનામાં મરીનો લેપ શીઘ્ર અસર કરે છે. આમ મરીના અનેક ઘરગથ્થુ અને શાસ્ત્રીય પ્રયોગો છે.

(જનસત્તા) —વિજ્ઞાનભિક્ષુ

કાકડા – तुण्डिकेरी – Tonsils

કોઈને કાકડા વધ્યા હશે અને ડૉક્ટરની સલાહ લીધી હશે તો તો ઑપરેશન કરાવી લેવાનું જ કહ્યું હશે. આજે બધા ડૉક્ટરો એ જ સલાહ આપે છે. પણ કાકડા શું છે અને એ કેમ વધે છે એ જાણ્યા પછી કદાચ લાગશે કે ઑપરેશન એ ખતરનાક ઉપચાર છે.

ગળાના દ્વાર પર આવેલી બે નાની ગ્રંથિઓ તે કાકડા. એમાં કફ ને રક્તથી ઉત્પન્ન થતા દાહ ને પાકયુક્ત જે શોથ થાય છે તેને કાકડા—ટૉન્સિલ્સની વૃદ્ધિ કહે છે. એનું આગમન પ્રથમ શરદીથી વરતાય છે.

શરદી અને ગળાનો સોજો, એ રોગ આજે સામાન્ય જેવો થઈ

ગયો છે, ને એને એક સાધારણ રોગ ગણી આપણે તેની ઉપેક્ષા કરીએ છીએ. હકીકતમાં એ તો અન્ય કોઈ રોગ થવાના પ્રથમ તબક્કાનું લક્ષણ કે ચેતવણી છે, ને એ ચેતવણી સૌ પથમ ગળા અને નાક દ્વારા આપણને મળે છે. આપણા રોજિંદા જીવનમાં હવા, પાણી અને ખોરાક અગત્યની જરૂરીઆતો છે, જેને ગળા દ્વારા આપણે પ્રવેશ આપીએ છીએ. એ ગળામાં કાકડા, સ્વરપેટી, શ્વાસનળી, અન્નનળી, કાન-નાક સાથે જોડનારા માર્ગો વગેરે આવેલું છે. ગળામાં શરદીની અસર થઈ કે કાન દુખે, નાક રૂંધાય, અવાજ બદલાય, પકડાય કે ઠરડાય. એટલે હવા-પાણી-ખોરાકનો ધોરીમાર્ગ ગળું જેટલું સ્વચ્છ અને સ્વસ્થ તેટલું આરોગ્ય તનનું ને પરિણામે મનનું જાળવી શકાય.

કમનસીબે આજે લોકો કાકડા કપાવીને દુ:ખ દૂર કરવાના ધોરીમાર્ગના મોહમાં ફસાય છે; પણ પરિણામે કદાચ એ બીજા કોઈ ભયંકર દુ:ખને આમંત્રણ આપી રહ્યા છે એ સમજતા નથી.

શરીરશાસ્ત્રીઓના મતાનુસાર 'કાકડા' એ બે નાની પણ મહત્તાપૂર્ણ રસગ્રંથિઓ છે, જેનું કામ હવા-પાણી-ખોરાક સાથે ભળીને શરીરમાં પ્રવેશ કરતા અનેક નાનામોટા કીટાણુ તથા ઝેરી તત્ત્વોનો સામનો કરી, તેનો નાશ કરી, શરીરનું તેમની સામે રક્ષણ કરવાનું છે. લોહીમાંના શ્વેત કણો જેટલું જ, બલ્કે તેથી યે વિશેષ એ ગ્રંથિઓનું મહત્ત્વ આંકી શકાય. કલ્પી શકો છો, એ ઝેર-નાશક રસગ્રંથિઓને કપાવી નાખવાથી પ્રાકૃતિક શરીરરચનામાં કેવો પ્રત્યાઘાત આવશે?

'દ્રવ્યગુણ વિજ્ઞાન'માં નિરૂપેલા પ્રત્યેક દ્રવ્યના રસ, વીર્ય, વિપાક, પ્રભાવ, ગુણાદિનું સૂક્ષ્મ અવલોકન કરતાં એમાંનો જે ઉપાય કાકડા માટે વધુ વિશ્વસનીય અને છતાં સરળ જણાયો છે તે નીચે મુજબ છે:

હળદર: રસમાં તીખી-કડવી, વીર્યમાં ઉષ્ણ, ગુણમાં રુક્ષ તથા પ્રભાવમાં કફ-પિત્ત શમાવનારી હોઈ, ચામડી અને લોહીના વિકાર તથા સોજા મટાડનાર હોઈ, રક્તોત્પન્ન દાહ ને પાકયુક્ત શોથને તે મટાડે છે.

ધોળી સાકર: ટાઢી, રક્તવિકાર તથા પિત્તને શમાવનારી, હલકી ને દસ્ત ઉતારનાર હોઈ શોથને મટાડે છે. ધોળી સાકર ન મળે તો ખડી સાકરથી પણ ચાલે. ખડી સાકરમાં પણ લગભગ તેવા જ ગુણ છે. આ બન્ને દ્રવ્યોના જુદાજુદા રસ, વીર્ય, વિપાક, પ્રભાવ ને ગુણોની દૃષ્ટિએ બંનેના સંયોજિત યોગથી ઉત્પન્ન થતા ગુણો દ્વારા કાકડાની વૃદ્ધિને સહેલાઈથી અટકાવી, મટાડી શકાય છે. હળદર અને ધોળી સાકર બંનેનું સરખે ભાગે ત્રણ વાલ વસ્ત્રગાળ ચૂર્ણ સવારે ને રાત્રે પાણી સાથે ફાકવાથી પંદર-વીસ દિવસમાં કાકડાની વૃદ્ધિ મટી આરામ થાય છે. આ પ્રયોગ ચાલુ હોય તે દરમિયાન ખૂબ તેલવાળો કે તળેલો ખોરાક, ઠંડાં પીણાં, બરફ વગેરે ઉપયોગમાં ન લેવાં. કબજિયાત રહેતી હોય તો ત્રિફળાનો ઉપયોગ કરવો.

ફૉસ્ફરસ

સ્મશાનમાં કે ઝીલપદેશમાં અધારી રાતે ભડકો થાય તો અજ્ઞાની લોકો એને ભૂતાવળ માની લે છે. એ પરાક્રમ ફૉસ્ફરસનું છે, જેના વિના જીવસૃષ્ટિ કે વનસ્પતિસૃષ્ટિ પેદા જ ન થઈ હોત.

સામાન્ય લોકોએ તો દીવાસળીની શોધ થઈ ત્યારે જ તેનું નામ સાંભળ્યું. ઘસતાં સળગી ઊઠે તેવી દીવાસળીમાં ફૉસ્ફરસ હતું.

શરૂઆતમાં તો દીવાસળીમાં સફેદ ફૉસ્ફરસનો ઉપયોગ થતો. એ બહુ ઝેરી પદાર્થ છે. વરાળ રૂપે શ્વાસમાં જાય કે તરત જાય શરીરમાં, પહોંચે હાડકાંમાં, અને ત્યાં ઝેરી અસર ઉત્પન્ન કરે. આથી તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો. પણ એ સંયોજિત સ્વરૂપે બહુ ઉપયોગી છે. એટલે વિજ્ઞાનશાસ્ત્રીઓએ તેને નિર્ભય રીતે વાપરી શકાય એવું રૂપ આપ્યું. જો સફેદ ફૉસ્ફરસને ૨૫૦ અંશ ગરમીમાં ઑક્સિજનની ગેરહાજરીમાં તપાવવામાં આવે તો થોડા કલાકમાં તેનો રંગ રાતો થઈ જાય છે. તે રાતા ફૉસ્ફરસ તરીકે ઓળખાય છે. બેની પ્રકૃતિમાં કેટલો ફેર! શ્વેત ફૉસ્ફરસ ૪૪ અંશ ગરમીમાં પીગળે છે, લાલ ફૉસ્ફરસને ૬૦૦ અંશ જોઇએ છે. અને એ રાતા ફૉસ્ફરસ સાથે કામ પાડવામાં જોખમ નથી.

પહેલા વિશ્વવિગ્રહ અગાઉ ઘસો કે સળગે એવી એ દીવાસળી આવતી, જે ખતરનાક હતી. એમાં ફૉસ્ફરસ ટ્રાઈસલ્ફાઇડ નામનું રસાયણ હતું, જેના એક રેણુમાં ચાર અણુ ફૉસ્ફરસ અને ત્રણ અણુ ગંધકના હતા. ઘસારાથી જે સાધારણ ગરમી પેદા થાય તે ફૉસ્ફરસ ટ્રાઇસલ્ફાઇડને સળગાવી દેવા બસ છે. આમ આ દીવાસળી જોખમી હતી. તેથી સલામત દીવાસળીની શોધ થઈ. તેની પેટી પરના રાસાયનિક કાગળ પર લાલ ફૉસ્ફરસ હોય છે. દીવાસળીનું ટોપકું ઘસવાથી તેનો તણખો ઝરે અને તેમાં દીવાસળીનું ટોપકું સળગે. દીવાસળીના એ ટોપકામાં ઍન્ટીમની ટ્રાઇસલ્ફાઇડ નાખવામાં આવે છે. એ ઍન્ટીમની

જીવી જાણનારા
ફ્લાઇટ લેફ્ટેનન્ટ કે. એસ. કલસીઆ

ફ્લાઈટ લેફ્ટેનન્ટ કે. એસ. કલસીઆ તરીકે જાણીતા આપણા હવાઈ દળના આ અફસર રાજા કરણશેરસિંહ કલસીઆનો



જન્મ ઈ. ૧૯૩૨ની બીજી નવેમ્બરે થએલો. દહેરાદુનની 'દુન નિશાળ'માં પ્રાથમિક ને માધ્યમિક કેળવણી લીધા પછી તેઓ જૉઇન્ટ સર્વિસ વિંગમાં જોડાયા. તે પછી ઉડ્ડયનની તાલીમમાં સર્વોત્તમ કડેટ બની સોર્ડ ઑવ ઑનર મેળવી, એટલું જ નહિ ફ્લાઇંગ ટ્રૉફી પણ મેળવી. આ સમગ્ર કાળ દરમિયાન પોતાના ઉમદા સ્વભાવથી તેઓ સૌ સાથીદારોની ચાહના મેળવી શકેલા.

તાલીમને અંતે તેમની સારી કારકિર્દી જોઈ એમને 'સ્ક્વૉડ્રન' (હવાઇદળની ટૂકડી)માં લઇ લેવામાં આવ્યા. ત્યાં પણ તેમની ઉત્તમ કામગીરી જોઈ સરકારે તેમને અદ્યતન વિમાની તાલીમ માટે વિદેશ મોકલ્યા. ત્યાંથી પાછા ફર્યા પછી કેટલીક અગત્યની ઉડ્ડયન-કેળવણી મેળવીને ઑલ રાઉન્ડ પાયલટ તરીકે નામના કમાયા. એમની આ શક્તિ જોઈ સરકારે ફરી તેમને બ્રિટનમાં '૩ ફાઇટર ૉમ્બર લીડર' તરીકે વધુ તાલીમ લેવા મોકલ્યા.

બ્રિટનથી આવ્યા બાદ એમણે લાકલ ગનરી કોર્સમાં ઑમ્બિંગના વિક્રમો સ્થાપવા માંડેલા; અને આ કોર્સ દરમ્યાન જ ભારતીય હવાઇદળના જામનગર મથકે પોતાના વિમાન 'શાલિની'ને લઇને તેઓ ઊડતા હતા ત્યાં એકાએક વિમાનમાં આગ લાગી. તે જ વખતે જો તેઓ છત્રીની મદદથી વિમાનમાંથી કૂદી પડયા હોત તો પોતાનો જીવ ખુશીથી બચાવી શકત. પણ તેમ કરતાં સળગતું વિમાન નીચે વસતિના વિસ્તારમાં તૂટી પડત અને જાનમાલની ઘણી મોટી હાનિ થાત. એ બચાવવા એમણે પોતાની જ આહૂતિ આપવાનો નિર્ણય લઇ લીધો! પોતે બળી મરવાની પરવા કર્યા વિના વિમાનને સલામત વિસ્તાર તરફ વાળી લીધું ને પરિણામે મોત વહોરી લીધું.

(જવાહર શાહ)

પણ ફૉસ્ફરસના વગનુ જ તત્વ છે.

માણસના શરીરમાં પણ ફૉસ્ફરસ છે એમ ઈ. ૧૬૬૯માં હેનિગ નામે જર્મન રસાયણશાસ્ત્રીએ શોધી કાઢયું. હેનિગ બ્રાન્ડે પેશાબને તપાવીને પાણી બાળી નાખ્યું અને બાકી જે ક્ષારો રહ્યા તેમાંથી તેણે ફૉસ્ફરસની શોધ કરી. શ્વેત ફૉસ્ફરસ મીણ જેવું નરમ હોય છે અને હવામાનના સામાન્ય ઉષ્ણતામાનમાં આપમેળે સળગી ઊઠે છે. તેનો ભડકો લીલી ઝાંયવાળો થાય છે. ફૉસ્ફરસનો અર્થ 'સ્વયંપ્રકાશ' છે.

કરોડરજ્જુવાળાં બધાં પ્રાણીઓનાં હાડકાંમાં ૬૦ ટકા કૅલ્શ્યમ અને ફૉસ્ફરસના ક્ષારો છે, જે હાડકાંને કઠોરતા આપે છે. કોલેજન નામનું રેષા જેવું પ્રોટીન (જે ઉકાળવાથી ગુંદર જેવું જિલેટીન નીકળે છે) હાડકાંને તન્યશક્તિ (tenusile strength) આપે છે. ખનિજો ઉપરાંત આ સેન્દ્રિય પદાર્થો ન હોત તો હાડકાં બરડ થઈ જાત. વૃદ્ધાવસ્થામાં હાડકાંના સેન્દ્રિય પદાર્થો ઘટતા જાય છે એટલે હાડકાં બરડ થતાં જાય છે. બાળકનાં હાડકાં રબર જેવાં હોય છે.

વનસ્પતિને ખાતર તરીકે ફૉસ્ફેટ જોઇએ છે. વનસ્પતિના શરીરમાં ફૉસ્ફેટ છે. આથી આપણા ખોરાકમાં પણ ફૉસ્ફેટનો અંશ આવે છે. શરીરમાં જ્યારે ખોરાક પચે છે ત્યારે એ ફૉસ્ફેટ ઉચ્ચ શક્તિશાળી ફૉસ્ફેટ રૂપે સંઘરાઈ રહે છે, કેમકે શરીરની અંદરની કે બહારની કોઈ પણ ક્રિયામાં તે શક્તિની જરૂર પડે છે. વિચાર કરવા પણ શક્તિ જોઇએ અને કામ કરવા પણ શક્તિ જોઇએ; આંખનું મટકું મારવા પણ જોઇએ અને ગૂણ ઉપાડવા પણ જોઇએ.

હાડકાંમાં ફૉસ્ફેટ હોવાથી હાડકાંનો ચૂરો ખાતર તરીકે વપરાય છે. રાસાયણિક ખાતરમાં ફૉસ્ફેટ હોય છે. વનસ્પતિમાં પણ ફૉસ્ફેટ છે. આથી પાંદડાંનું પણ ખાતર બનાવવામાં આવે છે. છાણમાં પણ તે છે. વનસ્પતિ પાણીમાં સડે છે ત્યારે જેમ મિથેઇન વાયુ ઉત્પન્ન થાય છે તેમ ફૉસ્ફાઇન સ્વરૂપે ફૉસ્ફરસ પણ નીકળે છે. એ ઝેરી, ગંધાતા વાયુના દરેક રેણુમાં એક અણુ ફૉસ્ફરસનો ને ત્રણ હાઇડ્રોજનના હોય છે, જે બંને સળગી ઊઠે એવાં છે. આથી હવાના સામાન્ય ઉષ્ણતામાનમાં પણ ફૉસ્ફાઈન સળગી ઊઠે છે. લોકો એને ભૂત માને છે.

ફૉસ્ફરસની સહાયથી એવો ઝેરી વાયુ બનાવવામાં આવ્યો છે કે તે શ્વાસમાં જાય તો શરીરના બધા જ્ઞાનતંતુઓ કામ કરતા અટકી પડે. એથી મૃત્યુ નીપજે છે. અંગ્રેજીમાં આવા વાયુઓને nerve-gases કહેવામાં આવે છે. હજી સુધી કોઈ લડાઈમાં તેમનો ઉપયોગ નથી થયો એ દુનિયાનું સદ્ભાગ્ય છે. (પ્રવાસી)

સો વર્ષ પૂર્વે ઈંગ્લંડમાં હિંદી ભાષા બોલાતી હતી!

હિંદમાં જેણે કદી પગ પણ ન મૂકયો હોય અને જેને ખબર પણ ન હોય કે પોતે કઈ ભાષા બોલે છે એવા, આજથી સો વર્ષ ઉપર ઈંગ્લંડમાં જ વસતા લોકો જો હિંદુસ્તાની ભાષા ત્યાં બોલતા હોય તો નવાઈ ન લાગે? પણ આ હકીકત છે. આજથી સો વર્ષ પર કલકત્તાના 'ક્રિશ્ચિયન ઑબ્ઝર્વર' પત્રમાં, ઇંગ્લંડમાં વસતી 'જિપ્સી' જાતિ વિષે એક લેખ આવેલો જેમાં એ જાતિની ભાષામાં આવતા શબ્દોનું હિંદી ને સંસ્કૃત શબ્દોનું સ્વરૂપ સામ્ય દર્શાવી તેની એક વિસ્તૃત યાદી આપવામાં આવી હતી. તેમાંના થોડા શબ્દો: ear=કાન; eye=યાક; fish=માછો; flesh=માસ; head=શેરો; horn=શિંગ; knife=ચુરી; life=જીવેન; man=મનુસ; nose=નાક; sheep=બકરો; snake=સાપ; theif=ચોર; wat =પાની; black=કાલા; far=દૂર; many=બૂત વગેરે. (સો વર્ષ પરના, ૨૬મી ઑક્ટોબર ૧૮૬૧ના 'ઑગ્બ્ર ગાર્ડિયન' પત્રમાંથી 'ટાઈમ્સ ઑવ ઈંડિયા'એ તે વખતે ઉતારેલું અવતરણ).

ટેલીવિઝનનો નવો ઉપયોગ

ફ્રાંસમાં ટેલીવિઝનના ઉપયોગનો એક અભિનવ પ્રયોગ થઈ રહ્યો છે. દરેક ઍમ્બ્યુલન્સ ગાડીમાં એકએક નાનકડો ટેલીવિઝન કૅમેરા રાખવામાં આવે છે. અકસ્માતને વખતે જ્યારે તે મદદે જાય ત્યારે ત્યાંથી જ દર્દીની હાલતની માહિતી દવાખાના પર પહોંચાડાય છે અને એ રીતે ઇસ્પિતાલમાં પણ દર્દી પહોંચે એ પહેલાંથી જ દાકતર તેને માટેની જરૂરી તૈયારીઓ કરી રાખે છે તેમજ જરૂર પડયે એ ઍમ્બ્યુલન્સ ગાડીને ઉપયોગી સૂચનો પણ આપતો રહે છે. પરિણામે પાછળથી વિલંબ થવાને લીધે બગડી જતા ઘણા કેસોમાં સફળતા મળે છે.

ગણિતગમ્મત: ભાગાકાર કરી શકાવાના સહેલા નિયમો

(૧) રકમનો છેવટનો અંક જો બેકી હશે તો તે રકમને બે વડે ભાગી શકાશે. (૨) રકમના બધા અંકોના સરવાળાને ૩ વડે ભાગી શકાતું હશે તો એવી રકમને ત્રણ વડે ભાગી શકાશે. (૩) રકમના છેલ્લા બે અંકોને જો ૪ વડે ભાગી શકાય તો એ આખી રકમને યે ૪ વડે ભાગી શકાય. (૪) રકમનો છેલ્લો અંક ૦ કે ૫ હોય તો આખી રકમને ૫ વડે ભાગી શકાય. (૫) રકમનો છેલ્લો આંકડો બેકી હોય અને તેના અંકોના સરવાળાને જો ત્રણ વડે ભાગી શકાતું હોય તો તે આખી રકમને ૬ વડે ભાગી શકાય. દા.ત. ૧૨. છેવટનો આંકડો ૨ છે અને અંકોનો સરવાળો ૧+૨=૩. (૬) જો રકમ ત્રણ આંકડાની હોય અને તેના છેલ્લા બે અંકોને ૪ વડે ભાગી શકાય અને જો પહેલો આંકડો બેકી હોય તો તે રકમને ૮ વડે ભાગી શકાય. દા. ત ૪૧૬. આમાં, છેલ્લા બે અંકો ૧૬ને ૪ વડે ભાગી શકાય છે અને પહેલો આંકડો ૪ એ બેકી છે, માટે આ રકમને ૮ વડે ભાગી શકાશે. વળી જો રકમ ચાર અથવા વધારે આંકડાની હોય તો તેના છેલ્લા ત્રણ આંકડા લ્યો. પ્રથમ તેને બે વડે ભાગી અને તેનો જે જવાબ આવે તેને જો ચાર વડે ભાગી શકાય તો આખી રકમને પણ ૮ વડે ભાગી શકાય. દા. ત. ૭૬,૧૧૨માં છેલ્લા ત્રણ આંકડા ૧૧૨ છે તેને ૨ વડે ભાગતાં જવાબ ૫૬ આવે. ૫૬ ને ૪ વડે ભાગી શકાય છે, માટે આખી રકમને ૮ વડે ભાગી શકાશે. (૭) જો રકમના બધા અંકોના સરવાળાને નવ વડે ભાગી શકાતું હોય તો એ આખી રકમને ૯ વડે ભાગી શકાય. (૮) જે રકમનો છેલ્લો આંકડો ૦ હોય તે રકમને ૧૦ વડે ભાગી શકાય. (૯) કોઈ પણ રકમના એકી અંકોનો તેમજ બેકી અંકોનો સરવાળો સરખો થાય તો તે રકમને ૧૧ વડે ભાગી શકાય. દા. ત. ૧૨૧માં એકી અંકો ૧+૧= ૨ અને બેકી સંખ્યા ૨ છે. આમ, એકી અને બેકી બંને સંખ્યા સરખી થાય છે, માટે તે રકમને ૧૧ વડે ભાગી શકાશે. —સુરેન્દ્ર ન. પારેખ

ઇનામી નિબંધ-હરીફાઈ, ૧૯૬૧-૬૨

'મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ' તરફથી "શિક્ષણમાં ધર્મનું સ્થાન" એ વિષય ઉપર ઇનામી નિબંધ હરીફાઈ જાહેર થઈ છે જેમાં સદરહુ ટ્રસ્ટફંડના નિયમ પ્રમાણે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, ખેડા, પંચમહાલ, ભરૂચ અને સૂરત જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. શ્રેષ્ઠ નિબંધ માટે રૂા. ૩૦૦/–નું ઇનામ રખાયું છે. એ નિબંધ ઓછામાં ઓછા ૧૦,૦૦૦ અને વધુમાં વધુ ૨૫,૦૦૦ શબ્દોમાં; ગુજરાતી, હિન્દી કે મરાઠી પૈકી ગમે તે એક ભાષામાં ફૂલસ્કેપ કાગળની એક બાજુ સ્વચ્છ રીતે લખી તા. ૧૫મી જૂન ૧૯૬૨ સુધીમાં ઉપરોક્ત સમિતિના મંત્રીને, પ્રાચ્યવિદ્યા મંદિર, પો. બો. નં. ૭૫, વડોદરા–એ સરનામે મોકલવો.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સર વિલિયમ રૉધેન્સ્ટાઇન

તસવીર-આલેખનના જગમાન્ય અગ્રણી સર્જક અને ભારતીય કલા-સંસ્કૃતિના આજન્મ



સક્રિય પુરસ્કર્તા સર વિલિયમ રૉધેન્સ્ટાઈનનો જન્મ ઈ. ૧૮૭૨ના ૨૯મી જાન્યુઆરીએ ઇંગ્લૅંડના યૉર્કશાયર પરગણાના બ્રૅડફર્ડ ગામે કાપડના શ્રીમંત વેપારી પિતા મૉરિત્ઝને ત્યાં થયો હતો. નાનપણથી જ ચિત્રો કરવાનો અને અવનવું સાહિત્ય વાંચવાનો અદમ્ય શૉખ હોઇ પિતાએ તેમને ગામની કલાશાળામાં મૂકયા. પછી લંડનની સ્લેડ સ્કૂલમાં પ્રો. લેગ્રૉસના હાથ નીચે તાલીમ લીધી.

બાદ પારીસની જુલિયન અકાદમીમાં ચાર વર્ષ અભ્યાસ કર્યો. ૧૮૯૩માં પારીસથી ઇંગ્લૅંડ આવીને ઑક્સફર્ડના પ્રતિભાસંપન્ન પુરુષોની તસવીરો લિથોગ્રાફથી 'ઑક્સફર્ડ કૅરૅક્ટર્સ' નામે પ્રકટ કરી. પછી તેમણે લંડનના ચેલ્સી પરામાં મુકામ નાખી સ્ટૂડિયો ખોલ્યો અને 'ન્યૂ ઇંગ્લિશ આર્ટ ક્લબ' નામના કલાકાર મંડળમાં જોડાયા. 'લંડન પૉર્ટ્રેટ્સ' અને 'મૅન્ચેસ્ટર કૅરૅક્ટર્સ' એ તેમની બીજી તસવીરમાળાઓ છે.

બેઠા રંગોમાં ચિત્ર કરવાની પારીસમાં પકડેલી શૈલીને હવે તેમણે ઘનતા ને ઉઠાવ આપવા માંડયો, જોકે તેઓ પોતે હતા તો સાદૃશ્યવાદી સંપ્રદાયના.

એકવાર તેમણે ત્રણત્રણ શિલિંગે ખરીદેલાં હિંદી કલમનાં ચિત્રોએ તેમનામાં હિંદી કલા-સંસ્કૃતિ માટે અહોભાવ જન્માવ્યો. હિંદી કલાની સાચી કદરદાની પશ્ચિમી પ્રજા કરી શકે તે ખાતર તેમણે ડૉ. તથા મિસિસ હૅરિંગહામ, ટૉમસ આર્નોલ્ડ, પ્રો. લેથૅબી, રૉજર ફ્રાય, ડૉ. ટૉમસ, ટી. રૉલેસ્ટન વગેરે ઉદાર મનના કલાવિચારકોનું મંડળ 'ઇન્ડિયા સોસાએટી' સ્થાપ્યું. પછી તો અજંતાનાં ચિત્રોની વધુ પ્રમાણભૂત નકલ ઉતારવા હિંદ આવતાં લેડી હૅરિંગહામ સાથે હિંદની કલાયાત્રાએ પણ તેઓ આવી ગયા, જે દરમ્યાન તેમને થએલા મહત્ત્વના સંપર્કો પૈકીનો મુખ્ય છે ટાગોર-કુટુંબ સાથેનો, અવનીન્દ્રનાથ, ગગનેન્દ્રનાથ ને રવીન્દ્રનાથના મેળાપનો. ઇંગ્લૅંડ પાછા ફરીને તેમણે હિંદ-સફર દરમ્યાન કરેલાં ત્રણ મોટાં ચિત્રો ને દોઢસો જેટલા સ્કેચોનું પ્રદર્શન પણ કરેલું. પછી અમેરિકાને પ્રવાસે ગયા, ત્યાં ન્યૂ યૉર્ક, શિકાગો, બૉસ્ટન વગેરે શહેરોમાં પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં. બાદ આયર્લૅંડમાં ડબ્લિનની ક્વીન્સ કૉલેજમાં 'હર્મિયન વ્યાખ્યાનો' આપ્યાં.

એવામાં ઇંગ્લૅંડ આવેલા કવિ રવીન્દ્રનાથ ટાગોરે પોતાનાં કાવ્યો તેમને વાંચવા આપ્યાં. તેનાથી વિસ્મયમુગ્ધ થએલા રૉધેન્સ્ટાઇને તે કવિ યીટ્સને વંચાવ્યાં. યીટ્સ તો એટલા પ્રસન્ન થઈ ઊઠયા કે તેમણે એ સંગ્રહને પ્રસ્તાવના પણ લખી આપી. એ સંગ્રહ 'ગીતાંજલિ' નામે ગ્રંથસ્થ થઇને સૌ પહેલો 'ઇન્ડિયા સોસાએટી' માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

૧૯૧૪ના વિશ્વયુદ્ધ વખતે એક બેલ્જિયન સૈનિક સાથે જઇને તેમણે યુદ્ધનાં ચિત્રો કરેલાં. ૧૯૧૭માં યુદ્ધનાં પ્રમાણભૂત ચિત્રો તૈયાર કરવા માટે બ્રિટિશ સરકાર તરફથી પણ તેઓ નિયુક્ત થયા હતા. ૧૯૧૭માં હર્બર્ટ ફિશર શેરફીલ્ડ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર થયા, તેમના આમંત્રણથી એમણે જે છ વ્યાખ્યાનો આપ્યાં તે પરથી એ વિદ્યાપીઠમાં 'સિવિક આર્ટ'નું ખાસ આસન નિમાયું. એ પછી પ્રો. રૉધેન્સ્ટાઇનને સરકારના મુખ્ય કલા-કેન્દ્ર 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ્સ'નું સંચાલન પણ સોંપાયું.

૧૯૨૪માં પાર્લમેન્ટના હાઉસ ઑવ કૉમન્સમાં મોટાં ભીંતચિત્રો કરવાનો ઠરાવ થયો ને તેની કમિટીમાં રૉધેન્સ્ટાઈન પણ નિમાયા. અહીંને માટે તેમણે કરેલું 'જહાંગીરના દરબારમાં સર ટૉમસ રૉની મુલાકાત' એ તેમનું સૌથી મોટું ચિત્ર છે. ઉપરાંત વિખ્યાત 'ટેટ-ગૅલેરી'માં પણ તેમણે રવીન્દ્રનાથ અને રૉદેનાં ઘણાંક તસવીર-આલેખનો કર્યાં છે. હિંદનાં સરકારી ભવનોમાં હિંદી કલાકારો પાસે જ ચિત્રકામ કરાવવાની પ્રવૃત્તિના તેઓ પુરોધા હતા. તેમ લંડનના 'ઇન્ડિયા હાઉસ'નાં ચિત્રો હિંદી કલાકારો પાસે જ કરાવવાનો યશ પણ તેમને ફાળે જાય છે.

૧૯૩૬માં 'રૉયલ કૉલેજ ઑવ આર્ટ'ના આચાર્યપદેથી અમુક મતભેદને કારણે તેમણે રાજીનામું આપ્યું.

ઈ. ૧૯૪૫ની ૧૪મી ફેબ્રુઆરીએ તેમનું અવસાન થયું. તેમણે આત્મકથનાત્મક ત્રણ સચિત્ર ગ્રંથો બહાર પાડયા છે: 'મૅન ઍન્ડ મેમ્વર્સ' (બે ભાગ) અને 'સિન્સ ફિફ્ટી'. તેમના પુત્ર સર જ્હૉન રૉધેન્સ્ટાઇને પણ કલા-વિષય પર અનેક પુસ્તકો લખ્યાં છે.

પ્રસંગવિશેષ : અફઘાન વિગ્રહમાંથી પાછો ફરેલો અંગ્રેજ, ૧૩ જાન્યુ. ૧૮૪૨

સિંધ, પંજાબ, ચિત્રાલ અને અફઘાનિસ્તાનને પોતાની હકૂમતમાં ભેળવી દેવા ઘણા વખતથી અંગ્રેજો ટાંપી રહ્યા હતા. તેમણે રશિયા વિરુદ્ધ અફઘાનોની મૈત્રી મેળવવાના બહાના તળે લેફ્ટેનન્ટ બર્ન્સને એ પ્રદેશોના નકશા કરી લેવા ત્યાં મોકલેલો. ત્રણ વર્ષ પછી વ્યાપારી મિશનને બહાને ફરી બર્ન્સને કાબુલ મોકલવામાં આવ્યો. રણજિતસિંહે પચાવી પાડેલા પેશાવરને પાછું મેળવવામાં મદદ કરવાની શરતે અફઘાન અમીર દોસ્તમોહમ્મદે અંગ્રેજોને સહાય કરવાની તૈયારી બતાવી. પણ અંગ્રેજોએ તેની માગણી નકારવાથી બર્ન્સને પાછા ફરવું પડયું. અંગ્રેજોએ હવે નફ્ફટ થઈ અફઘાનિસ્તાન પર ચડાઇ કરી કાબુલ જીત્યું. ને દોસ્તમહમ્મદને કેદ કર્યો. આ સમગ્ર યોજનાનો મુખી મૅકનૉટન હતો. જીતના તોરમાં અંગ્રેજો હવે દરેક બાબતમાં માથું મારી રંજાડ વધારવા લાગ્યા. બીજી બાજુ દોસ્તમોહમ્મદનો પુત્ર અકબરખાં હજી યે અંગ્રેજો સામે લડતો હતો. અંગ્રેજો પાસેથી દગો, બેઈમાની, લૂંટ, હત્યા અને સ્ત્રીઓની બેઈજ્જતી સિવાય કંઇ જ નહિ પામનાર પ્રજાએ પણ આખરે સંગઠન કરી લીધું. અંગ્રેજના કઠપૂતળા શાહશુજાને તેમણે મારી નાખ્યો. બર્ન્સને ને મૅકનૉટનને પણ પૂરા કર્યા. બાજી હવે અંગ્રેજોના હાથમાં નહોતી રહી. પોતાની સ્થિતિ સમજી ગએલા અંગ્રેજ સૈન્યે હિંદુસ્તાનમાં પાછા ચાલ્યા જવા દેવાની અકબરખાં પાસે માગણી કરી ને દોસ્તમોહમ્મદને છોડી મુકાવવાની બાંહેધરી આપી. સ્ત્રીઓ સાથે કેટલાક અંગ્રેજ અમલદારોને બાનમાં રાખી અકબરખાંએ અંગ્રેજોને જવાની છૂટ આપી. પણ પ્રજા એમના અત્યાચારો નહોતી ભૂલી. અંગ્રેજોને વીણી વીણીને અફઘાનોએ પોતાનું વેર વાળવા માંડયું. અફઘાનિસ્તાનને પચાવી પાડવા ગએલી સોળ હજારની એ વિશાળ સેનામાંથી એક—માત્ર એક જ અંગ્રેજ ડૉ. બ્રાઇડન જીવતો જલાલાબાદ પહોંચ્યો (૧૩મી જાન્યુઆરી, ૧૮૪૨). વિજયના મદમાં છકેલા અંગ્રેજોને અફઘાનોએ લગાવેલી આ થપ્પડનો ચચરાટ ઢાંકવા તે પછી એમને અનેક નવાં નાટકો કરવાં પડેલાં.

આગળ સૌથી આંખ છે, પાછળ રહિયા કાન;
જે દેખ્યું હો આંખથી, તે તું સાચું માન.

'પ્રજાબંધુ' પત્રે 'જૈન સમાચાર' પર માંડેલા માનહાનિના દાવા વખતે ફરિયાદી ભગુભાઈ કારભારીને જ્યારે આરોપી વાડીલાલ મો. શાહની સામે અમુક પુરાવાઓ રજૂ કરવા માટે 'જૈન હિતેચ્છુ'નો એક જૂનો અંક માંગી કિમતે પણ નથી મળી શકતો એવી હકીકત જ્યારે રજૂ થઇ ત્યારે વા. મો. શાહે ખુદે પોતાની ફાઈલ તોડીને પણ એ અંક લાવી આપ્યો, ને કહ્યું કે 'આ તો સજ્જનથી લડાઇ છે.'

અનેકાર્થી શબ્દ : તંત્ર=વ્યવસ્થા કે પ્રબંધ; અધીનતા; ઉદ્દેશ્ય; ઉપાય; એ નામનું ઉપાસના શાસ્ત્ર; કાવ્યશાસ્ત્રનો એક અલંકાર; કોયડો; યુક્તિ; ભાવ; સંપત્તિ; લગામ; વણકર; સોગન; વર્ગ કે શ્રેણિ; કુળ કે વંશ; ઘર; એક પ્રકારનો હોમ; ઓષધિ; કાવતરું; ધી; સમુદાય; દોરો કે તાંતણો; વસ્ત્ર કે કપડું; વણવાની શાળ; બેવડા અર્થવાળો પ્રયોગ; રાજકારભાર; વેદની એક શાખા; હેતુ કે કારણ; સુખ; સુગંધ; સ્વરૂપ; સિદ્ધાંત; ત્રાંબાનું; મુખ્ય.

કહેવતના અર્થ : 'વાડ થઈ ને ચીભડાં ગળે' ઉત્પાદક જ જેમાં ચોરી કરતો હોય, ન્યાયાધીશ પોતે જ લાંચ લેતો હોય, જેના તરફથી ટેકા કે રક્ષણની અપેક્ષા હોય તે જ રંજાડતો હોય તેવાં સામાજિક દૂષણોનો સચોટ ચિતાર આપતી આ અને આવી બીજી કહેવતો કવિ અખા ભગતે પોતાના છપ્પામાં ગૂંથી છે :

વાડ થઈ ને ચીભડાં ગળે
સોંધી વસ્તુ ક્યાંથી મળે?
ખળું ખાતું હોયે જો અન્ન
તો જીવે નહિ એકે જન;
નાવણ પીતું હોયે નીર
જીવજંતુ કયમ ધરે શરીર?

ખોટી માન્યતા : આપણામાં ગેરસમજ કે અજ્ઞાનથી કેટલીક ખોટી માન્તાઓ પ્રચલિત થઈ છે. દાખલા તરીકે 'વીજળી એક ઠેકાણે બે વખત કદી નથી પડતી' એવી માન્યતાને ભરોસે કેટલાકે જાન પણ ગુમાવ્યા છે. વસ્તુતઃ તો જે વસ્તુ પર વીજળી પડે તે વધારે વિદ્યુતવાહક બની જાય છે.

પાણી, મેથિલેટેડ સ્પિરિટ ને પૅરેફિન સરખે ભાગે લઇને શીશીમાં સારી પેઠે હલાવી નાખવું. ચીંથરા વડે બારીઓને લગાડી કોરા કપડાથી સાફ કરવાથી ચમક આવશે.

૩૭ ('કુમાર' અંક ૪૫૭)

૪૩ અક્ષરની નવી એ બી સી ડી

ગયા સપ્ટેમ્બરથી બ્રિટિશ નિશાળોમાં ઉચ્ચારાનુસારનો નવો કક્કો (એબીસીડી) શીખવવાનો એક પ્રયોગ શરૂ થયો છે. (જુઓ નીચેનું ચિત્ર) એમાં X અને Q બાદ કરીને મૂળના ૨૪ રાખીને તથા ૧૯ બીજા નવા રચીને ઉમેરીને કુલ ૪૩ મૂળાક્ષરો કર્યા છે. વિદ્યાર્થીઓ શબ્દોની મૂળ જોડણી (સ્પેલિંગ) સમજતા થાય એ પહેલાં યે તે સરળતાથી વાંચી શકે એ આ પ્રયોગનો હેતુ છે. એના યોજકોનું કહેવું છે કે આ નવી યોજનામાં તેમણે અક્ષરોના ઉચ્ચારની ૨૦૦૦ જેટલી વિવિધતાને ૮૮ જેટલી સંખ્યા સુધી ઘટાડી નાખી છે.

helpig the bliend man

log agœ thær livd a bliend man. hee livd whær trees and flouers groo; but the bliend man cood not see the trees or flouers.

the poor man had too feel the wæ to gœ with his stick. tap-tap-tap went his stick on the rœd. hee waukt slœly.

૪૩ મૂળાક્ષરોવાળા નવા કક્કામાં 'જીસસ ધ હેલ્પર' નામક પાઠ્યપુસ્તકનું એક પાનું

૧૧નો વર્ગ ૧૨૧
૧૧૧નો „ ૧૨૩૨૧
૧૧૧૧નો „ ૧૨૩૪૩૨૧
૧૧૧૧૧નો „ ૧૨૩૪૫૪૩૨૧
૧૧૧૧૧૧નો „ ૧૨૩૪૫૬૬૪૩૨૧

આ ગણિત-ગમ્મતની ખૂબી જોઈ? ૧૧ના બે અંકનો સરવાળો ૨, એ જ એના વર્ગના આંકડાઓની વચ્ચે આવે છે. ૧૧૧નો સરવાળો ૩ તે જ તેના વર્ગના આંકડાઓની વચ્ચે આવે છે; ને એમ છક સુધી બન્યા કરવા સાથે બીજી ખૂબી એ છે કે એ વચ્ચે આવતા આંકડાની આગળના ભાગમાં ૧ થી શરૂ થતા આંકડા સવળા ક્રમાંકે, અને તેની પાછળના ભાગમાં એ જ આંકડા અવળા ક્રમાંકે આવે છે.

સ્ત્રીએ શક્ય તેટલી ઝડપથી પરણી જવું જોઇએ, અને પુરુષે બને ત્યાં સુધી પરણવું ન જોઇએ.
(બર્નાર્ડ શૉ)

કાનમાં તેલ નાખતા રહેવાથી નાકનાં દર્દો નથી થતાં, આંખોનું તેજ વધે છે. ને ઊંઘ પણ સારી આવે છે



કલાકણિકા: બસ્તર જિલ્લા મધ્ય હિંદની નારાયણપુર તેહસિલના આદિવાસી મુરિયાઓની તમાકુની દાબડી



મા : અરે બાબા, તેં તારા બાપુજીને દોરડાથી બાંધી કેમ દીધા?

પુત્ર : આ તો આજે અમારા સ્કાઉટના માસ્તરે દુશ્મનને કેમ બાંધી દેવો તેની તરકીબ બતાવી હતી એટલે પ્રૅક્ટીસ કરું છું.

મા : હવે પ્રૅક્ટીસવાળા! છોડી નાખ!

પુત્ર : પણ બા, કેવી રીતે છોડું? બાંધ્યા પછી એની ગાંઠ કેમ છોડવી એ તો માસ્તર આવતી કાલે શીખવવાના છે. (ચિત્રલેખા)

શતરંજ (અનુસંધાન પૃષ્ઠ ૨૯થી)

બીજી જગ્યાએ મૂકો ને હાથ ઉપાડી લ્યો ત્યારે જ ચાલ પૂરી થઈ ગણાય. હાથ એ મ્હોરાને અડકેલો જ રહે તે દરમ્યાન તમે વિચાર બદલી શકો ખરા, પણ મ્હોરું તો એ જ ચાલવાનું.

રમત દરમ્યાન, નિયમોની વિરુદ્ધની કોઇ ખોટી ચાલ ચલાઇ જાય તો તે ચાલ પહેલાં રમતની જે સ્થિતિ હોય એ સ્થિતિથી જ રમત આગળ ચાલી શકે. કદાચ એ સ્થિતિ નક્કી ન થઈ શકે તો રમાએલી આખી રમત રદ ગણી નવેસરથી રમત રમવી જોઇએ.

સમય મર્યાદા: ઘણું ખરું પહેલી ૪૦ ચાલને માટે અઢી કલાક અને પછીની દરેક ૧૬ ચાલ માટે એકેક કલાક. આ સમય માપવા માટે ખાસ પ્રકારનાં ઘડિયાળો (Chess-clocks) આવે છે. તેમાં બે સ્ટૉપવૉચ હોય છે. એની રચના એવી હોય છે કે એક ઘડિયાળ ચાલે ત્યારે બીજી બંધ થઈ જાય છે. જે ખેલાડી પોતાની ચાલ ચાલવા માટે વિચારી રહ્યો હોય તેની ઘડિયાળ ચાલતી રહે છે. તે ચાલ ચાલી રહે ત્યારે બટન દબાવી દે એટલે સામા પક્ષની ઘડિયાળ ચાલવા લાગે છે ને પોતાની બંધ થઈ જાય છે. આથી કોઈની ઘડિયાળમાં અઢી કલાક થઈ જાય અને તે ૪૦ ચાલ ચાલ્યો ન હોય તો તે હાર્યો ગણાય. પછી ભલેને તે પછીની બે જ ચાલમાં સામા પક્ષને મ્હાત કરી શકે તેમ હોય.

ટુર્નામેન્ટમાં રમવા માટેની લાયકાત: ભારતમાં શતરંજની પ્રવૃત્તિનું નિયામક મંડળ છે 'ઑલ ઇન્ડિયા ચેસ ફેડરેશન'. આને માન્ય એવા ૧૬ પ્રાંતીય એસોસીએશન છે. (ક્યાંક એક પ્રાંતમાં બે પણ છે.) આ બધા મંડળો પોતપોતાની હરીફાઈ યોજીને રાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે ચાર ચાર ખેલાડી મોકલી શકે છે. આ રીતે ગુજરાત તરફથી આ વખતે સર્વશ્રી મહમ્મદ ઈશાક, ભટ્ટ, ત્રિવેદી અને દવેએ ભાગ લીધો છે. આ ઉપરાંત આગલી ટુર્નામેન્ટમાં પહેલા સાત આવેલા ખેલાડીઓ પણ સીધા રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમી શકે છે. વળી, કોઈ પ્રાંતમાં એસોસીએશન ન હોય તો ત્યાંના ખેલાડીઓને ટુર્નામેન્ટ કમિટી રમવાની પરવાનગી આપી શકે છે. આ ગઈ ટુર્નામેન્ટમાં એવા ત્રણ ખેલાડી હતા. લગભગ ૭૦ ઉપરાંત રમનારાઓએ આ વખતે હરીફાઈમાં ભાગ લીધો હતો.

ઈ.૧૯૫૫માં આપણી પહેલી રાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમાઈ હતી. ત્યારથી દર બે વર્ષે એ રમાય છે. તેના વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે:

૧૯૫૫–રામચંદ્ર સપ્રે અને ડી. વેન્કટયા, ૧૯૫૭–રામદાસ ગુપ્તા, ૧૯૫૯–મેન્યુઅલ આરન ને ૬૧માં ફરી મેન્યુઅલ આરન. (ચાલુ)

(અનુસંધાન મુખચિત્ર પાછળથી)
એમાં પણ સર્વત્ર, આપણને જે સામાન્ય રીતે અપેક્ષિત હોય તેવું સાદશ નિરૂપણ તો નથી જ હોતું. એમાંયે 'ઇમ્પ્રેશનિઝમ' ('એક્સ્પ્રેશનિઝમ' કહેવું હોય તો કહી શકાય) અને વધારામાં થોડું ભાત-શોભન (ડિઝાઇનિંગ)નું તત્ત્વ હોય છે. દા.ત. પાછલા ચિત્રમાં ઝાડોનાં પાંદડાંનું નિરૂપણ જુઓ. કોઈ ઝાડનાં પાંદડાં એ રીતે વ્યવસ્થિત 'ગોઠવાએલાં' હોતાં નથી; અને છતાં એ પ્રત્યેક ઝાડ એકબીજાથી નિરાળું હોવાનું નિજી વ્યક્તિત્વ ધરાવે છે—આપણે ઓળખી શકીએ એવું. મૂળ કૃતિના કદમાં જ રજૂ થએલા એ ચિત્રમાં ઉપલે ખૂણે કૃષ્ણ પોતાના શિષ્ય-મિત્ર ઉદ્ધવને કહે છે કે તમે વ્રજમાં જઈને મારા વિરહથી પીડાતી ગોપીઓને યોગ અને અલખ પૂર્ણબ્રહ્મનું જ્ઞાન આપો કે જેથી મારો મોહ વિસારીને તે સાચું આશ્વાસન પામે." બાકીના શેષ ચિત્રમાં વ્રજના વાતાવરણમાં એ ગોપીઓનું નિરૂપણ છે. (પાંચરંગી બ્લૉકો: મુંબાઈના મુકુંદ આયર્ન વર્ક્સના ઋણ-સૌજન્યથી)



'દેવદાસી' શિલ્પ: અમૃતલાલ કા. સોમપુરા ગુજરાત રાજ્યના બીજા કલા-પ્રદર્શનમાં પારિતોષિક મેળવનાર કૃતિ










આ માસ (જાન્યુઆરી)માં સૂરત ખાતે ભરાએલા ગુજરાત રાજ્યના બીજા કલા પ્રદર્શનમાં રજૂ થએલી કેટલીક 'મૉડર્ન' શિલ્પકૃતિઓ


राग बिहाग ॥ ऊधो ब्रजको गमन करो ॥ मेरेबिना बिरहनी गोपिका तिनको दुष
हरो ॥ योग ग्यान परबोधि सबनको जौ सुष पावैंनारी ॥ पुरण ब्रह्म प्रलष परचो
कारीडारौ मोही बिसारी ॥ सषा प्रविन हमारे हो तुम याते थापी जाओ कष्ट हरो ॥

પ્રાચીન અને અર્વાચીન બંને કલાઓની કૃતિઓ અહીં એકબીજાની પાછળ આપી છે. સામે છે, તે સૂરતમાં આ માસમાં ભરાએલા ગુજરાત રાજ્યના બીજા કલાપ્રદર્શનમાં રજૂ થએલું શ્રી જનુભાઈ ગુણવંતરાય રાવળનું અદ્યતન (મૉડર્ન) શૈલીનું શિલ્પ 'સરાણિયો'. વાચકો હવે તો સમજે છે તે પ્રમાણે આ મૉડર્ન કલાઓમાં વિષયનું નિરૂપણ આબેહૂબ—જેવું આપણને દેખાય છે તેવું સાદશ નહિ પણ મનઃપ્રદેશમાં એ જોએલા વિષયની જેવી છાપ પડે અગર કોઈ વિષયની આપણને આવેલી ઊર્મિ, કલ્પના કે અનુભૂતિનું જે ધૂંધળું સ્વરૂપ ધ્યાનપ્રદેશમાં બંધાય તેનું એવું જ ધૂંધળું આદિસ્વરૂપ (સાદશનિરૂપણની બધી કાબેલિયતને અળગી કરીને), કોઇ બાળક જેમ પોતાના મનની છાપ ઉતારવા હાથને મુક્ત વિહાર કરાવે છે તેવી રીતે, થાય છે. 'ઈમ્પ્રેશનિઝમ' ને 'એક્સ્પ્રેશનિઝમ' (આપણે એને 'અનુભૂતિવાદ' અને 'અભિવ્યક્તિવાદ' કહીશું?)ના નામે ઓળખાતી બ શૈલીઓથી એ 'મૉડર્ન' કલાની યુરોપમાં શરૂઆત થઈ, એમ જાડી રીતે કહેવું હોય તો કહી શકાય. એ શૈલીમાં વિષયની પોતાને અનુભૂત યા અભિપ્રેત ક્રિયા કે ભાવનું નિરૂપણ સ્વપ્નિલ હોય, કે તેનું અતિક્રમણ કરેલું હોય: જેમ આ સામેના શિલ્પમાં થયું છે તેમ. વસ્તુતઃ સરાણિયો આવો હોતો નથી; પણ તેની એ વખતની ક્રિયા જ માત્ર આમાં નિરૂપી છે, એનાં નાક-કાન આંખ-આંગળાં કે સજવાની વસ્તુ સુદ્ધાંને ઉડાવી દઈને—અને એનાં અંગોની સ્વાભાવિકતાને અતિક્રમીને.

◖ પાછળ આપેલું પ્રાચીનકલાનું રંગચિત્ર રાજસ્થાની-મેવાડી શૈલીમાં સત્તરમી સદીના ઉત્તરકાળમાં આલેખાએલી 'રાગમાળા'માં બિહાગ રાગનું છે. ભારતીય ચિત્રકળામાં અજંટાની પરંપરાએ ચાલેલી રાજસ્થાની (રાજપૂત) શૈલી, મુઘલ આશ્રયે ઈરાનીના મિશ્રણમાં ખીલેલી મુઘલ શૈલી, તેને પગલે હિમાલયની તળેટીનાં પહાડી રાજ્યોને આશ્રયે વિકસેલી લાવણ્યભરી 'પહાડી' શૈલી તેમજ તેના સ્વરૂપાનુસંધાને પૂર્વ કે દખ્ખણ ભારતમાં ફાલેલી ચિત્રશૈલી-

(અનુસંધાન: છેલ્લા પાના સામેની આની જ આટે પટ્ટીની પાછળ)

